

પેજ-08

'આ સાલો મરતાં મરતાં પણ મને હેરાન કરતો ગયો'.....


# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


પેજ-09

યુઝવેન્દ્ર ચહલની માન્ચેસ્ટર યુનાઈટેડ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 23.00 |
| સુરત | 36.00 | 23.00 |

પેજ 5



સેન્સેક્સમાં 900 તો નિફ્ટીમાં 300 પોઇન્ટથી વધુની જોરદાર રિકવરી

10 OCTOBER-2026 SUNDAY

અંબાણી ભારતના અસલી બોસ છે કે કેમ મસ્કનો સવાલ....



પેજ 10

.....સુવિચાર.....

લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે, સફળતા શરમથી નહીં સાહસથી જ મળશે!

વર્ષ-15 । અંક-326 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## દર મહિને 300 યુનિટ મફત વીજળી આપવાની સાથે તમામ જૂના બાકી બિલ માફ કરીશું- અરવિંદ કેજરીવાલ

# ગોવાને મફત વીજળી સહિત કેજરીવાલની છ ગેરંટી, પરિવર્તન માટે તૈયાર

(એજન્સી) ગોવા | તા. 09

આમ આદમી પાર્ટીના નેતૃત્વમાં પરિવર્તન માટે તૈયાર ગોવાને અરવિંદ કેજરીવાલે દર મહિને 300 યુનિટ મફત વીજળી આપવા સહિત 6 મોટી ગેરંટી આપી છે. પણજીમાં આયોજિત એક સભામાં પોતાની ગેરંટીઓની જાહેરાત કરતાં તેમણે કહ્યું કે ''આપ'' સરકાર વીજળીના બાકી બિલ પણ માફ કરશે. તમામ મહિલાઓને દર મહિને 3 હજાર રૂપિયા આપવાની સાથે બસોમાં મુસાફરી મફત કરશે. દરેક પરિવારને 10 લાખનું આરોગ્ય વીમા કવચ અને દરેક ગામમાં પ્લે ગ્રાઉન્ડ બનાવશે. સાથે જ, બૂથ સ્તરે લોકલ મેનિફેસ્ટો બનાવીને દરેક નાની-મોટી સમસ્યાનું સમાધાન કરશે. તેમણે કહ્યું કે આ કેજરીવાલની ગેરંટી છે, જે ક્યારેય તૂટતી નથી. અમે દિલ્હી અને પંજાબમાં અમારી તમામ ગેરંટી પૂરી કરીને બતાવી છે, ગોવામાં પણ તમામ ગેરંટી પૂરી કરીને બતાવીશું.




**ગોવા પરિવર્તનની માંગ કરી રહ્યું છે :** અરવિંદ કેજરીવાલે પણજીમાં સભાને સંબોધિત કરતાં કહ્યું કે આજે ગોવા પરિવર્તનની માંગ કરી રહ્યું છે. ભાજપ અને કોંગ્રેસ બંનેની રાજનીતિથી ગોવાના લોકો પરેશાન થઈ ચૂક્યા છે. લોકો કોંગ્રેસને વોટ આપે છે કારણ કે તેમને ભાજપ પસંદ નથી, પરંતુ કોંગ્રેસને વોટ આપ્યા પછી કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાઈ જાય છે અને જેમની વિરુદ્ધ લોકોએ વોટ આપ્યા હતા તેમની જ સરકાર બનાવી દે છે. તેથી કોંગ્રેસને વોટ આપવાનો અર્થ ભાજપની સરકાર બનાવવાનો છે. તેનાથી કોઈ ફાયદો નથી. બીજી તરફ, ભાજપને વોટ આપવાનો અર્થ છે ભ્રષ્ટાચાર, તૂટેલા રસ્તાઓ, પાણીની અછત અને લાંબા-લાંબા પાવર કટ.

**દરેક પરિવારને 10 લાખનું આરોગ્ય વીમા કવચ :** દવાઓ, ટેસ્ટ અને હોસ્પિટલમાં દાખલ થવા સહિતનો સંપૂર્ણ ખર્ચ સરકાર આપે છે. ગોવામાં પણ આમ આદમી પાર્ટીની સરકાર બનવા પર આ જ હેલ્થ ઈન્શ્યોરન્સ પોલિસી લાગુ કરવામાં આવશે.

અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે બીજી ગેરંટી મહિલાઓ માટે મફત બસ મુસાફરીની છે. મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોના લોકો બસોમાં મુસાફરી કરે છે. દિલ્હી અને પંજાબમાં અમે મહિલાઓ માટે બસનું ભાડું મફત કરી દીધું છે. હવે પંજાબમાં કોઈપણ બસમાં મહિલાઓએ ટિકિટના પૈસા આપવા પડતા નથી. જો ગોવામાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે, તો અહીં પણ મહિલાઓ માટે બસ મુસાફરી સંપૂર્ણપણે મફત કરવામાં આવશે.ત્રીજી ગેરંટી આપતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે જો કોઈ વ્યક્તિ ગંભીર રીતે બીમાર થાય છે અને જીએમસી (ગોવા મેડિકલ કોલેજ) જાય છે, તો ત્યાં સારવારની સ્થિતિ ખૂબ ખરાબ છે. ડૉક્ટરો દર્દીઓની વાત સાંભળતા નથી, મશીનો કામ કરતી નથી અને ઓપરેશન માટે ઘણા-ઘણા મહિનાઓ પછીની તારીખ મળે છે. જો લોકો ખાનગી હોસ્પિટલોમાં જાય છે, તો લાખો રૂપિયાનું બિલ આવી જાય છે. તેનાથી વિપરીત, પંજાબમાં અમે દરેક પરિવારને 10-10 લાખ રૂપિયાનું હેલ્થ ઈન્શ્યોરન્સ આપ્યું છે. પરિવારમાં કોઈપણ બીમાર પડે તો તે ઈન્શ્યોરન્સ કાર્ડ લઈને કોઈપણ મોટી ખાનગી હોસ્પિટલમાં જઈ શકે છે, જ્યાં વાર્ષિક 10 લાખ રૂપિયા સુધીની સંપૂર્ણ સારવાર મફત થાય છે.અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે ગોવામાં ભાજપની પ્રમોદ સાવંત સરકાર દીન દયાલ સ્વાસ્થ્ય સેવા યોજના (ડીડીએસએસવાય) ચલાવે છે, પરંતુ તે માત્ર એક નકલી કાર્ડ છે, જેના માટે 300 રૂપિયા લેવામાં આવે છે. બૂથ મીટિંગ દરમિયાન એક મહિલાએ મને જણાવ્યું કે તેમના ઘરમાં કોઈનું ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન થયું હતું, જેમાં 2.5 લાખ રૂપિયાનો ખર્ચ આવ્યો હતો, પરંતુ સરકારે ડીડીએસએસવાય હેઠળ માત્ર 25,000 રૂપિયા આપ્યા. 2.5 લાખમાંથી 2.25 લાખ રૂપિયા દર્દીએ પોતે ભરવા પડ્યા, તો આવી યોજનાનો શું ફાયદો? તેનાથી વિપરીત, પંજાબમાં દવાઓ, ટેસ્ટ અને હોસ્પિટલમાં દાખલ થવા સહિતનો સંપૂર્ણ ખર્ચ સરકાર આપે છે. ગોવામાં પણ આમ આદમી પાર્ટીની સરકાર બનવા પર આ જ હેલ્થ ઈન્શ્યોરન્સ પોલિસી લાગુ કરવામાં આવશે. ચોથી ગેરંટી આપતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે ગોવા સરકારની ગૃહ આધાર યોજના એટલી જટિલ છે કે તેમાં અસંખ્ય શરતો મૂકી દેવામાં આવી છે. જો ઘર અથવા ગાડી હશે તો લાભ નહીં મળે અને પરિવારમાં માત્ર એક જ મહિલાને તેનો લાભ મળશે, જેના કારણે ખૂબ ઓછી મહિલાઓને તેનો લાભ મળી શકે છે. પંજાબમાં અમે આ જ યોજના લાગુ કરી છે. ત્યાં એક પરિવારમાં માતા, પત્ની, બહેન અથવા દીકરી, ચારેયને તેનો લાભ મળે છે. આ યોજના અમીરો, ગરીબો, હિન્દુઓ, ખ્રિસ્તીઓ, મુસ્લિમો, બ્રાહ્મણો અને એસસી, બધાને મળે છે. 18 વર્ષથી વધુ ઉંમરની દરેક મહિલાને તેનો લાભ મળે છે. ગોવામાં આમ આદમી પાર્ટીની સરકાર બનવા પર પણ 18 વર્ષથી વધુ ઉંમરની દરેક મહિલાના બેંક ખાતામાં દર મહિને 3,000 રૂપિયા જમા કરવામાં આવશે. પાંચમી ગેરંટી આપતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે ગોવાના બાળકોમાં રમતો પ્રત્યે ખૂબ રસ છે અને તેઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ રાજ્યમાં રમવા માટે મેદાનો નથી અને જે મેદાનો છે, તેમની હાલત અત્યંત ખરાબ છે. પંજાબમાં અમારી સરકારે દરેક ગામમાં શાનદાર રમતનાં મેદાનો બનાવડાવ્યાં છે, જ્યાં ફૂટબોલ, ક્રિકેટ, વૉલીબૉલ જેવી રમતોની સુવિધા છે અને રમતોનો તમામ સામાન સરકાર ઉપલબ્ધ કરાવે છે. એ જ રીતે ગોવાના પણ દરેક ગામ અને દરેક વોર્ડમાં એક-એક રમતનું મેદાન બનાવવામાં આવશે, જેથી યુવાનો રમી શકે અને ગોવાનું નામ દેશ તથા દુનિયામાં રોશન કરી શકે.અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે આમ આદમી પાર્ટીના કાર્યકરો દરેક ગલી અને મહોલ્લામાં જશે અને જનતાની સાથે બેસીને સ્થાનિક સમસ્યાઓના આધારે વોર્ડ અને બૂથ સ્તરનો લોકલ મેનિફેસ્ટો તૈયાર કરશે. વિસ્તારની નાનામાં નાની સમસ્યા લખીને ધારાસભ્ય બન્યા પછી તેનું સમાધાન કરાવવામાં આવશે. કોંગ્રેસને વોટ આપવાનો અર્થ છે કે તે ભાજપની સરકાર બનાવશે અને ભાજપને વોટ આપવાનો અર્થ છે કે જનતાનું કોઈ કામ નહીં થાય અને માત્ર ભ્રષ્ટાચાર થશે. જ્યારે આમ આદમી પાર્ટીને વોટ આપવાથી મફત વીજળી, 10 લાખ રૂપિયાનું હેલ્થ ઈન્શ્યોરન્સ અને મહિલાઓ માટે મફત બસ મુસાફરી જેવા અનેક લાભ મળશે.

# ભાજપનો શાનદાર અને ઐતિહાસિક વિજય: PM

(એજન્સી) નવી દિલ્હી | તા. 09

ચાર રાજ્યોમાં યોજાયેલી લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીના પરિણામો શુક્રવારે જાહેર કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પરિણામો અંગે તેમનું પ્રથમ નિવેદન આપ્યું છે અને જણાવ્યું છે કે આ જનાદેશ પક્ષને વધુ મજબૂત બનાવશે. ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો અને એક લોકસભા બેઠક માટે પરિણામો જાહેર કરવામાં આવી રહ્યા છે. આ પેટાચૂંટણીઓ પશ્ચિમ બંગાળની રેજીનગર અને નંદીગ્રામ વિધાનસભા બેઠકો, પુડુચેરીની થટ્ટાંચાવડી બેઠક, તમિલનાડુની મધુરાન્થકમ અને ધારાપુરમ બેઠકો તથા આસામની નાગાંવ લોકસભા બેઠક માટે યોજાઈ હતી. ભાજપે નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા બેઠકો જીતી લીધી છે. આ ઉપરાંત, પક્ષ નાગાંવ લોકસભા મતવિસ્તારમાં પણ જીત તરફ આગળ વધી રહ્યો છે.




**લોકો સુશાસનના એજન્ડા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે - મોદી**

પેટાચૂંટણીમાં ભાજપના શાનદાર પ્રદર્શન પર ટિપ્પણી કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "લોકોના સતત આશીર્વાદ બદલ તેમનો આભાર. નાગાંવ (આસામ) લોકસભા ચૂંટણી અને નંદીગ્રામ તથા રેજીનગર (પશ્ચિમ બંગાળ) વિધાનસભા ચૂંટણીના પરિણામો ફરી એકવાર દર્શાવે છે કે લોકો ભાજપ-એનડીએ (BJP-NDA) ના સુશાસનના એજન્ડા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે. હું વિજયી ભાજપ ઉમેદવારોને અભિનંદન આપું છું અને અમારા પક્ષના કાર્યકરોની સખત મહેનતની પ્રશંસા કરું છું."

### ■ આ જનાદેશ અમને વધુ મજબૂત બનાવશે – વડાપ્રધાન

PMએ ઉમેર્યું, 'હું પુડુચેરીની થટ્ટાંચાવડી બેઠક પર જીત મેળવવા બદલ અમારા મુખ્ય એનડીએ સહયોગી પક્ષ AINRC ને પણ અભિનંદન આપું છું. આ જનાદેશ અમને વધુ મજબૂત બનાવશે કારણ કે અમે લોકોના કલ્યાણ માટે અને બહેતર તથા સમૃદ્ધ ભવિષ્ય માટેની તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું.' કોણ ક્યાં જીત્યું? ઉલ્લેખનીય છે કે ભાજપના હંસીરાની રાથે પશ્ચિમ બંગાળની નંદીગ્રામ વિધાનસભા બેઠક 1,22,753 મતોના રેકોર્ડ અંતરથી જીતી છે. ભાજપના ઉમેદવાર શંકરવ સરકારે રેજીનગર વિધાનસભા બેઠક 75,816 મતોથી જીતી છે. નાગાંવ લોકસભા મતવિસ્તારમાં ભાજપના દેબાશિષ શર્મા જંગી સરસાઈ ધરાવે છે અને વિજય તરફ આગળ વધી રહ્યા છે.

# INS માંગરોળ ભારતીય નૌકાદળમાં થશે સામેલ

## દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે ઐતિહાસિક સીમાચિહ્ન

(એજન્સી) મુંબઈ | તા. 09

INS માંગરોળ 12 ઓક્ટોબર 2026ના રોજ મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા નિર્મિત આ ત્રીજું સ્વદેશી એન્ટી-સબમરીન વોરફેર શૈલો વોટર ક્રાફ્ટ (ASW-SWC) છે, જે ભારતીય દરિયાઈ તટીય સુરક્ષાને વધુ મજબૂત બનાવશે. વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ વાઈસ એડમિરલ સંજય વત્સાયન આ સમારોહની અધ્યક્ષતા કરશે. આ કાર્યક્રમમાં નૌકાદળ અને સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, કોચીન શિપયાર્ડના પ્રતિનિધિઓ, પૂર્વ સૈનિકો અને સ્વદેશી હથિયાર ઉત્પાદકો ભાગ લેશે. આ યુદ્ધપોતનું નામ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના દરિયાકાંઠાના પ્રખ્યાત મત્સ્યઉદ્યોગ બંદર ધરાવતા માંગરોળ શહેર પરથી રાખવામાં આવ્યું છે. અગાઉનું 'INS માંગરોળ' 2004 સુધી માઈનસ્વીપર તરીકે નૌકાદળમાં સેવા આપી ચૂક્યું હતું. નૌકાદળ તેના નામાભિધાન દ્વારા પોતાની જૂની વિરાસતને આગળ ધપાવી રહ્યું છે. INS માંગરોળમાં 80 ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનનું એક જીવંત ઉદાહરણ છે. કોચીન શિપયાર્ડે આ જહાજનું ડિઝાઈન અને નિર્માણ કર્યું છે, જે ભારતની યુદ્ધપોત બનાવવાની ક્ષમતા સાબિત કરે છે. આ જહાજ ત્રણ ડીઝલ એન્જિન અને વોટરજેટ પ્રોપલ્શન સિસ્ટમથી ચાલે છે, જેથી તે છીછરા પાણીમાં પણ સરળતાથી કામ કરી શકે છે. તે દરિયાની અંદર નિરીક્ષણ, ઓછા તીવ્રતા વાળા દરિયાઈ અભિયાનો અને માઈન વોરફેર જેવા કાર્યો કરવા માટે સક્ષમ છે. જ્યાં મોટા યુદ્ધપોત તટીય વિસ્તારોમાં મર્યાદિત થઈ જાય છે, ત્યાં આ જહાજ ખૂબ જ અસરકારક સાબિત થશે.





SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા અને હેમંત ખવાની ઉપસ્થિતિમાં ભાડથર ખાતે AAP ઉમેદવાર વીરુભાઈ કંડોરિયાના સમર્થનમાં ખેડૂતોની જંગી જનસભા યોજાઈ

## રાજ્યમાં ૫૪ લાખ ખેડૂતો અને ૧.૨૦ કરોડ મજૂરોનો અવાજ સાંભળનાર કોઈ નથી : ચૂંટણી પૂર્ણ થતાં જ નવી ૧૦ કંપનીઓ દ્વારા જમીન સંપાદન અને લાઈનો નાખવાની તૈયારીઓ : વર્ષ ૨૦૨૭ માં ગુજરાતના તમામ ખેડૂતો, માલધારીઓ અને મજૂરોને એકજૂથ કરવાનો દ્રઢ સંકલ્પ : ઈસુદાન ગઢવી...



અમદાવાદ | ભાડથર ખાતે આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુભાઈ કંડોરિયાના સમર્થનમાં એક ભવ્ય જનસભા યોજાઈ હતી, જેમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ધારાસભ્ય હેમંત ખવા સહિતના શીર્ષ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનોએ હાજરી આપીને AAP ઉમેદવારને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું. જનમેદનીને સંબોધતા ઈસુદાન ગઢવીએ રાજ્યના ૫૪ લાખ ખેડૂતો, ૩૦ લાખ ભાગિયાઓ અને ૧ કરોડ ૨૦ લાખ મજૂરોના અધિકારો માટે અવાજ ઉઠાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ભૂતકાળના 'મહામંથન' કાર્યક્રમની યાદ અપાવતા જણાવ્યું કે જ્યારે માધ્યમોમાં ખેડૂતોના પ્રશ્નોને સ્થાન નહોતું મળતું, ત્યારે આ કાર્યક્રમે પ્રજાને જાગૃત કરી સરકારને ઝૂકવા મજબૂર કરી હતી. વધુમાં, પાક નિષ્ફળ જવાને કારણે અને આર્થિક દેવાના બોજ તળે દબાઈને આત્મહત્યા કરનારા જામનગર અને કોડીનારના ખેડૂતોના પરિવારોની દુઃખદ મુલાકાતોનો ઉલ્લેખ કરી તેમણે ખેડૂત વેદના રજૂ કરી હતી. ખેડૂતોના હિતમાં અને તેમને દુષ્કાળગ્રસ્ત રાહત અપાવવા માટે પોતે ગાંધીનગરમાં પોતાના જીવના જોખમે અનિશ્ચિત કાળના ધરણા પર બેઠા હતા તે બાબત તેમણે દોહરાવી હતી.

ભાજપ સરકાર પર પ્રહારો કરતા ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે, ખેડૂતોના દુઃખ-દર્દમાં ગાયબ રહેતા શાસક પક્ષના નેતાઓ અને દલાલો હવે ચૂંટણી આવતા જ ગાડીઓ ભરીને મત માંગવા નીકળી પડ્યા છે. તેમણે ખેડૂતોની જમીનો પરથી પસાર થતી વીજ કંપનીઓના થાંભલાઓ અને લાઈનોના મુદ્દે મોટો પર્દાફાશ કરતા જણાવ્યું કે, ચૂંટણી પૂર્ણ થતાં જ વધુ ૧૦ કંપનીઓ થાંભલા નાખવાનું કામ શરૂ કરવાની છે. ખેડૂતો પોતાના વાંધા રજૂ ન કરી શકે તે માટે જાણીજોઈને હિન્દી વર્તમાનપત્રોમાં અસ્પષ્ટ જાહેરાતો છાપવામાં આવી છે અને ચૂંટણી સુધી આ વિગતો છુપાવવાનો પ્રયાસ કરાયો છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને આપેલા 'વિષાદ યોગ' અને સત્યના માર્ગે લડવાના ઉપદેશનો દાખલો આપતા તેમણે લોકોને આ છેલ્લી તક ઝડપી લેવા આહ્વાન કર્યું હતું. તેમણે ઉમેર્યું કે આ લડાઈ માત્ર એક બેઠક પૂરતી સીમિત નથી, પરંતુ ૨૦૨૭ સુધીમાં સમગ્ર ગુજરાતના ખેડૂતો, માલધારીઓ અને શ્રમિકોને એક તાંતણે બાંધીને તેમના અધિકારો પુનઃસ્થાપિત કરવાનો મુખ્ય ધ્યેય છે. જનસભાને સંબોધતા વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૩૦ વર્ષથી આખા કાઠિયાવાડ અને ગુજરાતના ખેડૂતો પાણી અને વીજળી જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે સતત પીડાઈ રહ્યા છે. પ્રજાએ સતત ત્રણ દાયકા સુધી ભાજપને મત આપ્યા હોવા છતાં, દર વખતે ચૂંટણી આવે ત્યારે 'સૌની યોજના' કે ડેમ ભરવાના નામે જ મત માંગવામાં આવે છે. પાણી એ કુદરતી સંપત્તિ છે, પરંતુ જો સરકારે દાનત રાખીને દરેક ગામદીઠ બે-પાંચ ચેકડેમ અને ત્રણ-ત્રણ તળાવ બનાવવાની સરકારી ગ્રાન્ટ આપી હોત, તો વરસાદનું એક-એક ટીપું દરિયામાં વહી જવાને બદલે જમીનમાં ઉતરી ગયું હોત અને દર ચૂંટણીએ પાણીના નામે મત માંગવાનો મુદ્દો જ કાયમ માટે પૂરો થઈ ગયો હોત. એવી જ રીતે ખેતીની વીજળી અંગે તેમણે ખેડૂતોની વ્યથા રજૂ કરતા કહ્યું કે, ખેતરોમાં થાંભલા ઊભા હોવા છતાં કૂવા કાંઠે ખેડૂત તરસ્યો રહે છે અને પૂરતી વીજળી મળતી નથી. વારંવાર વીજળીના ઝટકા આવે છે અને ફોલ્ટ થાય છે.

# News Brief

## ભાજપનું સંકલ્પ પત્ર તદ્દન વિઝન વગરનું: પ્રવીણ રામ AAP



અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત થવા આવ્યા ત્યારે ભાજપે જાહેર કરેલા મેનિફેસ્ટો (સંકલ્પ પત્ર) મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામ અને યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ પ્રેસ કોન્ફરન્સ યોજી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોને આકરા પ્રહારોથી ઘેર્યા હતા. 'આપ' નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે સામાન્ય રીતે મેનિફેસ્ટો ચૂંટણી પ્રચારની શરૂઆતમાં જનતા સમક્ષ મૂકીને પ્રચારમાં જવાનું હોય છે, પરંતુ ભાજપે અહંકારવશ છેલ્લે છેલ્લે પ્રચાર પૂર્ણ થવાના આરે મેનિફેસ્ટો જાહેર કરીને ગાંધીનગરની જનતા પ્રત્યેની પોતાની બેદરકારી છતી કરી છે. ભાજપના આ સંકલ્પ પત્રનું અધ્યયન કરીએ તો તેની શરૂઆત અને અંત માત્ર મુખ્યમંત્રી માર્ગ જેવા મુખ્ય રસ્તાઓને દેખાડા ખાતર 'સ્માર્ટ રોડ' બનાવવા પૂરતો જ સીમિત છે. તેમાં ગાંધીનગરના સેક્ટરોના અંદરના ખરાબ રસ્તાઓનું નવીનીકરણ, ઉભરાતી ગટરો, ગંદકી અને સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો અંગે એક પણ શબ્દ નથી. આ ઉપરાંત ઈન્દ્રોડા અને બોરીજ જેવા આસપાસના ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે, ગટરના પાણી ઉભરાય છે અને બોરીજ જેવા ગામોમાં સ્થિતિ ભયંકર હોવા છતાં તેમજ સાત ગામોના લોકો પ્રોપર્ટી કાર્ડની માગણી કરી રહ્યા હોવા છતાં તે અંગે સંકલ્પ પત્રમાં કોઈ જ વિઝન દર્શાવાયું નથી. સરકારી સ્કૂલો બંધ કરીને AI ક્લાસરૂમની વાતો કરતું આ સંકલ્પ પત્ર માત્ર ઈમરજન્સીમાં ફોર્માલિટી ખાતર તૈયાર કરાયું હોય તેવું સ્પષ્ટ દેખાય છે. બીજી તરફ કોંગ્રેસના મેનિફેસ્ટો પર પ્રહારો કરતા 'આપ' નેતા પ્રવિણ રામે જણાવ્યું કે, કોંગ્રેસે મહાનગરપાલિકામાં સત્તામાં આવ્યા બાદ ફિક્સ પગાર પ્રથા નાબૂદ કરવાનું જે વચન આપ્યું છે.

# નહિવત વરસાદને કારણે પાક સંપૂર્ણપણે નિષ્ફળ જતાં ચાલુ વર્ષે ગુજરાતના ખેડૂતોની આર્થિક કમર તૂટી ગઈ છે : હેમંત ખવા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ વીડિયોના માધ્યમથી રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય હોવા છતાં પણ રાઘવજીભાઈએ પક્ષપાતથી ઉપર ઉઠીને ખેડૂતોની વાસ્તવિક પીડા સરકાર સમક્ષ રજૂ કરી છે અને રાજ્યમાં વહેલામાં વહેલી તકે દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિ જાહેર કરવામાં આવે તેવી હિંમતપૂર્વક માગણી કરી છે. તેની સામે વર્તમાન કૃષિ મંત્રી દ્વારા બે દિવસ પહેલાં એક જાહેર કાર્યક્રમમાં એવું બિનસંવેદનશીલ નિવેદન આપવામાં આવ્યું હતું કે, 'હું પણ ખેડૂતનો દીકરો છું અને મને ક્યાંય પણ દુષ્કાળ જેવી સ્થિતિ દેખાતી નથી.' આ નિવેદનનો આકરો વિરોધ કરતાં હેમંત ખવાએ ટકોર કરી હતી કે, મંત્રીશ્રી માત્ર સોશિયલ મીડિયા પર રીલ ઉતારવાનું બંધ કરીને ખેડૂતોના ખેતરે પહોંચે અને જમીની હકીકત જોઈને પાકનું નિરીક્ષણ કરે, તો તેમને ખ્યાલ આવે કે ચાલુ વર્ષે નહિવત વરસાદને કારણે ખેડૂતોનો પાક બિલકુલ નિષ્ફળ ગયો છે અને ઉત્પાદન શૂન્ય થઈ ગયું છે.ધારાસભ્ય હેમંત ખવાએ વધુમાં ઉમેર્યું હતું કે, પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં પાછલા ૧૦ વર્ષોમાં બે-બે વખત ખેડૂતોના દેવા માફ કરવામાં આવ્યા છે, જ્યારે આ વર્ષે ગુજરાતના ખેડૂતોની આર્થિક કમર તદ્દન તૂટી ગઈ છે અને તેમનો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. વરસાદના અભાવે આગામી સમયમાં શિયાળુ પાક લઈ શકાય તેવી કોઈ જ અનુકૂળ સ્થિતિ બચી નથી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર, દેવભૂમિ દ્વારકા, કચ્છ અને પોરબંદર જિલ્લાઓને વહેલામાં વહેલી તકે સત્તાવાર રીતે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે અને ખેડૂતોના તમામ દેવા સંપૂર્ણપણે માફ કરવામાં આવે. આ સાથે જ અછતના આ સમયમાં પશુપાલકો માટે દર ૧૦ કિલોમીટરના અંતરે પૂરતો ઘાસચારો મળી રહે તેવી લોકલ વ્યવસ્થા ઊભી કરવામાં આવે, રોજગારી વિનાના ખેતમજૂરોને સમયસર કામ મળી રહે અને ખેતર ભાગે રાખનારા ભાગિયાઓને પણ યોગ્ય આર્થિક વળતર તથા રાહત મળે તેવી યોગ્ય વ્યવસ્થાઓ સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે કરવામાં આવે.

# રાજ્યમાં ૫૪ લાખ ખેડૂતો અને ૧.૨૦ કરોડ મજૂરોનો અવાજ સાંભળનાર કોઈ નથી : ઈસુદાન

અમદાવાદ | ભાડથર ખાતે આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુભાઈ કંડોરિયાના સમર્થનમાં એક ભવ્ય જનસભા યોજાઈ હતી, જેમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ધારાસભ્ય હેમંત ખવા સહિતના શીર્ષ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનોએ હાજરી આપીને AAP ઉમેદવારને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું. જનમેદનીને સંબોધતા ઈસુદાન ગઢવીએ રાજ્યના ૫૪ લાખ ખેડૂતો, ૩૦ લાખ ભાગિયાઓ અને ૧ કરોડ ૨૦ લાખ મજૂરોના અધિકારો માટે અવાજ ઉઠાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ભૂતકાળના 'મહામંથન' કાર્યક્રમની યાદ અપાવતા જણાવ્યું કે જ્યારે માધ્યમોમાં ખેડૂતોના પ્રશ્નોને સ્થાન નહોતું મળતું, ત્યારે આ કાર્યક્રમે પ્રજાને જાગૃત કરી સરકારને ઝૂકવા મજબૂર કરી હતી. વધુમાં, પાક નિષ્ફળ જવાને કારણે અને આર્થિક દેવાના બોજ તળે દબાઈને આત્મહત્યા કરનારા જામનગર અને કોડીનારના ખેડૂતોના પરિવારોની દુઃખદ મુલાકાતોનો ઉલ્લેખ કરી તેમણે ખેડૂત વેદના રજૂ કરી હતી. ખેડૂતોના હિતમાં અને તેમને દુષ્કાળગ્રસ્ત રાહત અપાવવા માટે પોતે ગાંધીનગરમાં પોતાના જીવના જોખમે અનિશ્ચિત કાળના ધરણા પર બેઠા હતા તે બાબત તેમણે દોહરાવી હતી.
ભાજપ સરકાર પર પ્રહારો કરતા ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે, ખેડૂતોના દુઃખ-દર્દમાં ગાયબ રહેતા શાસક પક્ષના નેતાઓ અને દલાલો હવે ચૂંટણી આવતા જ ગાડીઓ ભરીને મત માંગવા નીકળી પડ્યા છે. તેમણે ખેડૂતોની જમીનો પરથી પસાર થતી વીજ કંપનીઓના થાંભલાઓ અને લાઈનોના મુદ્દે મોટો પર્દાફાશ કરતા જણાવ્યું કે, ચૂંટણી પૂર્ણ થતાં જ વધુ ૧૦ કંપનીઓ થાંભલા નાખવાનું કામ શરૂ કરવાની છે. ખેડૂતો પોતાના વાંધા રજૂ ન કરી શકે તે માટે જાણીજોઈને હિન્દી વર્તમાનપત્રોમાં અસ્પષ્ટ જાહેરાતો છાપવામાં આવી છે અને ચૂંટણી સુધી આ વિગતો છુપાવવાનો પ્રયાસ કરાયો છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને આપેલા 'વિષાદ યોગ' અને સત્યના માર્ગે લડવાના ઉપદેશનો દાખલો આપતા તેમણે લોકોને આ છેલ્લી તક ઝડપી લેવા આહ્વાન કર્યું હતું. તેમણે ઉમેર્યું કે આ લડાઈ માત્ર એક બેઠક પૂરતી સીમિત નથી, પરંતુ ૨૦૨૭ સુધીમાં સમગ્ર ગુજરાતના ખેડૂતો, માલધારીઓ અને શ્રમિકોને એક તાંતણે બાંધીને તેમના અધિકારો પુનઃસ્થાપિત કરવાનો મુખ્ય ધ્યેય છે.
જનસભાને સંબોધતા વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૩૦ વર્ષથી આખા કાઠિયાવાડ અને ગુજરાતના ખેડૂતો પાણી અને વીજળી જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે સતત પીડાઈ રહ્યા છે. પ્રજાએ સતત ત્રણ દાયકા સુધી ભાજપને મત આપ્યા હોવા છતાં, દર વખતે ચૂંટણી આવે ત્યારે 'સૌની યોજના' કે ડેમ ભરવાના નામે જ મત માંગવામાં આવે છે. પાણી એ કુદરતી સંપત્તિ છે, પરંતુ જો સરકારે દાનત રાખીને દરેક ગામદીઠ બે-પાંચ ચેકડેમ અને ત્રણ-ત્રણ તળાવ બનાવવાની સરકારી ગ્રાન્ટ આપી હોત, તો વરસાદનું એક-એક ટીપું દરિયામાં વહી જવાને બદલે જમીનમાં ઉતરી ગયું હોત અને દર ચૂંટણીએ પાણીના નામે મત માંગવાનો મુદ્દો જ કાયમ માટે પૂરો થઈ ગયો હોત. એવી જ રીતે ખેતીની વીજળી અંગે તેમણે ખેડૂતોની વ્યથા રજૂ કરતા કહ્યું કે, ખેતરોમાં થાંભલા ઊભા હોવા છતાં કૂવા કાંઠે ખેડૂત તરસ્યો રહે છે અને પૂરતી વીજળી મળતી નથી. વારંવાર વીજળીના ઝટકા આવે છે અને ફોલ્ટ થાય છે, જેનું મુખ્ય કારણ એ છે કે કંપનીઓ અને નેતાઓ પોતાના ફાયદા માટે જાણીજોઈને નબળી ગુણવત્તાના થાંભલા, તાર અને ટીસી (ટ્રાન્સફોર્મર) વાપરે છે જેથી વારંવાર રિપેરિંગ અને કમાણીનો ધંધો ચાલુ રહે. તેમણે સ્પષ્ટ કર્યું કે પેટાચૂંટણી કે રાજકીય પક્ષો કરતાં સામાન્ય ખેડૂતનું જીવન, સન્માન અને સુખ-શાંતિ વધુ મહત્વના છે.

# 6ઠ્ઠા માળેથી પટકાતાં 18 વર્ષીય યુવતીનું મોત

ગાંધીનગર | ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ મથક વિસ્તારમાં આવેલી અંડર કન્સ્ટ્રક્શન સાઈટ પર બાંધકામની ગંભીર લાપરવાહી અને સુરક્ષાના કાયદાઓના ઉલ્લંઘન સામે સવાલો ઊભા કરતી કરુણ ઘટના સામે આવી છે. રાંદેસણ ખાતે નિર્માણાધીન 'સેંડલ વુડ' નામની સાઈટ પર રાત્રિના સમયે ધાબુ ભરવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન 18 વર્ષીય શ્રમિક યુવતી કાજલ માવી છઠ્ઠા માળેથી નીચે પટકાતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માતે સમગ્ર પંથકમાં ભારે હચમચ મચાવી દીધી છે અને શ્રમિક વર્ગની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. મૂળ દાહોદ પંથકની વતની અને પરિવાર સાથે મજૂરી કામ માટે ગાંધીનગર આવેલી 18 વર્ષીય કાજલ માવી અન્ય શ્રમિકો સાથે રાત્રિના સમયે કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરી કરી રહી હતી. સાઈટ પર પૂરતી સેફ્ટી કિટ્સ, લાઈટિંગ કે સુરક્ષાના સાધનો ઉપલબ્ધ ન હોવાને કારણે ધાબુ ભરતી વખતે પગ લપસતાં કે સંતુલન ગુમાવતાં તે સીધી છઠ્ઠા માળેથી નીચે પછડાઈ હતી. ગંભીર ઈજાઓને કારણે યુવતીનું સ્થળ પર જ મોત થતાં પરિવારજનો ઘેરા શોકમાં સરી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડીને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં સાઈટ પર શ્રમિકોની સુરક્ષા પ્રત્યે ભારે ગફલત આચરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. દુર્ઘટનાના સમાચાર મળતાં જ દાહોદથી સ્થાનિક સામાજિક આગેવાનો ગાંધીનગર પહોંચ્યા હતા.

# દિલ્હીમાં આંદોલનને લઈને કિલ્લેબંધી મુદ્દે મનોજ સોરઠીયાના ભાજપ પર પ્રહાર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, જ્યારે પણ કોઈ આ દેશના લોકતંત્રનું ગળું દબાવવાની કોશિશ કરે, ત્યારે આ દેશના લોકો જાગે એ જ નાગરિકોનો સૌથી મોટો રોલ હોય છે. આમ તો લોકો સરકારની સામે બંધનું એલાન જાહેર કરતા હોય છે અને પોતાની માંગણીઓ માટે લોકો ભારત બંધનું એલાન કરતા હોય છે. પરંતુ અત્યારે શાસનમાં ભાજપ છે અને પહેલી વખત એવું બન્યુ છે કે ભાજપે દિલ્હી બંધનું એલાન કર્યું છે. દિલ્હીમાં હાલ કિલ્લેબંધી કરવામાં આવી છે. મેટ્રો સ્ટેશન બંધ કરવામાં આવ્ય છે, દેશના અલગ અલગ વિસ્તારોમાંથી જે ટ્રેનો દિલ્હી પહોંચી રહી છે તેને બંધ કરવામાં આવી રહી છે, બોર્ડર સીલ કરવામાં આવી છે, કોલેજ યુનિવર્સિટીને નોટિસ આપવામાં આવી છે કે કોઈ સ્ટુડન્ટ આવતીકાલે બહાર નીકળવો ન જોઈએ. 15 હજાર દિલ્હી



પોલીસ, 35 હજાર પેરા મીલીટરી ફોર્સ એમ કુલ 50 થી 60 હજાર જવાનો દિલ્હીમાં આંદોલન ન થાય એ માટેઘેરો નાખીને બેઠા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, પહેલી વખત એવું બની રહ્યું છે કે કોઈ સરકાર આંદોલનથી આટલી ડરી રહી છે. આ આંદોલનની મોટી જીત છે કારણ કે દિલ્હીમાં સરકાર જે રીતે આંદોલનને દબાવવા માંગે છે. 13 કરોડ લોકોના નામ મતદારયાદીમાંથી રદ કરવામાં આવ્યા છે અને ચૂંટણીઓ જીતવા માટે દેશની એક પાર્ટી બંધારણને ખતમ કરવા કોશિશ કરી રહી છે તો હું તમામ લોકોને આ સમયે અપીલ કરું છું કે ચાલો જો શક્ય હોય તો દિલ્હી જઈ આ આંદોલનમાં જોડાઈએ અને જો દિલ્હી ન જઈ શકો તો આપણા ઘરેથી આપણા વિસ્તારમાંથી આંદોલનને સમર્થન આપીએ કારણકે આ કોઈ એક પાર્ટીની લડાઈ નથી પરંતુ આ લડાઈ આપણા બધાના ભવિષ્યની લડાઈ છે, આ લોકતંત્રને બચાવવાની લડાઈ છે અને આ લડાઈ લડવાની આપણા તમામની ફરજ છે.

## આલ્ફા ગર્લ્સ એન્ડ બોયઝ પીજીમાં વિદ્યાર્થીઓને અપાતું પીવાનું પાણી હલકી ગુણવત્તાનું : રસોડામાંથી એક્સપાયરી ડેટ વાળી ખાદ્ય સામગ્રી ઝડપાઈ

ગાંધીનગર | ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલી આલ્ફા ગર્લ્સ એન્ડ બોયઝ પીજી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીજીમાં દૂષિત પાણી, એક્સપાયર્ડ ખોરાક અને અસ્વચ્છતા જેવી ગંભીર અનિયમિતતાઓ સામે આવતા વિવાદ સર્જાયો છે. વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડાં કરનારા સંચાલકો સામે ABVP દ્વારા કડક વિરોધ નોંધાવી તાત્કાલિક સુધારાની માગ કરવામાં આવી છે.ABVP ની તપાસ દરમિયાન પીજી પરિસરમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં કરતી અનેક ગંભીર બેદરકારીઓ સામે આવી હતી. જેમાં પીવાના પાણીની ગુણવત્તા અત્યંત ખરાબ હોવાની સાથે રસોડાના સ્ટોરેજમાંથી એક્સપાયર થયેલા ખાદ્ય પદાર્થો મળી આવ્યા હતા. આ ઉપરાંત સમગ્ર પીજી પરિસરમાં સ્વચ્છતાનો પણ ભારે અભાવ જોવા મળ્યો હતો, જેનાથી વિદ્યાર્થીઓના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે. પીજીમાં રહેતા વિદ્યાર્થીઓએ આ તમામ સમસ્યાઓ અંગે અગાઉ સંચાલકોને મૌખિક અને લેખિત રજૂઆતો કરી હતી, પરંતુ કોઈ સુધારો કરવામાં આવ્યો નહોતો.

# પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે ગુજરાતનો 'બાયો પ્લાન':ખાતરમાં આત્મનિર્ભરતા માટે ₹50 કરોડનું આયોજન



અમદાવાદ | પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને વૈશ્વિક સ્તરે ખાતરના પુરવઠા સામે ઊભા થયેલા પડકારો વચ્ચે ગુજરાત સરકારે કૃષિ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા વધારવા માટે સ્વદેશી 'બાયો પ્લાન' તૈયાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં જૈવિક ખાતરો અને જૈવિક જંતુનાશકોનું ઉત્પાદન વધારવા માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે 50 કરોડના ખર્ચે બાયોમેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવાનું આયોજન છે. આ માટે ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન (GSBTM) અને આણંદ કૃષિ યુનિવર્સિટી (AAU) વચ્ચે આજે 9 ઓક્ટોબરે ભાવનગરમાં સમજૂતી કરાર કરવામાં આવશે. આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયા તથા કૃષિ મંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહેશે.

આ પહેલનો મુખ્ય હેતુ પરંપરાગત ખાતરો પરની નિર્ભરતા ઘટાડવા સાથે ખેડૂતોને જૈવિક વિકલ્પો ઉપલબ્ધ કરાવવાનો છે. રાજ્યમાં સંશોધનથી લઈને ઉત્પાદન, ખેતરમાં ચકાસણી અને ખેડૂતો સુધી ઉત્પાદનો પહોંચાડવા સુધીની સમગ્ર વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. તેમાં કૃષિ યુનિવર્સિટીઓ, બાયોટેક્નોલોજી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ, MSME, સહકારી સંસ્થાઓ અને ખેડૂતોને જોડવામાં આવશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કેન્દ્રીય બાયો-સ્ટ્રેઈન રિપોઝિટરી અને પાયલટ-સ્કેલ ઉત્પાદન સુવિધા સ્થાપવાની દરખાસ્ત છે. આ માટે 528.96 ચોરસ મીટર વિસ્તારમાં બાયો-રિપોઝિટરી અને 1,054 ચોરસ મીટર વિસ્તારમાં પાયલટ સુવિધા વિકસાવવાનું આયોજન છે. આ કાર્યક્રમ હેઠળ 5,000થી વધુ સ્થાનિક સૂક્ષ્મજીવ સ્ટ્રેઈન્સનું સંરક્ષણ, 500થી વધુ સ્ટ્રેઈન્સનું જીનોમિક સિક્વન્સિંગ અને ડિજિટલ ગુજરાત બાયો-સ્ટ્રેઈન ડેટાબેઝ તૈયાર કરવાનું લક્ષ્ય છે. આ ઉપરાંત 10થી વધુ નવી બાયો-ફોર્મ્યુલેશન્સ વિકસાવવાની યોજના છે.

બાયોમેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ, નાના ઉદ્યોગો, સહકારી સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ અને ખેડૂત ઉત્પાદક સંગઠનોને પાયલટ સ્તરે ઉત્પાદન ક્ષમતા વિકસાવવા માટે સહાય આપવામાં આવશે. આ હેતુસર 13 કરોડની ફાળવણી કરવાની દરખાસ્ત છે. તેનાથી સંશોધનના પરિણામોને વ્યાવસાયિક ઉત્પાદનોમાં ફેરવવાની અને સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવાની તક ઊભી થશે.

# શાહપુરમાં વેપારીને છરીના ઘા મારી 15 લાખની લૂંટ:મોઢામાં રૂમાલનો ડુચો મારી બે શખસ શોપિંગ સેન્ટરના ભોયરામાં લઈ ગયા, બે શખસ સાથે મળીને પૈસાની થેલી લઈ ચારેય ફરાર

અમદાવાદ | અમદાવાદમાં મારામારી અને લૂંટના બનાવો ફરી એકવાર શરૂ થયા છે. શહેરના શાહપુર વિસ્તારમાં વેપારીને બંધક બનાવી માર મારી 15 લાખ રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી છે. ચાર શખસોએ આવીને વેપારીને ભોંયરામાં લઈ જઈ છરીના ઘા મારી લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રત વેપારીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. શાહપુર પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

દરિયાપુર વિસ્તારમાં જીવણપોળમાં મોહમ્મદ સાજીદ ભાઈ શેખ તેમના પરિવાર સાથે રહે છે તેઓ ગારમેન્ટનો વેપાર કરે છે અને મિત્રો સાથે મળીને વીસી પણ ચલાવે છે. 8 ઓક્ટોબરના રોજ રાત્રે 10:00 વાગ્યાની આસપાસ તેમનો પરિવાર ઘરે હતો અને સાજીદ ભાઈને ફોન કરીને ઘરે કેટલા વાગે આવો છો તેવું પૂછ્યું હતું. જેથી 10 મિનિટમાં હું આવું છું એવું કહ્યું હતું. જો કે રાત્રે 9:45 સુધી સાજીદ ભાઈ ઘરે આવ્યા ન હતા અને તેમનો ફોન ઉપાડતા ન હતા. ફોન ઉપાડતા ન હોવાના કારણે પરિવારને ચિંતા થઈ હતી જેથી તેઓ મીરજાપુર વિસ્તારમાં રહેતીયાવાળી પાસે



પ્રીમિયમ શોપિંગ સેન્ટરમાં આવેલી તેમની ઓફિસ ખાતે તપાસ કરવા માટે ગયા હતા. તેમના પુત્રોએ શોપિંગ સેન્ટરમાં બધી જગ્યાએ તપાસ કરી હતી પરંતુ ક્યાંય મળ્યા ન હતા. ત્યારબાદ ભોયરામાં તપાસ કરવા માટે ગયા હતા ત્યારે સી બ્લોકની પાસે અર્ધ બેભાન હાલતમાં સાજીદ ભાઈ મળી આવ્યા હતા. તેમના મોઢા ઉપર રૂમાલનો ડુચો મારેલો હતો. તેમને ભાનમાં લાવીને પૂછપરછ કરતા જણાવ્યું હતું કે આશરે 23થી 30 વર્ષની ઉંમરના હિન્દીભાષી બોલતા ચાર લોકો આવ્યા હતા અને હાથના તેમજ પેટના ભાગે છરીના ઘા મારી 15 લાખની થેલી લઈને જતા રહ્યા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તેઓને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.

તેઓએ જણાવ્યું હતું કે જ્યારે હું 15 લાખ રૂપિયા લઈને ઘરે આવવા નીકળ્યો હતો ત્યારે સીડી પરથી નીચે ઉતરતો હતો, તે દરમિયાનમાં બે અજાણ્યા શખસ આવ્યા હતા અને મોઢા ઉપર રૂમાલ બાંધેલો હતો તેઓએ બળજબરીથી પકડી અને મોઢામાં રૂમાલનો ડુચો મારી અને ભોયરામાં લઈ ગયા હતા. ભોયરામાં પહેલાથી જ બે શખસ હાજર હતા અને મોઢે રૂમાલ બાંધેલો હતો. પૈસા ભરેલી થેલી તેમણે લેવાનો પ્રયત્ન કર્યો તો પરંતુ જોરથી પકડી રાખી હતી જેથી તેમની પાસે રહેલી છરી લઈ અને હાથના કાંડા ઉપર મારી દીધી હતી. ઈસકે પાસે પેસો કી થેલી છીન લો એમ કહીને છરીના ઘા ઝીકી દીધા હતા. બાદમાં પૈસાની થેલી લઈને ચારેય ત્યાંથી ફરાર થઈ ગયા હતા. શાહપુર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી.

## અમદાવાદ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ રદ, મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખી રેલવેનો નિર્ણય

અમદાવાદ | દિલ્હીમાં વિરોધ પક્ષો દ્વારા 10મી ઓક્ટોબરના રોજ આયોજિત દેખાવો અને ચક્કાજામની શક્યતાને પગલે ભારતીય રેલવેએ મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે મોટો નિર્ણય લીધો છે. રેલવે દ્વારા જાહેર કરાયેલી આકસ્મિક યોજના (Contingency Plan) હેઠળ અમદાવાદથી ઉપડતી પ્રતિષ્ઠિત ટ્રેન નંબર 12957 સાબરમતી (અમદાવાદ)-નવી દિલ્હી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. નકશા જુઓ દિલ્હી ટ્રાફિક પોલીસની એડવાઈઝરી મુજબ, 10મી ઓક્ટોબરે સવારે 4.00થી બપોરે 2.00 વાગ્યા દરમિયાન નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશનની આસપાસ ભારે ટ્રાફિક જામ અને માર્ગો બંધ રહેવાની શક્યતા છે. તાજેતરમાં આવા જ વિરોધ દરમિયાન રસ્તા બંધ હોવાથી લગભગ 5 હજાર જેટલા મુસાફરો સમયસર સ્ટેશને પહોંચી શક્યા નહોતા અને ટ્રેન ચૂકી ગયા હતા. આવી અફરાતફરી અને મુસાફરોની હાલાકી ફરી ન સર્જાય તે હેતુથી સરકારે 'પેસેન્જર ફર્સ્ટ' અભિગમ અપનાવી અગમચેતીરૂપે આ પગલું ભર્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સાવરકુંડલામાં આરોગ્ય ક્ષેત્રે ઐતિહાસિક ક્રાંતિ: રૂ. ૨ કરોડના માસિક ખર્ચે ચાલતી સંપૂર્ણ નિઃશુલ્ક સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ 'વિશ્વાસ બિલ્ડિંગ'નું લોકાર્પણ વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુના હસ્તે થશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાવરકુંડલા શહેર અને આસપાસના સમગ્ર વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે એક અદ્ભુત અને ઐતિહાસિક અધ્યાયનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે મહાનગરોને પણ પાછળ છોડી દે તેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ ૭૫,૦૦૦ સ્ક્વેર ફીટનું 'વિશ્વાસ બિલ્ડિંગ' આકાર પામી ચૂક્યું છે. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તૈયાર થયેલા આ સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ આરોગ્યધામનું ભવ્ય લોકાર્પણ વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુના પાવન વરદ હસ્તે અને આશીર્વાદ સાથે આગામી તારીખ ૮ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ સવારે ૯:૩૦ કલાકે યોજાશે. શ્રી લલ્લુભાઈ શેઠના સેવાકીય વિચારોને શત-પ્રતિશત સાકાર કરતી આ નવી સુપર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં અતિ આધુનિક અદ્યતન કાર્ડિયોલોજી (હૃદય રોગ), ન્યુરોલોજી (મગજ




અને ચેતાતંત્ર) અને અદ્યતન પીડિયાટ્રિક (બાળરોગ) જેવા અત્યંત મહત્વના વિભાગો કાર્યરત થશે. આ ઉપરાંત, હોસ્પિટલ પરિસરમાં જ અતિ આધુનિક નર્સિંગ કોલેજ શરૂ કરવામાં આવશે. આ સુવિધાઓ ઉપલબ્ધ થવાથી સ્થાનિક અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને ગંભીર બીમારીઓની સારવાર માટે મોટા શહેરો તરફ જવાની જરૂર નહીં રહે.નવનિર્મિત 'વિશ્વાસ બિલ્ડિંગ'માં એક અદ્યતન 'ઘેલાણી સભાહગૃહ' પણ તૈયાર કરાયું છે, જ્યાં મેડિકલ સ્ટાફ અને વિદ્યાર્થીઓના ઉચ્ચ સ્તરીય માર્ગદર્શન માટે સેમિનાર, તાલીમ કાર્યક્રમો અને પ્રેરણાદાયી વ્યાખ્યાનો યોજાશે.આ આરોગ્ય મંદિરની સૌથી અનોખી અને સ્પર્શી જાય તેવી વિશિષ્ટતા એ છે કે અહીં કોઈ કેશ બારી જ રાખવામાં આવી નથી. દર્દીઓ પાસેથી તપાસ, દવાઓ, સર્જરી કે ઓપરેશનનો એક પણ રૂપિયો લેવામાં આવતો નથી; તમામ સારવાર તદ્દન ફ્રી અને સસ્મિત પૂરી પાડવામાં આવે છે. આટલું જ નહીં, અહીં આવતા દર્દીઓ તેમજ તેમની સાથેના સગા-સંબંધીઓ (એટેન્ડન્ટ્સ) માટે પણ નિઃશુલ્ક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. વર્તમાન સમયે પણ રોજના ૧,૫૦૦થી વધુ દર્દીઓ આ સેવાઓનો લાભ લઈ રહ્યા છે.હાલ આ હોસ્પિટલનો માસિક સંચાલન ખર્ચ રૂ. ૧.૪ કરોડ જેટલો છે, જે નવી સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ સુવિધાઓ કાર્યરત થતાં વધીને માસિક રૂ. ૨ કરોડથી વધુ થઈ જશે. ઈશ્વર કૃપા, ઉદારમના દાતાશ્રીઓના સહયોગ અને પ.પૂ. મોરારીબાપુના પાવન આશીર્વાદથી આ માનવસેવા યજ્ઞ નિરંતર ધબકી રહ્યો છે. આગામી ૮ જાન્યુઆરીના આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટીગણ અને સમગ્ર કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગે સામાજિક, રાજકીય અગ્રણીઓ અને દાતાશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ તકે જાફરાબાદ ની સંસ્થાઓ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી કિશોરભાઈ આર. સોલંકી તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ ના નેશનલ ચેરમેન શ્રી એચ.એમ. ઘોરી સાહેબ આ તકે વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા ચાલતી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ને આ સંસ્થાના પ્રમુખ શ્રી હરેશભાઈ મહેતા તેમજ સુપ્રિટેન્ડેન્ટ પ્રકાશ કટારીયા સાહેબ ને તેમજ આ આરોગ્ય મંદિર ના તમામ સ્ટાફ ને જાફરાબાદ ની બન્ને સંસ્થાઓ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ભુજ-લખપત હાઈવે માઈ ભક્તોથી ઉભરાયો : માતાના મઢ જતા પદયાત્રીઓનું ઘોડાપૂર



મહેશ એલ.સોની નખત્રાણા

નવરાત્રીના પાવન પર્વનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ આશાપુરા માતાના ધામ માતાના મઢ તરફ જતા માઈ ભક્તોના પ્રવાહમાં અભૂતપૂર્વ વધારો જોવા મળી રહ્યો છે. કચ્છ, ગુજરાત સહિત ભારતના અન્ય રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં પદયાત્રીઓ માતાજીના દર્શને ઉમટી રહ્યા છે.છેલ્લા ત્રણ-ચાર દિવસથી પદયાત્રાનો પ્રવાહ સતત ચાલુ થઈ ગયો છે, ત્યારે આજે સાંજના સમયે ભુજ-લખપત હાઈવે માઈ ભક્તોથી ઉભરાયેલો જોવા મળ્યો હતો. જ્યાં નજર કરો ત્યાં જય માતાજીના નાદ સાથે આગળ વધતા પદયાત્રીઓ જોવા મળી રહ્યા હતા.આ અદભૂત અને ભક્તિભાવથી છલકાતું દ્રશ્ય મોટા યક્ષ નજીક ઝડપાયું હતું, જેમાં મોટી સંખ્યામાં યુવાનો, વડીલો અને મહિલાઓ ખભે બેગ ભરાવીને માતાના મઢ તરફ કૂચ કરી રહ્યા જોવા મળતા સમગ્ર માર્ગ માતામય બની ગયો હોય તેવું અલૌકિક દ્રશ્ય સર્જાયું હતું.

## થરા નગરપાલિકા ચૂંટણી: મતદાનના દિવસે ફરિયાદ નિવારણ માટે જિલ્લા અને ઓગડ ખાતે કંટ્રોલરૂમ શરૂ




માહિતી બ્યુરો, પાલનપુર | રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા. ૧૬/૦૯/૨૦૨૬ની અખબારી યાદીના અનુસંધાને બનાસકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૧૧/૧૦/૨૦૨૬ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદારોને ચૂંટણી સંબંધિત ફરિયાદો નોંધાવવા માટે જિલ્લા કક્ષાએ તેમજ મામલતદાર કચેરી, ઓગડ ખાતે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.મતદારો પોતાની ચૂંટણી સંબંધિત ફરિયાદો નોંધાવી શકે તે માટે જિલ્લા કક્ષાએ કાર્યરત કંટ્રોલરૂમનો લેન્ડલાઈન નંબર ૦૨૭૪૨-૨૬૦૭૯૧ અને મામલતદાર કચેરી, ઓગડ ખાતે કાર્યરત કંટ્રોલરૂમનો લેન્ડલાઈન નંબર ૦૨૭૪૭-૨૩૩૭૨૦ જાહેર કરવામાં આવ્યો છે. મતદાનના દિવસે મતદારો આ નંબરો પર પોતાની ચૂંટણીલક્ષી ફરિયાદો નોંધાવી શકશે.આથી બનાસકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી હેઠળના વિસ્તારના તમામ મતદારો તથા જાહેર જનતાને આ કંટ્રોલરૂમના નંબરોની નોંધ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ અંગેની માહિતી અધિક જિલ્લા ચૂંટણી અધિકારી (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ) અને નિવાસી અધિક કલેક્ટરશ્રી, બનાસકાંઠા, પાલનપુરની અખબારી યાદીમાં જણાવવામાં આવી છે.

## બનાસકાંઠા જિલ્લાના અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 'RTI Week Celebration-૨૦૨૬' માં જોડાયા

માહિતી બ્યુરો, પાલનપુર | ભારત સરકાર દ્વારા દર વર્ષે તા. ૫ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન 'RTI Week Celebration' ની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગ દ્વારા 'માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણ' વિષય પર વિશેષ પરિસંવાદ અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જિલ્લાના જાહેર માહિતી અધિકારીઓ (PIO) તથા પ્રથમ અપીલ સત્તાધિકારીઓ જિલ્લા કલેકટર કચેરી, પાલનપુર ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પરિસંવાદમાં સક્રિયપણે જોડાયા હતા. આ કાર્યક્રમમાં રાજ્ય મુખ્ય માહિતી કમિશનર શ્રી સુબ્રમણિયમ આર. ઐયરે કાયદાના અસરકારક અમલીકરણ અને સુચારૂ વહીવટ માટે ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ના અસરકારક અમલીકરણ અને અરજદારોને સમયસર માહિતી મળી રહે તે માટે જાહેર માહિતી અધિકારીઓએ અરજીઓનો જવાબ આપતી વખતે સંબંધિત રેકોર્ડની યોગ્ય ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરવી જોઈએ. અરજદારો સાથે સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર રાખી, કાયદાની જોગવાઈઓ અનુસાર માહિતી પૂરી પાડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરી અને સીસીટીવી ફૂટેજ જેવી માહિતીની અરજીઓમાં સંબંધિત વિગતો, સમયગાળો અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. સીસીટીવી ફૂટેજ અથવા અન્ય રેકોર્ડની માંગણી કરવામાં આવે ત્યારે નિયમોનુસાર તેની જાળવણી કરવી પણ જરૂરી છે, જેથી અપીલ કે સુનાવણી દરમિયાન સંબંધિત પુરાવા ઉપલબ્ધ રહી શકે.આ ઉપરાંત, સરકારી કચેરીઓ દ્વારા સ્વૈચ્છિક માહિતી પ્રગટ કરવાની જોગવાઈઓનું સમયસર પાલન કરવા અને સંબંધિત માહિતી પોર્ટલ પર અપલોડ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓએ પોતાના તાબા હેઠળની કચેરીઓમાં પણ આ અંગે જરૂરી સૂચનાઓ આપી વાર્ષિક અહેવાલ સહિતની વિગતો સમયસર અપલોડ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

## ચૌટા બજારમાં દબાણખોરો બેફામ પાલિકા પોલીસ લાચાર, સુરત સેન્ટ્રલ ઝોન દબાણ કૌભાંડ

(એજન્સી) સુરત । તા. 09

સુરતના સેન્ટ્રલ ઝોન હેઠળ આવતા અત્યંત વ્યસ્ત અને જાણીતા ચૌટા બજાર વિસ્તારમાં ગેરકાયદે દબાણોની સમસ્યા દિવસેને દિવસે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે, જ્યાં તાજેતરમાં પોલીસની પીસીઆર વાન પણ રસ્તા પર થયેલા દબાણને કારણે ફસાઈ જવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પુર્ણેશ મોદી અને પાલિકાના શાસક પક્ષના નેતા અલ્પા મહેતાની સાયરનવાળી સત્તાવાર ગાડીઓ પણ આ જ વિસ્તારના ગેરકાયદે દબાણોમાં અટવાઈ ગઈ હતી, છતાં સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા કોઈ જ કાયમી કે સખત પગલાં લેવામાં આવ્યા નથી. પરિણામે દબાણકારોના લા એટલા બધા બુલંદ થઈ ગયા છે કે તેઓ હવે કાયદો અને વ્યવસ્થાને પણ ન ગણકારતા બિંદાસ્તપણે પોતાના ધંધા ચલાવી રહ્યા છે, જેના કારણે સામાન્ય નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ચૌટા બજાર અને તેની આસપાસના વિસ્તારોમાં સ્થિતિ એટલી હદે વણસી ચૂકી છે કે રસ્તા પર મનસ્વી રીતે સામાન ખડકી દેવાને કારણે લોકોને પોતાના ઘરો સુધી પહોંચવામાં પણ પરસેવો છૂટી જાય છે. અગાઉના સમયમાં જ્યારે પણ પોલીસ કે પાલિકાની ગાડી વિસ્તારમાંથી પસાર થતી ત્યારે દબાણ કરનારાઓ તાત્કાલિક ભાગી છૂટતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે અને પોલીસની ગાડીને પણ રસ્તો ન મળે તેવી દુર્દશા સર્જાઈ છે. બહારના વિસ્તારો તેમજ ભરૂચ અને જંબુસર જેવા સ્થળોથી આવીને અહીં ગેરકાયદે દબાણ કરતા લોકો સામે કોઈ જ કડક કાર્યવાહી થતી નથી. નિયમિત ચાલતી દબાણ હટાવવાની ઝુંબેશ માત્ર દેખાડા પૂરતી જ સાબિત થઈ રહી છે, કારણ કે કાર્યવાહી પૂરી થતાં જ ગણતરીના કલાકોમાં ફરીથી તે જ જગ્યાએ દબાણો ઊભા થઈ જાય છે.

આ સમગ્ર પ્રકરણમાં પાલિકા અને પોલીસ વિભાગના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ પર ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે કે તેઓ આ ગેરકાયદે દબાણ કરનારાઓ પાસેથી નિયમિત રીતે હપ્તા ઉઘરાવે છે.

## વડોદરા ફાયર બ્રિગેડ નદી કાંઠે મગર હોવાની અફવા, આપાતકાલીન દોડધામ



વડોદરા | વડોદરા શહેરમાં આજે વહેલી સવારે એક અનોખી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક માનસિક અસ્વસ્થ યુવકે મગર તેના ભાઈને ખેંચી ગયાની ખોટી બૂમો પાડીને સમગ્ર ફાયર બ્રિગેડ વિભાગ અને સ્થાનિક તંત્રને દોડતું કરી દીધું હતું. વડોદરા ફાયર બ્રિગેડ કાર્યાલય પર સવારના સુમારે એક યુવક હાંફળા-ફાંફળા થઈને દોડી આવ્યો હતો અને રડતા રડતા તેના ભાઈને નદીમાંથી મગર ખેંચી ગયાની વાત કરી હતી. આ ગંભીર કટોકટીની સ્થિતિને ધ્યાનમાં લઈને જવાનોએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક બચાવ સાધનો સાથે કાલાઘોડા વિસ્તાર તરફ દોડતી પકડ કરી હતી અને નદીમાં બોટ ઉતારીને મોટાપાયે શોધખોળ શરૂ કરી હતી. આપત્તિ વ્યવસ્થાપન અને બચાવ કામગીરી માટે હંમેશાં ખડેપગે રહેતી ફાયર બ્રિગેડની ટીમ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે પરિસ્થિતિ થોડી અલગ જણાઈ હતી. યુવક સતત પોતાની જગ્યા બદલી રહ્યો હતો અને કોઈ ચોક્કસ સ્થળની માહિતી આપી શકતો ન હતો, જેના કારણે જવાનો પણ ભારે મુંઝવણમાં મુકાયા હતા.

## સંતરામપુરના ગોઠીબમાં સર્વે નંબર ૫૭૪ની જમીન પર ગેરકાયદે શોપિંગ સેન્ટર મામલે લેન્ડ ગ્રેબિંગ હેઠળ કડક કાર્યવાહીની માંગ

દિપક રાવલ દાહોદ લીમખેડા

બે માળના કોમર્શિયલ બાંધકામ મુદ્દે તંત્ર સમક્ષ લેખિત રજૂઆતથી ખળભળાટ સરકારી/વિવાદિત જમીન પર ખડકાયેલા માળખા સામે તપાસની માગ તેજ સ્થળ: સંતરામપુર/ગોઠીબ (મહીસાગર)



તારીખ: [તારીખ ઉમેરો] મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકા હેઠળ આવતા ગોઠીબ ગામે સર્વે નંબર ૫૭૪વાળી જમીન અને તેના પર બનેલા બે માળના કોમર્શિયલ શોપિંગ સેન્ટરને લઈને વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. આ વિવાદાસ્પદ જમીન પર કાયદાના નિયમો નેવે મૂકીને ઊભા કરાયેલા બાંધકામ સામે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ હેઠળ નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે ફોજદારી અને વહીવટી કાર્યવાહી કરવાની માંગ તંત્ર સમક્ષ ઉઠાવવામાં આવી છે.

મુખ્ય મુદ્દાઓ અને રજૂઆતની વિગતો:

ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ: ગોઠીબ ગામમાં સર્વે નંબર ૫૭૪ની જમીન પર કોઈપણ સક્ષમ મંજૂરી વિના કે નિયમોનું ઉલ્લંઘન કરીને બે માળનું કોમર્શિયલ શોપિંગ સેન્ટર તાણી દેવાયું હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોંધવા માંગ: જમીન પચાવી પાડવાના ઈરાદે કરાયેલા આ બાંધકામ અંગે જિલ્લા કલેક્ટર અને સંબંધિત મહેસૂલી તંત્ર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ કમિટી દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવાની માંગ કરવામાં આવી છે.

કાયદેસરની સીલિંગ/ડિમોલિશનની રજૂઆત: સરકારી તિજોરીને નુકસાન પહોંચાડી કે સરકારી/વિવાદિત ક્ષેત્રમાં થયેલા આ બાંધકામને તાત્કાલિક ધોરણે સીલ કરી યોગ્ય કાયદાકીય પગલાં ભરવા સ્થાનિકો અને અરજદારો દ્વારા દબાણ વધારવામાં આવ્યું છે.

આ મામલે જિલ્લા વહીવટી તંત્ર અને મહેસૂલ વિભાગ દ્વારા આગામી દિવસોમાં સ્થળ તપાસ કરીને કેવા કડક પગલાં લેવામાં આવે છે તેના પર સમગ્ર પંથકની નજર મંડાયેલી છે.

## સુરતના અડાજણમાં શેરબજારમાં ૧૫ લાખ ડૂબવાની અદાવતમાં યુવકનું અપહરણ

સુરત | સુરતના અડાજણ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ફિલ્મી દ્રશ્યો સર્જનારી ઘટના સામે આવી છે. શેરબજારમાં ૧૫ લાખ રૂપિયા ડૂબી જવાની અદાવતમાં એક યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું અને બદલામાં ૩૦ લાખ રૂપિયાની માતબર રકમની ખંડણી માંગવામાં આવી હતી. સુરત પોલીસની સમયસૂચકતા અને સઘન ટેક્નિકલ તપાસના આધારે મહારાષ્ટ્ર સરહદ પરથી ૩ આરોપીઓને ઝડપી પાડીને અપહૃત યુવકને હેમખેમ મુક્ત કરાવવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા એલ.પી. સવાણી રોડ પરથી એક યુવકનું બ્લેક કલરની ફોર વ્હીલ કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. શેરબજારમાં થયેલા ૧૫ લાખ રૂપિયાના આર્થિક નુકસાનની અદાવત રાખીને આ અપહરણ કરાયું હતું અને અપહરણકર્તાઓ દ્વારા યુવકને છોડવા માટે ૩૦ લાખ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક ધોરણે નાકાબંધી તથા તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અડાજણ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસીને અપહરણકર્તાઓની ગાડીનું રૂટ અને ચોક્કસ લોકેશન ટ્રેસ કર્યું હતું.

## રાજ્ય માહિતી કમિશનર દ્વારા વિગતવાર માર્ગદર્શન

# માહિતી અધિકાર સપ્તાહ અંતર્ગત સુરતથી વર્ચ્યુઅલ પરિસંવાદ યોજાયો

(એજન્સી) રાજપીપળા । તા. 09

ભારત સરકાર દ્વારા દર વર્ષે ઓક્ટોબર મહિનામાં માહિતી અધિકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે, જેના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગ દ્વારા આજરોજ એક વિશેષ પરિસંવાદનું વર્ચ્યુઅલ માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત, ભરૂચ, તાપી અને નર્મદા સહિતના વિવિધ જિલ્લાઓના વહીવટી અધિકારીઓ જોડાયા હતા અને કાયદાના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના યોગ્ય અમલીકરણ અને અધિકારીઓની જવાબદારીઓ સુનિશ્ચિત કરવા માટે સુરત ખાતેથી આ પરિસંવાદનું સંચાલન કરવામાં આવ્યું હતું. સુરત ખાતે માનનીય રાજ્ય માહિતી કમિશનર મનોજ પટેલની પ્રેરક ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં આ વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય જનતાને પારદર્શક વહીવટ પૂરો પાડવાનો અને વહીવટી તંત્રમાં જવાબદારીની ભાવના વધુ મજબૂત કરવાનો હતો. નર્મદા જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી પણ ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત પદાધિકારીઓ આ મહત્વપૂર્ણ પરિસંવાદમાં સક્રિયપણે જોડાયા હતા. જિલ્લા વહીવટી





તંત્ર દ્વારા નાગરિકોના હિતમાં માહિતીના અધિકારના કાયદાનો સાચો અને સમયસર અમલ થાય તે માટે આ બેઠક અત્યંત ઉપયોગી સાબિત થઈ છે. પરિસંવાદ દરમિયાન રાજ્ય માહિતી કમિશનર મનોજ પટેલે અધિકારીઓને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની વિવિધ જોગવાઈઓ અને નિયમો અંગે ખૂબ જ સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી કાયદાકીય પાસાઓ, જાહેર માહિતી અધિકારીઓની ફરજો અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓની જવાબદારીઓ અંગે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. આ ઉપરાંત, કાયદાના અમલીકરણ દરમિયાન ઉભી થતી વ્યવહારિક મુશ્કેલીઓ અને તેના નિરાકરણ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરીને નાગરિકોને નિર્ધારિત સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવા પર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંત ભાગમાં એક વિશેષ પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત અધિકારીઓએ માહિતી અધિકાર અધિનિયમના અમલીકરણને લગતા પોતાના મૂંઝવતા પ્રશ્નો રજૂ કર્યા હતા.

રાજકોટ ગ્રામ્ય એલસીબીની મોટી સફળતા

## ધોરાજીના લાઠ ગામે વૃદ્ધ દંપતીને ઝેરી પ્રવાહી છાંટી લૂંટ કરનાર બે બિહારી શખ્સો ઝડપાયા

(એજન્સી) રાજકોટ । તા. 09

લાઠ ગામે આરોગ્ય વિભાગના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપીને વૃદ્ધ દંપતીને નિશાન બનાવતી એક ગંભીર ઘટના સામે આવી છે. ઘરમાં ઘૂસેલા બે શખ્સોએ વાતોમાં ફસાવીને દંપતીના ચહેરા પર ઝેરી પ્રવાહીનો સ્પ્રે છાંટીને બેભાન કરી દીધા હતા અને બાદમાં સોનાની માળા લૂંટીને ફરાર થઈ ગયા હતા. જોકે, રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે ગણતરીના કલાકોમાં જ આ સમગ્ર ગુનાનો ભેદ ઉકેલીને બંને આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

લાઠ ગામે રહેતા વૃદ્ધ દંપતીના ઘરે બે અજાણ્યા શખ્સો આરોગ્ય વિભાગના કર્મચારી તરીકે આવ્યા હતા. તેઓએ વાતચીત દરમિયાન વૃદ્ધ દંપતીના ચહેરા પર બેભાન કરી દે તેવું ઝેરી પ્રવાહી છાંટ્યું હતું. દંપતી બેભાન થઈ જતાં આરોપીઓએ વૃદ્ધાના ગળામાં પહેરેલી તુલસીની સોનાથી મઢેલી કવરવાળી આશરે ૨૦ ગ્રામ વજનની માળા કિંમત અંદાજે રૂપિયા નેવું હજાર ઉતારી લીધી હતી. આરોપીઓએ પકડાઈ જવાની બીકે સોનાના કવરને અલગ કરીને તેને કેમિકલયુક્ત પ્રવાહીમાં નાખીને ઓગાળી નાખ્યું હતું અને ફરાર થઈ ગયા હતા. આ અંગે પાટણવાવ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન ટેક્નિકલ સર્વેલન્સ અને માનવ સ્ત્રોતોની ચોક્કસ માહિતીના આધારે આરોપીઓ ચીચોડ ગામના પાટિયા પાસેથી પસાર થવાના હોવાની બાતમી મળી હતી. પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને બંને શખ્સોને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી રૂપિયા એક લાખ ચાલીસ હજાર આઠસો અડસઠનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં તેમની ઓળખ અંકલેશ વિદયાનંદ પોદરા અને સાજનકુમાર રામચંદ્ર ભગત જયસ્વાલ તરીકે થઈ છે, જેઓ મૂળ બિહારના વતની છે અને હાલ જૂનાગઢમાં રહેતા હતા.

યાત્રાળુઓની સુવિધા અર્થે

## અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નવરાત્રિ મહોત્સવ અને આરતી-દર્શનનું સમયપત્રક જાહેર કરાયું

માહિતી બ્યુરો, પાલનપુર | યાત્રાધામ અંબાજી ખાતે ઋતુ પ્રમાણે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ફેરફાર થવાથી દર્શનાર્થે પધારતા માઈભક્તો તથા યાત્રાળુઓની સગવડતા ખાતર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નવરાત્રિ દરમિયાન માતાજીની આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુધારેલો સમયગાળો આસો સુદ-૧ (એકમ), રવિવાર તા. ૧૧/૧૦/૨૦૨૬ થી આસો સુદ-૮ (આઠમ), સોમવાર તા. ૧૯/૧૦/૨૦૨૬ સુધી અમલમાં રહેશે, જેની સર્વે ભક્તજનોએ નોંધ લેવા જણાવાયું છે.નવરાત્રિ દરમિયાન માતાજીની સવારની આરતી ૦૭:૩૦ થી ૦૮:૦૦ કલાકે યોજાશે, ત્યારબાદ સવારે ૦૮:૦૦ થી ૧૧:૩૦ કલાક સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ ધરાવવામાં આવશે અને બપોરના દર્શનનો સમય ૧૨:૩૦ થી ૧૬:૧૫ કલાક સુધી રહેશે. સાંજના સમયે ૧૮:૩૦ થી ૧૯:૦૦ કલાક દરમિયાન સંધ્યા આરતી થશે તેમજ રાત્રિના દર્શન ૧૯:૦૦ થી ૨૧:૦૦ કલાક સુધી ખુલ્લા રહેશે. નવરાત્રિ મહોત્સવના વિશેષ ધાર્મિક કાર્યક્રમો અંગે માહિતી આપતાં જણાવાયું છે કે, આસો સુદ-૧, રવિવાર તા. ૧૧/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૦:૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિથી ઘટ સ્થાપન કરવામાં આવશે. આસો સુદ-૮ (દુર્ગાષ્ટમી), સોમવાર તા. ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૦૬:૦૦ કલાકે આરતી થશે અને સવારે ૧૦:૦૦ કલાકે ઉત્થાપન વિધિ સંપન્ન થશે. ત્યારબાદ આસો સુદ-૧૦ (વિજયાદશામી), મંગળવાર તા. ૨૦/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે સમીપૂજન કરવામાં આવશે. આ ઉપરાંત, શરદ પૂર્ણિમા પર્વ નિમિત્તે તા. ૨૫/૧૦/૨૦૨૬, રવિવારના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે માતાજીને દૂધ-પૌંઆનો ભોગ ધરાવી કપૂર આરતી કરવામાં આવશે તથા આસો સુદ-૧૫ (પૂનમ), સોમવાર તા. ૨૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારની આરતી ૦૬:૦૦ કલાકે થશે. તા. ૨૦/૧૦/૨૦૨૬ થી મંદિરમાં આરતી અને દર્શનનો સમય રાબેતા મુજબ પૂર્વવત રહેશે તેમ દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થેરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારો આર્થિક સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે.

**મિથુન : ક. છ. ઘ.**

આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. સામાજિક કાર્યક્રમો માં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક અને આનંદસભર રહેશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**સિંહ : મ. ટ.**

કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તેમ કશુંક ચોક્કસ જ ગુમાવો છો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો.

**તુલા : ર. ત.**

ખુલ્લામાં પથું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. અનિશ્ચિત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું.

**વૃશ્ચિક : ન. ય.**

તમારું ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.

**મકર : ખ. જ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.

# સંખેડાથી રાજપીપળા માટે નવીન ST બસ રૂટ શરૂ, જયેશ રોચની રજૂઆત રંગ લાવી; નાગરિકોમાં આનંદ

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા



સંખેડા તાલુકાના નાગરિકોની લાંબા સમયથી પડતર માંગણીનો અંત આવ્યો છે. સંખેડાથી રાજપીપળા માટે નવીન ST બસ સેવા શરૂ કરવામાં આવતા નાગરિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. સામાજિક કાર્યકર જયેશ રોચ દ્વારા કરવામાં આવેલી રજૂઆત રંગ લાવી હોવાનું જણાવાયું છે.પ્રાપ્ત વિગત મુજબ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી તથા સંખેડાના ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવી સાહેબના સહયોગથી આ નવો રૂટ શરૂ કરવામાં આવ્યો છે. આ બસ સેવા રાજપીપળા ડેપો દ્વારા શરૂ કરાઈ છે. બસનો સમય અને રૂટ:- ઉપડવાનો સમય: સવારે 07:05 કલાકે, સ્થળ: સંખેડા બસ સ્ટેન્ડ, - મુખ્ય રૂટ: ગોધરા - બોડેલી - સંખેડા કઠોલી - વ્હોરા - ઉતાવડી ચોકડી - રાજપીપળા.આ નવા રૂટના કારણે સંખેડા તથા આસપાસના ગામોના વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ, વેપારીઓ અને રોજિંદા અપ-ડાઉન કરતા મુસાફરોને મોટી રાહત મળશે. ખાસ કરીને ભોઈ સમાજના લોકોને સુરત તરફ અવર-જવર માટે આ બસ સેવા ખૂબ ઉપયોગી સાબિત થશે. આ સેવા ઉપલબ્ધ કરાવવા બદલ રાજપીપળા ડેપોના ડેપો મેનેજરશ્રી, ડીસીશ્રી તથા એસ.ટી. નિગમના અધિકારીઓ અને તમામ પદાધિકારીઓનો નાગરિકો વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. જનસેવા એ જ પ્રભુસેવા ના ધ્યેય સાથે વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવાની ખાતરી પણ આપવામાં આવી છે.

## સંખેડા તાલુકાના ટીંબા અને આસપાસના ગામોમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા



રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના ટીંબા અને આસપાસના ગામોમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા છે. ગામના લોકોને ફોન કરવા માટે ગામની બહાર જવું પડે છે.ટીંબા ગામની વસ્તી લગભગ 1500 છે. અહીં Jio અને Vodafone જેવા નેટવર્ક ઘરમાં આવતા જ બંધ થઈ જાય છે.નેટવર્કના અભાવે ઓનલાઈન શિક્ષણ, આધારકાર્ડ અપડેટ, બેન્કિંગ અને સરકારી કામોમાં ભારે મુશ્કેલી પડે છે. ઈમરજન્સીમાં પણ પરિસ્થિતિ વિકટ બને છે.ગામના આગેવાનોએ ઘણી વખત કંપનીઓમાં રજૂઆત કરી છે, પણ કોઈ ઉકેલ આવ્યો નથી. ગામલોકો ટાવર માટે જગ્યા આપવા પણ તૈયાર છે.ગામજનોએ ઉચ્ચ અધિકારીઓ અને ટેલિકોમ કંપનીઓને તાત્કાલિક નવો ટાવર સ્થાપી સમસ્યાનો ઉકેલ લાવવા માંગ કરી છે.

## કચ્છ ભુજમાં બહુજન આર્મીના નેજા હેઠળ મતાધિકારના રક્ષણ મામલે પ્રતીક ધરણા વિરોધ પ્રદર્શન કરાયા

મહેશ એલ.સોની નખત્રાણા

ભુજમાં ૪ મી ઓક્ટોબર એ ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને મતાધિકારના રક્ષણની માંગ સાથે બહુજન આર્મી સામાજિક એકતા મિશન ભારત દ્વારા જ્યુબિલી સર્કલ પાસે સંવિધાનિક રીતે એક દિવસીય પ્રતીક ધરણા યોજવામાં આવ્યો હતો, સાથે જ ઉગ્રવિરોધ પણ કરવામાં આવ્યો હતો જેમાં કચ્છના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ ધરણાના કાર્યક્રમને આઝાદ હિંદ ફોજ નામની સંસ્થા દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું હતું.આ અંગે બહુજન આર્મીના સંસ્થાપક લખનભાઈ ધુવાએ જણાવ્યું હતું કે, વોટ ચોરીના વિરોધમાં એક દિવસીય પ્રતીક ધરણા કરવામાં આવ્યા હતા. એસઆઈઆરના નામે દેશના અંદાજિત 13 કરોડ લોકોના વોટ કપાયા છે. તેથી આગામી દિવસોમાં કચ્છના પણ ઘણા બધા લોકોનાં પણ નામ નીકળી ગયા છે અને હજુ પણ નામ નીકળી જાય તેવી સંભાવના છે. ભારતના બંધારણ મુજબ 18 વર્ષથી ઉપરના યુવકને મત આપવાનો જે અધિકાર હતો તે છીનવાઈ રહ્યો છે. ઈલેકશન કમિશનરના વિરોધમાં લોકોને જાગૃત કરવા માટે ધરણા કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ જો જ્ઞાનેશકુમાર રાજીનામું નહીં આપે તો વધુ આંદોલનાત્મક કાર્યક્રમો કરવાની ચીમકી અપાઈ હતી. ધરણા પછી મોટા કાર્યક્રમો યોજી લોકોને જાગૃત કરવામાં આવશે.



## ન્યુ એરા પ્રોફેસર એકેડેમી, કેશોદ ખાતે બેકરી તાલીમ શિબિર યોજાઇ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ન્યુ એરા પ્રોફેસર એકેડેમી ખાતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી સંલગ્ન બેકરી શાળા દ્વારા બેકરી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં બેકરી શાળા, જૂનાગઢના પ્રો. ડો.ડી.એસ.ઠાકર, આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.કે.પી.વઘાસિયા તથા કુ.એસ. ડી.ચાવડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને કેક, પેસ્ટ્રી, બિસ્કીટ સહિતની વિવિધ બેકરી પ્રોડક્ટ બનાવવાની આધુનિક પદ્ધતિઓ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન અને તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન બેકરી પ્રોડક્ટની ગુણવત્તા, સ્વચ્છતા, ઉત્પાદન પ્રક્રિયા તેમજ બેકરી વ્યવસાય અંગે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. ન્યુ એરા પ્રોફેસર એકેડેમીના વિદ્યાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમનો લાભ લીધો હતો.આ તાલીમ નો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ, આત્મ વિશ્વાસ અને સ્વનિર્ભરતાની ભાવના વિકસાવવાનો હતો, બેકરી ક્ષેત્રે સ્વરોજગાર ની તકો અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળતાં સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ખેલ મહાકુંભમાં મુરૂ પ્રાથમિક શાળાની બાળાઓનો દબદબો

### સ્ટેન્ડિંગ જમ્પમાં તાલુકામાં પ્રથમ સ્થાન, ખો-ખો અને કુમારી ટીમે મેળવ્યું દ્વિતીય સ્થાન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના મુરૂ ગામની પ્રાથમિક શાળાની બાળાઓએ ખેલ મહાકુંભ-૨૦૨૬માં શાનદાર રમતપ્રતિભા દર્શાવી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે.ખેલ મહાકુંભ અંતર્ગત મુરૂ પ્રાથમિક શાળાની વૈદેહીબા અજીતસિંહ જાડેજાએ અન્ડર-૧૧ સ્ટેન્ડિંગ જમ્પ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી.આ ઉપરાંત અન્ડર-૧૪ ખો-ખો સ્પર્ધામાં મુરૂ પ્રાથમિક શાળાની બાળાઓએ શાનદાર પ્રદર્શન કરી ઉપવિજેતા બની તાલુકામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.



સાથે જ શાળાની અન્ડર-૧૪ કુમારી ટીમે પણ તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું.આ સફળતા પાછળ શાળાના શિક્ષક હરેશભાઈ ચૌધરી તથા અન્ય શિક્ષકોના સતત માર્ગદર્શન અને તાલીમનો મહત્વનો ફાળો રહ્યો હતો. બાળાઓની મહેનત, રમત પ્રત્યેનો જુસ્સો અને શિક્ષકોના માર્ગદર્શનના પરિણામે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ હોવાનું શાળા પરિવાર દ્વારા જણાવાયું હતું.મુરૂ પ્રાથમિક શાળાની આ સિદ્ધિને પગલે શાળા પરિવાર, વાલીઓ તથા ગ્રામજનોએ તમામ વિજેતા ખેલાડીઓ અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

### લોકોના સ્વાસ્થ્ય સાથે બેદરકારી દાખવતા

## 'કચ્છી ફાસ્ટ ફૂડ' સામે રૂ.૪૦,૦૦૦/- અને 'હાર્દિક ફાસ્ટ ફૂડ' સામે રૂ.૧૦,૦૦૦/- ની દંડનાત્મક કાર્યવાહી

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના માન. કમિશનરશ્રી આઈ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ ફૂડ શાખા અને સેનિટેશન શાખા દ્વારા શહેરમાં સઘન તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત તળાવ દરવાજા ખાતે આવેલ 'કચ્છી ફાસ્ટ ફૂડ' નામની દુકાન તેમજ તેમના મેન્યુફેક્ચરિંગ યુનિટ ખાતે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ આકસ્મિક તપાસ દરમિયાન કચ્છી ફાસ્ટ ફૂડના મેન્યુફેક્ચરિંગ યુનિટ ખાતેથી ફૂડ અંગેનું કોઈ લાયસન્સ મળી આવ્યું ન હતું. વધુ તપાસ કરતા ત્યાંથી અંદાજિત ૧૦ કિલો જેટલા સડેલા-બાફેલા બટેટા તેમજ ૨૦૦ ગ્રામ ફૂડ કલરનો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો. શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે બેદરકારી દાખવતા દુકાનદારો પાસેથી અખાદ્ય જથ્થાને મહાનગરપાલિકા જૂનાગઢની ટીમ દ્વારા તાત્કાલિક જપ્ત કરીને સ્થળ પર જ તેનો નાશ કરવામાં આવ્યો હતો. લાયસન્સ વિના કામગીરી કરવા અને અખાદ્ય સામગ્રી રાખવા જેવા ગંભીર ઉલ્લંઘન બદલ કચ્છી ફાસ્ટ ફૂડ પાસેથી સ્થળ પર જ રૂપિયા ૪૦,૦૦૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, 'હાર્દિક ફાસ્ટ ફૂડ' ખાતે પણ તપાસ કરવામાં આવતા, તેમની પાસે ફૂડ અંગેનું લાયસન્સ ન હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી નિયમો અનુસાર તેમની પાસેથી પણ રૂપિયા ૧૦,૦૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં પણ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આ પ્રકારની સઘન તપાસ અને સરપ્રાઈઝ ચેકિંગની કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

## 'ગીર' ફાઉન્ડેશન દ્વારા તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૬ થી ૮ ઓક્ટોબર,૨૦૨૬ દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણી કરાઇ

સમાજમાં વન્યજીવ પ્રત્યે સંવેદનશીલતા લાવવાનો અને સમાજને વન્યજીવ સંરક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવા દર વર્ષે ૨ જીથી ૮ઓક્ટોબર દરમિયાન દેશભરમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવણીના ભાગરૂપે ગીર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને અરણ્ય ઉદ્યાન ખાતે વિવિધ પ્રવૃતિઓનું આયોજન થયું હતું. આ વર્ષની વન્યજીવ સપ્તાહની ઉજવણીની થીમ "Connecting Habitats, Thriving Wildlife" હતી. સપ્તાહ દરમિયાન સ્વચ્છતા અભિયાન, માટીમાંથી વન્યજીવોના રમકડા બનાવવા, નિઃશુલ્ક નિદાન કેમ્પ, તાલીમ, સ્થળ મુલાકાત જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વન્યજીવ સપ્તાહ દરમિયાન ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને અરણ્ય ઉદ્યાન ખાતે મુલાકાતીઓ માટે નિઃશુલ્ક પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર સપ્તાહ દરમિયાન ૯,૫૦૦ થી વધુ નાગરિકોએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને અરણ્ય ઉદ્યાનની મુલાકાત લીધી હતી.ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે માટીમાંથી વન્યજીવોના સ્વરૂપના રમકડા બનાવવા જેવી સુંદર પ્રવૃત્તિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં બાળકોએ માટીના વિવિધ વન્યજીવોના સ્વરૂપના રમકડા બનાવતા શિખ્યા હતા.આ પ્રવૃત્તિમાં તમામ વયજૂથના ૨૦૦થી વધુ લોકો જોડાયા હતા અને 'ગીર' ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

## બન્ની પચ્છમના અંતરિયાળ વિસ્તારમાં સેવા આપનાર ડો. દ્રષ્ટિબેનને ભાવભીની વિદાય

જગદીશ પી દવે / દેશલપર (ગુંતલી)



**દર્દીઓની સાથે PHC પરિવારની પણ સંભાળી કાળજી... ડો. દ્રષ્ટિબેનને ભાવભીની વિદાય**

બન્ની પચ્છમના અંતરિયાળ વિસ્તારમાં આવેલ મોટા દીનારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે છેલ્લા એક વર્ષથી મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો. દ્રષ્ટિબેન પીઠડીયાને તબીબી ક્ષેત્રમાં વધુ અભ્યાસ માટે PG કરવા જઈ રહ્યા હોવાથી PHCના સમગ્ર સ્ટાફ દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી.એક વર્ષના સેવાકાળ દરમિયાન ડો. દ્રષ્ટિબેને દર્દીઓની સારવાર સાથે સમગ્ર PHC પરિવારની પણ આત્મીયતાથી કાળજી લીધી હતી. તેમના સેવાભાવ, સહકાર અને માર્ગદર્શનને યાદ કરી સ્ટાફ દ્વારા લાગણીસભર શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.સ્ટાફ દ્વારા જણાવાયું હતું કે, "તમે માત્ર દર્દીઓની જ નહીં, પરંતુ સમગ્ર PHC પરિવારની પણ ખૂબ કાળજી લીધી છે. તમારા માર્ગદર્શન હેઠળ કામ કરવું અમારા માટે સૌભાગ્યની વાત હતી. વધુ અભ્યાસ માટે PG કરવા જઈ રહ્યા છો ત્યારે તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ. તમારું માર્ગદર્શન અને તમારી સાથેની યાદો હંમેશા અમારી સાથે રહેશે."કાર્યક્રમનું સમગ્ર સંચાલન PHC સુપરવાઈઝર ઉમરભાઈ સુમરાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ ડો. સવાના મેમણે કરી હતી. કાર્યક્રમમાં મોટા દીનારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સમગ્ર સ્ટાફનો સહયોગ રહ્યો હતો. PHC પરિવાર દ્વારા ડો. દ્રષ્ટિબેન પીઠડીયાને તેમના આગામી શૈક્ષણિક અને તબીબી સફર માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## નર્મદા જિલ્લાની ટીમે હેન્ડબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો

### એ. પી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું

સત્યવલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લાની ભાઈઓની હેન્ડબોલ ટીમે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ તા. ૬ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન નવસારી જિલ્લાના બીલીમોરા ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં નર્મદા જિલ્લાની ટીમે શાનદાર પ્રદર્શન કરીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.



અત્રે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ની ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ સાથે સંલગ્ન ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલિત રાજપીપલા ની એ .પી. હાઈસ્કૂલ ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય દર્શાવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના શિક્ષકમિત્રોએ ટીમના તમામ ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં. ખેલાડીઓની મહેનત, શિસ્ત, સમર્પણ અને માર્ગદર્શનના પરિણામે નર્મદા જિલ્લાને રાજ્યકક્ષાએ ગૌરવ પ્રાપ્ત થયું છે.

## સુરત ખજોદ ડમ્પિંગ સાઈટ આગ કૌભાંડ

(એજન્સી) સુરત । તા. 09

સુરત શહેરના ખજોદ વિસ્તારમાં આવેલી વિશાળ કચરાની ડમ્પિંગ સાઈટ પર દસ લાખ ટનથી વધુ એકઠા થયેલા કચરાના જંગી ઢગલામાંથી ફરી એકવાર આગ ભભૂકી ઉઠવાની ગંભીર ઘટના સામે આવી છે. બુધવારે બપોરે અંદાજે ત્રણ કને છપ્પન મિનિટના સુમારે બનેલી આ ઘટનાને કારણે સ્થાનિક તંત્ર અને ફાયર વિભાગમાં દોડધામ મચી જવા પામી હતી. લાખો ટન કચરાના નિકાલ અને વ્યવસ્થાપન માટે અગાઉથી જ વિવાદોમાં ઘેરાયેલી આ સાઈટ પર અવારનવાર આગ લાગવાની ઘટનાઓ બનતી હોવાથી પાલિકાની કામગીરી અને પારદર્શિતા સામે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે. સમયસર ફાયર વિભાગની ટીમ પહોંચી જવાથી મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ સમગ્ર મામલે માહિતી છુપાવવાના પ્રયાસો થયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર કચરાના નિકાલ અને વૈજ્ઞાનિક ઢંગથી વ્યવસ્થાપન કરવાના દાવાઓ વચ્ચે વારંવાર સર્જાતી આગની સ્થિતિ તંત્રની લાપરવાહી છતી કરે છે. બુધવારે બપોરે કચરાના ઢગલામાંથી અચાનક ધુમાડા અને આગના ગોટેગોટા નીકળવા લાગતા જ તાત્કાલિક ધોરણે કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી. કોલ મળતાની સાથે જ નજીકના ભીમરાડ ફાયર સ્ટેશનમાંથી ફાયર લાશ્કરોની ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ટીમે ભારે જહેમત ઉઠાવીને કચરાના સળગતા ભાગ પર પાંચ હજાર લિટર જેટલા પાણીનો મારો ચલાવ્યો હતો. અંદાજે દોઢ કલાક સુધી ચાલેલી આ જહેમત બાદ સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી હતી, જેના કારણે મોટી હોનારત ટળી શકી હતી.ગત ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનાથી જ ખજોદ સાઈટ પર કચરાના ઢગલા સતત વધતા જવાને કારણે પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં આ સાઈટ પર દસ લાખ ટનથી વધુ કચરો સંગ્રહિત થયેલો છે.

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ, ચોકીના પ્રાંગણમાં રાસોત્સવનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | મહાપ્રભુશ્રી વલ્લભાચાર્ય ગુરુકુલ - ચોકીના પ્રાંગણમાં, શ્રી પીયૂષબાવાશ્રી, શ્રી વ્રજવલ્લભ બાવાશ્રી એવમ્ આચાર્યશ્રી પરિવારના સાન્નિધ્યમાં તા.11/10/2026ને રવિવારના રોજ સાંજે 6:30 થી 8:00 સુધી મહાપ્રભુશ્રી વલ્લભાચાર્ય ગુરુકુલ, જૂનાગઢ - રાજકોટ નેશનલ હાઈવે, ઉબેણ નદીના પુલ પાસે, ચોકી (સોરઠ) ખાતે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં સર્વે વૈષ્ણવોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## નવી દિલ્હી તરફ જતી પાંચ ટ્રેનો રદ, બે ટ્રેનો પાંચ કલાક મોડી દોડશે

નવી દિલ્હી | પશ્ચિમ રેલવે દ્વારા આગામી દસમી ઓક્ટોબરે નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પરિસરમાં સર્જાનાર અપ્રતિમ ભીડ અને વાહનવ્યવહારના ભારણને ધ્યાનમાં રાખીને એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત નવમી ઓક્ટોબરે પ્રારંભિક સ્ટેશનોથી ઉપડનારી પાંચ મહત્વપૂર્ણ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે જ્યારે અન્ય બે સુપરફાસ્ટ ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરીને પાંચ કલાક મોડી દોડાવવામાં આવશે. રેલવે પ્રશાસન દ્વારા પ્રાપ્ત અધિકૃત અહેવાલો મુજબ, દિલ્હીના મુખ્ય રેલવે સ્ટેશનો પર ભારે ભીડની સંભાવના હોવાથી મુસાફરોની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે આ પગલું ભરવું અનિવાર્ય બન્યું હતું. અગાઉથી જ પ્રવાસનું આયોજન કરી ચૂકેલા મુસાફરોને આકસ્મિક મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, જેને લઈને રેલવે વિભાગે દરેક યાત્રીઓને સ્ટેશને નીકળતા પહેલા પોતાની ગાડીની વર્તમાન સ્થિતિ ચકાસી લેવા ભારપૂર્વક જણાવ્યું છે. નવમી ઓક્ટોબરના રોજ પોતાના પ્રારંભિક સ્ટેશનથી રવાના થતી પાંચ ગાડીઓને સંપૂર્ણપણે નિરસ્ત કરવામાં આવી છે.

# જીવદયા જ પરમધર્મ! મથલ ડેમની કેનાલમાંથી ચાર કાચબાઓને બચાવી આનંદદાન ગઢવીએ આપ્યું જીવનદાન



જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

હાલ ઓછા વરસાદના કારણે જળાશયોમાં પાણી ઘટી રહ્યું છે, ત્યારે અબોલ જળચર જીવોના જીવન સામે પણ સંકટ ઊભું થયું છે. આવી પરિસ્થિતિમાં મથલ ડેમની કેનાલમાં જીવદયાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.આનંદદાન હિંમતદાન ગઢવી પોતાની વાડીએ જઈ રહ્યા હતા, ત્યારે મથલ ડેમની કેનાલમાં આવેલા પાણીના ઊંડા કોઠામાં નજર કરતાં તેમને પાણી સુકાઈ જવાના કારણે ચાર કાચબા ફસાયેલા જોવા મળ્યા હતા. પાણીના અભાવે આ કાચબાઓ અકાળે મૃત્યુ પામે તેવી શક્યતા જણાતાં તેમણે સમયસૂચકતા દાખવી ચારેય કાચબાઓને બહાર કાઢ્યા હતા અને પોતાની વાડીમાં આવેલા પાણીના ટાંકામાં સુરક્ષિત આશ્રય આપ્યો હતો.આનંદદાન ગઢવી તેમજ રૂપસંગજી વર્ધાજી સોઢા ની આ કામગીરી અબોલ જીવો પ્રત્યેની કરુણા, સંવેદનશીલતા અને જીવદયાની ભાવનાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે.

### ખેડૂત મિત્રો માટે આનંદદાન ગઢવીની ખાસ અપીલ

આનંદદાન ગઢવીએ તમામ ખેડૂત મિત્રો અને ગ્રામજનોને અપીલ કરી છે કે હાલ ઓછા વરસાદના કારણે ડેમ, તળાવો, કેનાલો અને અન્ય જળાશયોમાં પાણી સુકાતાં કાચબા સહિતના જળચર જીવો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવા જીવો ખેતર, વાડી કે આસપાસના વિસ્તારમાં પાણીના અભાવે ફસાયેલા જોવા મળે તો તેમની અવગણના કરવાને બદલે તેમને બચાવવા માટે આગળ આવવું જોઈએ.આવા અબોલ જીવો નજરે પડે તો વન વિભાગ અથવા વન્યજીવ બચાવકર્મીઓનો સંપર્ક કરીને તેમને યોગ્ય જળાશયમાં સુરક્ષિત રીતે પહોંચાડવા માટે સહયોગ આપવો જોઈએ."અબોલ જીવોની વેદના સમજીને તેમને બચાવવાનો નાનકડો પ્રયાસ પણ અમૂલ્ય જીવન બચાવી શકે છે." આનંદદાન ગઢવીની આ જીવદયાભરી કામગીરીમાંથી પ્રેરણા લઈને સૌ ખેડૂત મિત્રો અને નાગરિકો અબોલ જીવોની રક્ષા માટે આગળ આવે, તેવી ભાવભીની અપીલ કરવામાં આવી છે.

## પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં ડિજિટલ દેખરેખ

પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તથા રેલવેની સંપત્તિનું રક્ષણ કરવા માટે CCTV કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. વડોદરા મંડળના સુરક્ષા વિભાગને ટ્રેનો અને રેલવે પરિસરમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાની મદદથી ચોરીના બનાવો શોધવામાં તેમજ પથ્થરમારાની ઘટનાઓમાં આરોપીઓની ઓળખ કરીને તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં સફળતા મળી છે. આ દેખરેખ વ્યવસ્થાના પરિણામે વર્ષ 2026 માં અત્યાર સુધી ચોરીના બનાવોનો ભેદ ઉકેલવા, આરોપીઓને પકડવા તથા મુસાફરો અને રેલવેની સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા મળી છે.વર્ષ 2026 માં અત્યાર સુધી CCTV દેખરેખ દ્વારા ટ્રેનોમાં મુસાફરોના સામાનની ચોરીના કુલ 55 કેસનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. આ કેસોમાં 68 આરોપીઓને પકડીને સરકારી રેલવે પોલીસ (GRP)ને સોંપવામાં આવ્યા છે. આરોપીઓ પાસેથી કુલ 3,83,73,196ની ચોરાયેલી મિલકત જપ્ત કરવામાં આવી છે. આ સિદ્ધિ રેલવે પરિસર અને ટ્રેનોમાં સ્થાપિત CCTV કેમેરાની અસરકારક દેખરેખ તેમજ સુરક્ષા એજન્સીઓની સતર્કતા દર્શાવે છે. 3 ઑક્ટોબર, 2026 ના રોજ નડિયાદ રેલવે સ્ટેશનના ફૂટ ઓવરબ્રિજ પર મુસાફર શ્રી ભરતભાઈ પાસેથી આશરે 2.710 કિલોગ્રામ સોનું અને અન્ય કિંમતી સામાન ધરાવતી બેગ લૂંટી લેવામાં આવી હતી. લૂંટાયેલી મિલકતની કુલ કિંમત 3,70,30,851 હતી. આ ઘટનામાં રેલવેનો એક ભૂતપૂર્વ કર્મચારી અને તેના અન્ય ત્રણ સાથીઓ સામેલ હતા, જેઓ ઘટના બાદ અલગ-અલગ વાહનોમાં ફરાર થઈ ગયા હતા. આ અંગે નડિયાદ સરકારી રેલવે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે સુરક્ષા દળ (RPF), નડિયાદ દ્વારા સ્ટેશન પરિસર અને આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાનાં ફૂટેજનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

# ખરીદીના પ્રમાણમાં વાર્ષિક ધોરણે 100%ની વૃદ્ધિ સાથે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026નો ઐતિહાસિક આરંભ

(એજન્સી) બેંગલુરુ । તા. 09

એમેઝોને આજે જાહેર કર્યું હતું કે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026નો ઐતિહાસિક આરંભ થયો છે - જે શોપિંગ ઈવેન્ટ માટે અત્યાર સુધીનો સૌથી મોટો આરંભ હતો. ભારત Amazon.in પર અભૂતપૂર્વ સ્તરે ખરીદી કરી રહ્યો છે, જેમાં ગ્રાહકો વાર્ષિક ધોરણે 100% કરતા વધુ પ્રોડક્ટ્સ ઓર્ડર કરી રહ્યા છે. ભારતના દરેક પિન-કોડમાંથી આવતા ગ્રાહકોએ સ્માર્ટફોન્સ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, સૌંદર્ય, હોમ, કિચન, રોજિંદા વપરાશની આવશ્યક ચીજવસ્તુઓ અને અન્ય ઘણામાં ઓર્ડર અગાઉથી કરી દીધો છે, જેનાથી તે શોપિંગ ઈવેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ખરીદી કરવાનો આરંભ દિવસ બન્યો છે. ગ્રાહકોને સેલર્સ અને બ્રાન્ડ્સ દ્વારા ઓફર કરવામાં આવેલી લાખો પ્રોડક્ટ્સમાં વર્ષની સૌથી નીચી કિંમતે મૂલ્ય મળી રહ્યું છે. બેમાંથી એક ગ્રાહકે ઈએમઆઈનો ઉપયોગ કરીને ખરીદી કરી છે અને ખરીદવામાં આવેલા દર ત્રણ યુનિટમાંથી એકને કેશબેકનો રિવોર્ડ આપવામાં આવ્યો છે. પ્રોડક્ટ્સના સૌથી મોટા ક્યુરેશન પર પ્રાઈમ-ઓનલી ઓફર્સ ઉપલબ્ધ હોવાની સાથે પ્રાઈમ સભ્યોએ પાછલા વર્ષની તુલનામાં 100%થી વધુની બચત કરી છે. ભારતમાં ગ્રાહકોની દિવસની શરૂઆત થઈ તેના કલાકોની અંદર તેમને લાખો ડીલ્સ ડિલિવર કરવામાં આવી હતી. એમેઝોન નાઉ દ્વારા સેવા આપવામાં આવતા 120થી વધુ શહેરોમાં બેમાંથી એક પ્રોડક્ટ માત્ર મિનિટોની અંદર ડિલિવર કરવામાં આવી હતી. "એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026ના આરંભિક ટ્રેન્ડ્સે અમારી સૌથી વધુ




આશાવાદી અપેક્ષા કરતા વધુ સારી કામગીરી કરી છે. અમે મધ્યરાત્રિથી તમામ ગ્રાહકો માટે તેને ખુલ્લો મૂક્યો છે અને ગ્રાહક સામેલગીરી, ઓર્ડર વોલ્યુમ્સ અને ડિલિવરીની ઝડપમાં અગાઉથી નવું સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. અમે ઓર્ડર કરેલી પ્રોડક્ટ્સમાં 100%નો વિક્રમજનક વધારો નોંધાવ્યો છે અને પ્રાઈમ સભ્યો માટે વધારાની બચત, ત્વરીત બેંક ડિસ્કાઉન્ટ્સ, એક્સચેન્જ, નો-કોસ્ટ ઈએમઆઈ, એમેઝોન પે લેટર અને મૂલ્ય આધારિત ઘણા બધા પ્રોગ્રામ્સ સાથે આકાંક્ષાઓ પરવડી શકે એવી બનતી જોઈને અમે ખુશ છીએ. મેટ્રો શહેરોથી લઈને નાના નગરો સુધી - ભારત શ્રેષ્ઠ ડીલ્સ, વ્યાપક પસંદગી અને ઝડપી ડિલિવરીઝ માટે Amazon.in પર ખરીદી કરવાનું પસંદ કરી રહ્યો છે. ફેસ્ટિવ મોસમ માત્ર શરૂ જ થઈ છે, અને અમે દેશભરના દરેક ગ્રાહકોને ખુશ કરવા માટે પ્રતિબદ્ધ છીએ", એમ એમેઝોન ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું હતું.વિવિધ કેટેગરીઝમાં બ્લોકબસ્ટર માગ:સ્માર્ટફોન્સ અને ઈલેક્ટ્રોનિક્સઃ અપગ્રેડ આ સીઝનની પસંદગી રહી હતી, જેમાં પ્રિમિયમ એન્ડ્રોઈડ સ્માર્ટફોન્સમાં વાર્ષિક ધોરણે 70% વધારો નોંધાઈ રહ્યો છે. એપલ આઈફોન 16, સેમસંગ ગેલેક્સી એસ25 અલ્ટ્રા, વનપ્લસ નોર્ડ 6, ઝાઓમી 17 અને iQOO 15આર ગ્રાહકો દ્વારા સૌથી વધુ પસંદ કરવામાં આવી હતી, કારણ કે તેમનો ઝોક ફ્લેગશીપ કેમેરા, ઝડપી ચિપ્સ અને મોટા ડિસ્પ્લેની તરફ હતો. લેપટોપ્સમાં, મેકબુક નિઓનું વેચાણ નિયમિત દિવસ કરતા 65 ગણું ઊંચું હતું. પ્રિમિયમ વેરેબલ્સનું વેચાણ નિયમિત દિવસ કરતા 65 ગણું વધુ હતું, જેમાં ગાર્મિન, એપલ, સેમસંગ અને અમેઝફિટ મોખરે રહી હતી.હોમ એન્ટરટેઈન્મેન્ટ અને એપ્લાયન્સિસઃ ગ્રાહકોએ સ્ક્રીન્સ અને સાઉન્ડ પર વધુ ધ્યાન આપ્યું હતું, જેમાં હોમ એન્ટરટેઈન્મેન્ટનું વેચાણ નિયમિત દિવસો કરતા વધુ 77 ગણું વધ્યું હતું. 55 અને તેથી વધુ ઈંચના ટીવીનો હિસ્સો કુલ વેચાણ થયેલા ટીવીમાંથી 65% રહ્યો હતો. સોની, જેબીએલ અને સેમસંગના હાઈ-એન્ડ હોમ થિએટર સિસ્ટમ્સે વધુ સારું પ્રદર્શન કર્યું છે, જેમાં પ્રથમ 12 કલાકમાં નિયમિત દિવસો કરતા 100 ગણું વધુ વેચાણ નોંધાયું હતું. ગ્રાહકોએ તેમના ઘરને અપગ્રેડ કર્યા છે.

# ટાટા એઆઈએ વાઈટાલિટી: તમારા આયુષ્યને પાંચ વર્ષ વધારવા માટે નવેસરથી પરિકલ્પિતવેલનેસ પ્રોગ્રામ

(એજન્સી) મુંબઇ । તા. 09

વૈજ્ઞાનિક સંશોધનના મજબૂત પાયા પર તૈયાર કરવામાં આવેલી ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સની આ નવીસુવિધા રોજિંદા જીવનમાં આરોગ્યપ્રદ આદતો અપનાવવાને પ્રોત્સાહન આપે છે, જેમાં જીવન વીમાકવચ પણ સામેલ છેમુંબઈ, 9 ઑક્ટોબર, 2026:તમે રોજિંદા જીવનમાં જે નાના-નાના નિર્ણયો લો છો, તે તમારા આયુષ્યનેવધારે તો કેવું? જેમ કે, તમે ચાલવા જવાનું લગભગ છોડી દીધું હતું, એક કલાક વધારે ઊંઘવુંઅથવા તો આરોગ્યની તપાસ કરાવવાનું વારંવાર મુલતવી રાખવું.ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સની તાજેતરમાં નવેસરથી લૉન્ચ કરવામાં આવેલી વાઈટાલિટી ઑફરિંગના કેન્દ્રસ્થાને રહેલું વેલનેસનું મુખ્ય પ્રેરકતત્વ એટલે ટાટા એઆઈએ વાઈટાલિટી.સંશોધન દર્શાવે છે કે જે લોકો સતત વધુને વધુ આરોગ્યપ્રદ આદતો અપનાવે છે, તેઓ સંભવિતપણે પોતાના અપેક્ષિત આયુષ્યને5 વર્ષ* સુધી વધારી શકે છે.વર્ષ 2022માં ભારતમાં પહેલીવાર વાઈટાલિટી રજૂ કરવામાં આવીહતી, ત્યારથી ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ ભારતીય ગ્રાહકો સુધી આ વૈજ્ઞાનિક અભિગમ પહોંચાડી રહી છે. હવે આ પ્રોગ્રામને દીર્ઘાયુષ્ય પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, રીવૉર્ડ્સ મેળવવાના વધુ સરળ રસ્તાઓ અને અઢળક લાભ સાથે ફરી રજૂ કરવામાં આવ્યો છે.આ લૉન્ચ અંગે વાત કરતાં, ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ બિઝનેસ ઑફિસર - પ્રોપરાઈટરી બિઝનેસ, પ્રપોઝિશન્સ અને માર્કેટિંગ, શ્રી સુજીત કોઠારેએ જણાવ્યું હતું કે, 'અમારું માનવું છે કે વીમા ક્ષેત્રનું ભવિષ્ય સુરક્ષા પૂરી પાડવાની સાથે-સાથે નિવારક પગલાં લેવા પર પણ એટલું નિર્ભર છે.ટાટા એઆઈએ વાઈટાલિટી હેલ્થ પરંપરાગત હેલ્થ કવરેજથી આગળ વધીને, વિજ્ઞાન પર આધારિત વેલનેસ પ્રોગ્રામના માધ્યમથી વધુ આરોગ્યપ્રદ આદતો અપનાવવાને પ્રોત્સાહિત કરે છે, જેમાં પ્રગતિ અને હકારાત્મક આદતો બદલ રીવૉર્ડ્સ આપવામાં આવે છે.વેલનેસને વીમાકવચ સાથે જોડીને, અમે વ્યક્તિઓ અને પરિવારોને વધુ આરોગ્યપ્રદ જીવન જીવવામાં મદદ કરી રહ્યાં છીએ અનેસાથે-સાથે તેમનેવધુને વધુ નાણાકીય સદ્ધર પણ બનાવી રહ્યાં છીએ.'જીવનના દરેક તબક્કાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી વેલનેસની પ્રક્રિયા: ટાટા એઆઈએ વાઈટાલિટી એ બાબતને ધ્યાનમાં રાખે છે કે, ગ્રાહકના જીવનના વિવિધ તબક્કાઓ સાથે વધુ આરોગ્યપ્રદ જીવનનો અર્થ પણ બદલાતો રહે છે. આ પ્રોગ્રામને વ્યક્તિગત જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં આવ્યો છે, જેથી ગ્રાહકોનેતેમની વર્તમાન જીવનશૈલી, લક્ષ્યો અને આકાંક્ષાઓને અનુરૂપ હકારાત્મક પસંદગીઓ કરવા બદલ રીવૉર્ડ્સ આપી શકાય.યુવા ગ્રાહકોકે જેઓ પહેલેથી જ ફિટનેસ અને વેલનેસને પોતાના રોજિંદા જીવનનો અભિન્ન હિસ્સો માને છે, તેમના માટે ટાટા એઆઈએ વાઈટાલિટી તેમની વર્તમાન આદતોને મૂલ્યવાન રીવૉર્ડ્સમાં ફેરવે છે. નિયમિત કસરત કરવી, પોતાની પ્રવૃત્તિઓ પર નજર રાખવી, પોષણ પર ધ્યાન આપવું કે સ્વ-વિકાસ માટે પ્રયાસો કરવા જેવી પ્રવૃત્તિઓમાં આ પ્રોગ્રામ તેમની પહેલેથી જ અપનાવેલી જીવનશૈલીને અનુરૂપ પસંદગીઓને ઓળખે છે અને તેના બદલ રીવૉર્ડ્સ આપે છે. દંપતીઓમાટે વેલનેસ એક સહિયારી સફર બની જાય છે. જેમ-જેમ જીવનમાં એકબીજા સાથેનો તાલમેલ વધે છે, તેમ-તેમ રોજિંદી આદતો પણ એકબીજા સાથે જોડાતી જાય છે. ટાટા એઆઈએ વાઈટાલિટી જીવનસાથીઓને એકબીજાને પ્રોત્સાહિત કરવા, સાથે મળીને વધુ આરોગ્યપ્રદ દિનચર્યા વિકસાવવા અને લાંબાગાળા સુધી સ્વસ્થ રહેવા માટે સહિયારી કટિબદ્ધતા કેળવવા પ્રોત્સાહિત કરે છે.પરિવારોમાટે સ્વસ્થ જીવનશૈલી અપનાવવી એ સાથે મળીને હકારાત્મક આદતો વિકસાવવાની એક તક બની જાય છે. રસપ્રદ અનુભવો અને સહજ રીતે સમજી શકાય તેવી વાતો દ્વારા ટાટા એઆઈએ વાઈટાલિટી પરિવારો માટે વેલનેસને વધુ સુલભ અને આનંદદાયક બનાવે છે. આ પ્રોગ્રામ માતા-પિતા અને બાળકોને વધુ આરોગ્યપ્રદ પસંદગીઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે, જેથી રોજિંદા જીવનની બિનઆરોગ્યપ્રદ આદતોને હકારાત્મક આદતોમાં બદલી શકાય. નિવૃત્તિની નજીક પહોંચેલાઅથવા પહેલેથી જ નિવૃત્ત જીવનનો આનંદ માણી રહેલા ગ્રાહકો માટે, નાણાકીય તૈયારી એ ભવિષ્યના આયોજનનુંફક્ત એક પાસું છે. ટાટા એઆઈએ વાઈટાલિટી ગ્રાહકોને નિવૃત્તિ પછીનાં જીવનનો આનંદ માણવા માટે જરૂરી સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે, જેથી તેઓ વધતી ઉંમરે પણ સ્વસ્થ રહી શકે, સક્રિય જીવન જીવી શકે અને પોતાની સ્વતંત્રતા જાળવી શકે. આ વ્યક્તિગત અભિગમ એક સરળ માન્યતાને પ્રતિબિંબિત કરે છે: વેલનેસ એ એકવાર હાંસલ કરી લેવાનું લક્ષ્ય નથીપરંતુ રોજિંદા નિર્ણયો દ્વારા ઘડાતી રહેતી એક સતત પ્રક્રિયા છે.

# ફ્યુઝન સીએક્સનો રૂ. 702 કરોડનો આઈપીઓ 14 ઓક્ટોબરથી ખુલશે, શેરદીઠ રૂ. 275થી રૂ. 289નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો



(એજન્સી) મુંબઇ । તા. 09

ગ્રાહકોને વધુ સારો અનુભવ પૂરો પાડતી સેવાઓ અને એઆઈ ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ આપતી કંપની ફ્યુઝન સીએક્સ લિમિટેડે તેના રૂ. 702 કરોડના આઈપીઓ માટે શેરદીઠ રૂ. 275થી રૂ. 289નો પ્રાઈઝ બેન્ડ નક્કી કર્યો છે. કંપનીનો આઈપીઓ બુધવાર, 14 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે અને શુક્રવાર, 16 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે, જ્યારે એન્કર બુક સબ્સ્ક્રીપ્શન માટે મંગળવાર, 13 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે.કોલકાતામાં મુખ્ય મથક ધરાવતી આ કંપનીનો આઈપીઓ બે ભાગમાં વહેંચાયેલો છે. તેમાં રૂ. 500 કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને કંપનીના પ્રમોટર શેરધારકો પી એન એસ બિઝનેસ પ્રાઈવેટ લિમિટેડ અને રશિશ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 202 કરોડ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ) નો સમાવેશ થાય છે. ફ્યુઝન સીએક્સ ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ નીચે મુજબ કરવાની યોજના ધરાવે છે. કંપની અને તેની કેટલીક પેટાકંપનીઓએ લીધેલી બાકી લોનની ચુકવણી અથવા અગાઉથી ચુકવણી કરવા માટે રૂ. 275 કરોડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત, આઈટી ટૂલ્સ (આર્યા અને માઈન્ડવૉઈસ)ને અપગ્રેડ કરવા માટે કંપનીની પેટાકંપનીઓની પેટાકંપનીઓ એવી Omind ટેક્નોલોજીસ ઈન્કોર્પોરેશન અને Omind ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડમાં રૂ. 61 કરોડનું રોકાણ કરવામાં આવશે. બાકીની રકમનો ઉપયોગ ઓળખ નક્કી ન કરાયેલી કંપનીઓના હસ્તાંતરણ દ્વારા વ્યવસાયનો વિસ્તાર કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.પંકજ ધનુકા અને કિશોર સારાવોગીએ સહસ્થાપક તરીકે વર્ષ 2004માં ફ્યુઝન સીએક્સની સ્થાપના કરી હતી. કંપની પોતાના ક્ષેત્રના ઊંડા અનુભવ અને પોતાની માલિકીના એઆઈ સાધનોના સમન્વયથી મોટા પાયે સ્માર્ટ, વિવિધ ભાષાના અને વિવિધ માધ્યમો દ્વારા ગ્રાહકો સાથે જોડાણની સેવાઓ પૂરી પાડે છે. જનરેટિવ એઆઈ આધારિત વિવિધ ટેક્નોલોજીના ઉપયોગથી કંપની ગ્રાહકો સાથેના જોડાણને વધુ અસરકારક બનાવે છે, કામગીરીની કાર્યક્ષમતામાં વધારો કરે છે અને વ્યવસાયના ડિજિટલ પરિવર્તનને વેગ આપે છે.

# એજિયસ ફેડરલ લાઈફ ઈન્સ્યોરન્સે ગિફ્ટ સિટીનો પ્રથમ મલ્ટી-કરન્સી લાઈફ ઈન્શ્યોરન્સ પ્લાન 'ઑરમ એડવાન્ટેજ' લોન્ચ કર્યો

(એજન્સી) મુંબઇ । તા. 09

ભારતની અગ્રણી ખાનગી જીવન વીમા કંપનીઓમાંની એક એજિયસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સે (એએફએલઆઈ) આજે 'ઑરમ એડવાન્ટેજ પ્લાન' લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. આ ગિફ્ટ સિટીમાં જીવન વીમા કંપની દ્વારા રજૂ કરવામાં આવેલો પ્રથમ મલ્ટી-કરન્સી લાઈફ ઈન્શ્યોરન્સ પ્લાન છે. ગ્રાહકો અમેરિકન ડોલર, યુરો




અથવા પાઉન્ડમાં રોકાણ કરી શકશે અને તેની સાથે લાઈફ ઈન્શ્યોરન્સ સુરક્ષા પણ મેળવી શકશે. આ લોન્ચ સાથે એએફએલઆઈએ ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર (આઈએફએસસી), ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)માં પોતાની કામગીરી શરૂ કરી છે. આ સાથે કંપનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે સતત પ્રવાસ કરતા અને વિવિધ દેશોમાં રહેતા ગ્રાહકો માટે પોતાની ઓફરિંગ્સનો વ્યાપ પણ વધાર્યો છે. 'ઑરમ એડવાન્ટેજ પ્લાન' યુનિટ લિન્ક્ડ ઈન્શ્યોરન્સ પ્લાન (યુલિપ) છે, જે ઈન્ટરનેશનલ ઈક્વિટી, ફિક્સ્ડ ઈન્કમ અને સોના સહિત વિવિધ પ્રકારની સંપત્તિમાં રોકાણની તક આપે છે. આથી ભૌગોલિક વિસ્તારો અને વિવિધ રોકાણ શ્રેણીઓમાં ડાયવર્સિફિકેશન કરી શકાય છે. આ પ્લાન હેઠળ પ્રીમિયમ ચૂકવવાના વિવિધ વિકલ્પો અને ફંડની વિવિધ વ્યૂહરચનાઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તેમાં કોઈ લોક-ઈન મુદત વિના આંશિક ઉપાડની સુવિધા પણ છે. પ્લાન હેઠળ પાકતી મુદતના લાભો, વફાદારી વધારા અને મૃત્યુ લાભો પણ ઉપલબ્ધ છે, જે લાગુ પડતી શરતો અને નિયમોને આધીન રહેશે. 'ઑરમ એડવાન્ટેજ પ્લાન' કોઈપણ રાષ્ટ્રીયતાના ગ્રાહકો માટે ઉપલબ્ધ છે અને તેમના રહેઠાણના દરજ્જાને ધ્યાનમાં લીધા વિના તેઓ આ પ્લાનનો લાભ લઈ શકે છે. તેમાં એનઆરઆઈ, ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) અને પર્સન્સ ઑફ ઈન્ડિયન ઓરિજિન (પીઆઈઓ)નો પણ સમાવેશ થાય છે, જે લાગુ પડતી શરતો અને નિયમોને આધીન રહેશે. પસંદ કરવામાં આવેલા ચલણ પ્રમાણે આ યોજનામાં લઘુત્તમ રોકાણ રકમ 3,000 અમેરિકન ડોલર, 3,000 યુરો અથવા 3,000 બ્રિટિશ પાઉન્ડ છે.લોન્ચ અંગે એજિયસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી જુડ ગોમ્સે જણાવ્યું હતું કે, "આંતરરાષ્ટ્રીય નાણાંકીય હિત ધરાવતા ગ્રાહકો વધુને વધુ એવા પ્લાન્સ શોધી રહ્યા છે, જેના દ્વારા તેઓ વિવિધ ચલણ અને બજારોમાં રોકાણ કરી શકે. ઑરમ એડવાન્ટેજ પ્લાન મલ્ટી-કરન્સી રોકાણના વિકલ્પોને લાઈફ ઈન્શ્યોરન્સ સુરક્ષા સાથે જોડીને આ જરૂરિયાત પૂરી કરે છે. ગિફ્ટ સિટીમાં અમારી કામગીરીની શરૂઆત અમને આંતરરાષ્ટ્રીય બજારોમાં ગ્રાહકોને તેમની બદલાતી નાણાંકીય જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં આવેલા સોલ્યુશન્સ પૂરા પાડવા માટે મજબૂત પ્લેટફોર્મ આપે છે."ગિફ્ટ સિટીમાં પોતાની કામગીરી દ્વારા એજિયસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સ મધ્ય પૂર્વ, ઉત્તર અમેરિકા, યુરોપ, યુકે, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયા સહિતના મુખ્ય આંતરરાષ્ટ્રીય બજારોના ગ્રાહકોને સેવાઓ પૂરી પાડશે.

# ડિ બિયર્સ અને ફોરેવરમાર્ક ડાયમન્ડ જ્વેલરી લાવે છે જયુપુર રોયલ લેગસી

જયપુર | જયપુરના ઐતિહાસિક સિટી પેલેસના પરિસરમાં, ડી બીયર્સ (De Beers) દ્વારા ભારતમાં કુદરતી હીરા માટેના બે મહત્વપૂર્ણ નવા પ્રકરણોની ઉજવણી કરવા માટે એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વારસો, સમકાલીન સંસ્કૃતિ અને હીરાના દાગીનાનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. આ સાંજ દરમિયાન જયપુરના મહારાજા સવાઈ પદ્મનાભ સિંહને ભારતમાં ડી બીયર્સ ગ્રૂપના કુદરતી હીરાના પુરસ્કર્તા (એડવોકેટ) તરીકે રજૂ કરવામાં આવ્યા હતા, જ્યારે ફોરેવરમાર્ક ડાયમંડ જ્વેલરીએ જયપુરના રાજકુમારી ગૌરવી કુમારીને ચમકાવતા એક નવા ઉત્સવ અભિયાન સાથે ભારતમાં પોતાની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરી હતી. આ બંને ક્ષણોએ હીરાની કુદરતી ઉત્પત્તિ, દુર્લભતા અને પ્રામાણિકતાથી લઈને દાગીના, ડિઝાઈન અને વ્યક્તિગત શૈલી દ્વારા તેમની સમકાલીન અભિવ્યક્તિ સુધીના ડી બીયર્સના વિઝનને રજૂ કર્યું હતું.જયપુરના મહારાજા તરીકે અને દાગીના, શિલ્પકલા તથા કિંમતી રત્નોથી ઘડાયેલા જીવંત વારસાના એક ભાગ રૂપે, મહારાજા સવાઈ પદ્મનાભ સિંહ દુર્લભતા, ઉદભવ અને સમયની મર્યાદાથી પર રહેતી ચીજવસ્તુઓના મૂલ્યની સહજ સમજ ધરાવે છે. ડી બીયર્સ સાથેની તેમની ભૂમિકા કુદરતી હીરાની વાર્તાને એક નવી સાંસ્કૃતિક ચર્ચામાં સામેલ કરવાની છે, જે તેની અસાધારણ કુદરતી ઉત્પત્તિ અને વિશિષ્ટતાને એક એવી પેઢી સાથે જોડે છે જે પ્રામાણિકતા, અર્થ અને વ્યક્તિગત અભિવ્યક્તિ દ્વારા લક્ઝરીની વ્યાખ્યા ફરીથી નક્કી કરી રહી છે. આના દ્વારા, તેઓ હીરા સાથેના શાહી પરિવારના પરંપરાગત સંબંધોને વર્તમાન સમયમાં લાવે છે, સાથે સાથે ભારતમાં કુદરતી હીરાના આગામી અધ્યાયને આકાર આપવામાં મદદ કરે છે.જયપુરના મહારાજા સવાઈ પદ્મનાભ સિંહે જણાવ્યું હતું કે, "મારા માટે વારસો એ માત્ર ભૂતકાળને જાળવી રાખવા પૂરતો નથી; તે એ સમજવા વિશે છે કે તમે ક્યાંથી આવ્યા છો અને તે વારસાને ભવિષ્ય માટે કેવી રીતે સુસંગત બનાવવો. કુદરતી હીરામાં પણ આ જ સમાન નિર્ભરતા અને સાતત્ય જોવા મળે છે. તે અસાધારણ સમયગાળા દરમિયાન પ્રકૃતિ દ્વારા ઘડાયેલો હોય છે, અને તેનું મૂલ્ય માત્ર તેની સુંદરતામાં જ નથી, પરંતુ તેની દુર્લભતા અને પ્રામાણિકતામાં છે જે તેને ખરેખર કાલાતીત બનાવે છે.

ભારતની માનસિક સ્વાસ્થ્યની વિચારસરણીને સમજવી

# આદિત્ય બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સના-Nishchit Index 2.0માંથી પ્રાપ્ત જાણકારી

(એજન્સી) મુંબઇ । તા. 09

ભારતની અગ્રણી વિવિધ સેવાઓ આપતી ધિરાણ સેવા કંપની આદિત્ય બિરલા કેપિટલની જીવન વીમા પેટાકંપની આદિત્ય બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ ("ABSLI")એ 10 ઓક્ટોબરના રોજ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ અગાઉ આજે એના -Nishchit Index 2.0ના તારણો જાહેર કર્યા હતા.આ તારણો લોકોમાં ભારતમાં માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધિત ચિંતાઓ વિશે જાગૃતિ વધી રહી હોવાની સાથે વ્યાવસાયિક મદદ મેળવવામાં સતત ખચકાટ પણ હોવાનું જણાવે છે. તેમાં એવી જાણકારી પણ જણાવે છે કે, દેશમાં માનસિક સ્વાસ્થ્યની કોઈ એક સ્ટોરી નથી, કોઈ એક નિશ્ચિત સારવાર પણ નથી તથા તમામ વિસ્તારો અને પુરુષો-સ્ત્રીઓમાં આ સંબંધમાં ચિંતાઓ પણ મહત્વપૂર્ણ રીતે ઘણી અલગ છે.મહત્વપૂર્ણ તારણો : 81% ભારતીયોનું માનવું છે કે, સંપૂર્ણ સમાજમાં માનસિક સ્વાસ્થ્યનીસમસ્યાઓ વધી રહી છે, તો આશરે 80% સારવાર કે સલાહ લેવામાં ખચકાટ અનુભવે છે. પૂર્વ ભારતમાં લોકો સૌથી વધુ ખચકાટ અનુભવે છે. પૂર્વમાં 25% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે, તેઓ સારવાર મેળવવામાં ખચકાટ અનુભવે છે, તો આ પ્રમાણ ઉત્તરમાં 22%, પશ્ચિમમાં 21% અને દક્ષિણમાં 14% છે.પૂર્વમાં મહિલાઓની સરખામણીમાં પુરુષો વધારે ખચકાટ અનુભવે છે. પૂર્વમાં 27% પુરુષો ખચકાટ અનુભવે છે, જેની સરખામણીમાં 24% મહિલાઓ ખચકાટ અનુભવે છે. પૂર્વ ભારત માનસિક સ્વાસ્થ્યની સમસ્યામાં વધારાને લઈને સૌથી વધુ ચિંતિત છે. પૂર્વમાંથી 26% ઉત્તરદાતાઓએ આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ઉત્તર અને પશ્ચિમમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓ વધારે ચિંતિત છે. 25% મહિલાઓ અને 22% પુરુષો માનસિક સ્વાસ્થ્યની વર્તમાન સમસ્યાઓને લઈને ચિંતિત છે. પૂર્વમાં માતાપિતાઓને તેમના બાળકોની ચિંતા સૌથી વધુ છે. પૂર્વમાં 25% માતાપિતાઓને આઘાતનો સામનો કરવાની બાળકોની ક્ષમતાને લઈને ચિંતા છે, તો રાષ્ટ્રીય સ્તરે 21% ટકા માતાપિતાઓને આ પ્રકારની ચિંતા છે. Mpowerના પરિણામોના વિશ્લેષણોથી આ વાત સામે આવી છે કે, માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધિત ચિંતાઓ ઓળખવાથી આગળ વધારીને ઝડપી મદદ લેવામાં વધારે સામાન્ય અને સરળ બનવાની જરૂર છે. વિવિધ વિસ્તારો અને લિંગના હિસાબથી મદદ લેવામાં અલગ-અલગ અવરોધો આવતા હોવાથી પરિણામો સપોર્ટના માર્ગના મહત્વ પર ભાર મૂકે છે, જે સરળ, ઉપયોગી અને સરળતાપૂર્વક ઉપયોગ કરી શકાય.

# સેન્સેક્સમાં 900 તો નિફ્ટીમાં 300 પોઈન્ટથી વધુની જોરદાર રિકવરી




**ભારતીય શેરબજારમાં જબરદસ્ત ખરીદી જોવા મળી છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને તેજી સાથે બંધ થયા**

**ભારતીય શેરબજારમાં છેલ્લા બે દિવસના રેકોર્ડ કડાકા બાદ આજે શુક્રવારે ભારે સુધારો જોવા મળ્યો છે. રોકાણકારોની રૂ. 10 લાખ કરોડથી વધુની સંપત્તિ ધોવાયા બાદ, BSE સેન્સેક્સ 900 પોઈન્ટ અને NSE નિફ્ટી 300 પોઈન્ટથી વધુ ઉછળ્યા.**

(એજન્સી) મુંબઇ । તા. 09

છેલ્લા બે દિવસથી સતત રેકોર્ડ કડાકા અને અફરાતફરીનો સામનો કરી રહેલા ભારતીય શેરબજારમાં આજે શુક્રવારે આખરે મસમોટો સુધારો જોવા મળ્યો છે. રોકાણકારોની કૂલ 10 લાખ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ધોવાઈ ગયા બાદ આજે બજાર ખુલ્લેઆમ રિકવરી તરફ દોડ્યું હતું. BSE સેન્સેક્સ 900 પોઈન્ટથી વધુ અને NSE નિફ્ટી 300 પોઈન્ટથી વધુ ઉછળતા બજારમાં ફરી રોકાણકારોનો ઉત્સાહ ઓપોઝિટ ગિયરમાં જોવા મળ્યો હતો. આજના કારોબાર દરમિયાન ભારતીય બજારે શરૂઆતથી જ મજબૂત સંકેતો આપ્યા હતા. સેન્સેક્સ આજે 71,776.67 પર ખૂલ્યા બાદ 72,502.92 ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. સવારે 11:26 am IST વાગ્યા સુધીમાં સેન્સેક્સ 865.45 પોઈન્ટ (1.21%) ના ઉછાળા સાથે 72,458.69 ની સપાટી પર ટ્રેડ કરી રહ્યો હતો. અગાઉનું ક્લોઝિંગ (Prev close) 71,593.24 હતું, જ્યારે આજના દિવસનો નીચલો સ્તર (Low) 71,739.49 નોંધાયો હતો. જોકે સેન્સેક્સમાં અત્યાર સુધીમાં આજનો કુલ ઉછાળો 909 પોઈન્ટનો રહ્યો હતો. નિફ્ટી 50 ઈન્ડેક્સ આજે 22,314.95 ની સપાટી પર ઓપન થઈને 22,534.40 ની ટોચે પહોંચ્યો હતો. 11:26 am IST વાગ્યા સુધીમાં તે 280.95 પોઈન્ટ (1.26%) ના વધારા સાથે 22,512.75 ની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. અગાઉનું ક્લોઝિંગ 22,231.80 હતું અને લોઅર સપાટી 22,294.75 રહી હતી. જોકે નિફ્ટીમાં અત્યાર સુધીમાં આજનો કુલ ઉછાળો 303 પોઈન્ટનો રહ્યો હતો.

# ફ્રેન્કલિન ઈન્ડિયા સ્મોલ કેપ ફંડનું એયુએમ રૂ. 14,000 કરોડને પાર

(એજન્સી) મુંબઇ । તા. 09

ફ્રેન્કલિન ઈન્ડિયા સ્મોલ કેપ ફંડ ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની 20 વર્ષનો ટ્રેક રેકોર્ડ ધરાવતી કેટલીક સ્મોલ કેપ સ્કીમ્સમાંની એક છે. આ ફંડે એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ)ના રૂ. 14,000 કરોડના મહત્વપૂર્ણ સીમાચિહ્નને પાર કર્યું છે. આ સિદ્ધિ રોકાણકારોના ફંડની લાંબા ગાળાની રોકાણ વ્યૂહરચના અને સંપત્તિ સર્જનની ક્ષમતા પરના વિશ્વાસને દર્શાવે છે. ફંડની વૃદ્ધિને મજબૂત વૃદ્ધિની સંભાવના અને વ્યવસાયને મોટા પાયે વિસ્તારી શકાય તેવા મોડલ ધરાવતી ઉચ્ચ ગુણવત્તાવાળી સ્મોલ કેપ કંપનીઓને ઓળખવા પરના તેના સતત ધ્યાનથી ટેકો મળ્યો છે. વર્ષોથી આ સ્કીમે વિવિધ ક્ષેત્રોમાં ઉભરી રહેલા વ્યવસાયોની કાળજીપૂર્વક પસંદગી કરીને રોકાણકારોને ભારતની આર્થિક વિકાસયાત્રામાં ભાગ લેવાની તક આપી છે.ફ્રેન્કલિન ઈન્ડિયા સ્મોલ કેપ ફંડના પોર્ટફોલિયો મેનેજર અખિલ કલુરીએ જણાવ્યું હતું કે, "અમારા રોકાણકારોનો સતત વધી રહેલો વિશ્વાસ અમને પ્રોત્સાહિત કરે છે. આગળ જતાં અમારું માનવું છે કે ભારતનું બદલાતું આર્થિક પરિદ્રશ્ય ગુણવત્તાયુક્ત સ્મોલ કેપ કંપનીઓ માટે મજબૂત તકો ઊભી કરી રહ્યું છે. અમારું ધ્યાન મજબૂત પાયાવાળા અને મોટા પાયે વિસ્તરી શકાય તેવી વૃદ્ધિની ક્ષમતા ધરાવતા વ્યવસાયોને ઓળખવા તથા રોકાણકારો માટે ટકાઉ મૂલ્યનું સર્જન કરવા લાંબા ગાળાની, સંશોધન આધારિત અને શિસ્તબદ્ધ રોકાણ પદ્ધતિ જાળવી રાખવા પર રહેશે."સતત લાંબા ગાળાનું શ્રેષ્ઠ પ્રદર્શન : ફ્રેન્કલિન ઈન્ડિયા સ્મોલ કેપ ફંડે લાંબા ગાળે સ્પર્ધાત્મક વળતર આપ્યું છે અને તેના બેન્ચમાર્ક નિફ્ટી સ્મોલકેપ 250 ઈન્ડેક્સ કરતાં છેલ્લા 15 વર્ષમાં તેમજ ફંડની શરૂઆતથી અત્યાર સુધીના સમયગાળામાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. આ બાબત તેની સંશોધન આધારિત રોકાણ પદ્ધતિની અસરકારકતા દર્શાવે છે. આ યોજનાનો લાંબા ગાળાનો ટ્રેક રેકોર્ડ સ્મોલ કેપ ક્ષેત્રમાં શિસ્તબદ્ધ રોકાણની સંભાવના દર્શાવે છે. બજારના વિવિધ ચક્રો દરમિયાન પણ રોકાણ જાળવી રાખવા તૈયાર ધીરજવાન રોકાણકારો માટે આ ક્ષેત્ર ઐતિહાસિક રીતે વધારાનું વળતર મેળવવાનો સ્રોત રહ્યું છે. લાંબા ગાળે સંપત્તિ સર્જનની શક્તિનું પ્રદર્શન : સમય જતાં રોકાણકારો માટે ફંડે ઊભી કરેલી સંપત્તિમાં તેની કામગીરીની અસર જોવા મળે છે.

# ટીવીએસ મોટર કંપનીએ મિસાનો ખાતે ટીઆરઆઈસીની શરૂઆત સાથે યુરોપ સુધી પોતાની વૈશ્વિક મોટરસાઈકલ સફરને વિસ્તારી

(એજન્સી) સિંગાપોર । તા. 09

વિશ્વની ત્રીજા ક્રમની સૌથી મોટી ટુ-વ્હીલર ઉત્પાદક અને થ્રી-વ્હીલર ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી ટીવીએસ મોટર કંપની (ટીવીએસએમ)એ ઈટાલીના મિસાનો એડ્રિયાટિકો ખાતે આવેલા પ્રસિદ્ધ મિસાનો વર્લ્ડ સર્કિટમાં 2026 ટીવીએસ રેસિંગ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપ (ટીઆરઆઈસી) (TRIC) ની યુરોપમાં શરૂઆત કરીને પોતાની વૈશ્વિક મોટરસાઈકલ ક્ષેત્રે વિસ્તરણની મહત્વાકાંક્ષાને વધુ મજબૂત બનાવી છે. 2થી 4 ઓક્ટોબર, 2026 દરમિયાન યોજાયેલ ઈટાલી રાઉન્ડ ટીવીએસ મોટરની આંતરરાષ્ટ્રીય સફરમાં એક મહત્વપૂર્ણ નવા અધ્યાયની શરૂઆત બની હતી. આ સાથે કંપનીએ વિશ્વના સ્થાપિત મોટરસાઈકલ બજારોમાંના એક યુરોપમાં પોતાની રેસિંગ પરંપરા, એન્જિનિયરિંગ ક્ષમતા અને શ્રેષ્ઠ કામગીરી પર આધારિત વિચારધારાને રજૂ કરી હતી.ઈટાલી રાઉન્ડમાં 4 ખંડોના 12 દેશોના 14 ઝડપી રેસરોએ ટીઆરઆઈસી માટે ખાસ તૈયાર કરવામાં આવેલી ટીવીએસ અપાચે આરઆર 310 પર સ્પર્ધા કરી હતી. ટીઆરઆઈસીની યુરોપમાં શરૂઆત ટીવીએસ મોટરની આ વૈશ્વિક સફરમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું છે, જે કંપનીના વૈશ્વિક વિસ્તરણમાં યુરોપના વધતા મહત્વને દર્શાવે છે. 90થી વધુ આંતરરાષ્ટ્રીય બજારોમાં પોતાની વધતી હાજરી સાથે ટીવીએસ મોટર કંપની ઉત્પાદન ક્ષેત્રે નવીનતા, પ્રીમિયમ શ્રેણીના વિસ્તરણ, અદ્યતન એન્જિનિયરિંગ અને વૈશ્વિક નિપુણતા દ્વારા સતત પોતાની સ્થિતિ એક વૈશ્વિક મોટરસાઈકલ બ્રાન્ડ તરીકે મજબૂત બનાવી રહી છે. ટીઆરઆઈસીનો સમય જતાં વિકાસ થયો છે અને મલેશિયા, થાઈલેન્ડ, જાપાન અને ઈન્ડોનેશિયા સહિતના મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બજારોમાં તેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં 4 દેશોમાં 5 રાઉન્ડ યોજાયા છે. ઈટાલીનો ઉમેરો થતાં ટીઆરઆઈસીની રેસિંગ પ્રવૃત્તિ હવે યુરોપ સુધી પહોંચી છે અને એક જ મંચ પર વિશ્વભરના રેસિંગ પ્રતિભાશાળી ખેલાડીઓને એકત્રિત કરવામાં આવ્યા છે. આ ચેમ્પિયનશિપે રેસરોને વિવિધ દેશોના રેસરો સામે સ્પર્ધા કરવાની તક આપી, જેના કારણે તેઓ પોતાની કુશળતાને પડકારી શક્યા અને પોતાની રેસિંગ ક્ષમતાનું પ્રદર્શન કરી શક્યા હતા.આ પ્રસંગે ટીવીએસ મોટર કંપનીના પ્રીમિયમ બિઝનેસ હેડ શ્રી વિમલ સુમ્બલીએ જણાવ્યું હતું કે, "ટીવીએસ રેસિંગ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપની યુરોપમાં શરૂઆત અમારી વૈશ્વિક રેસિંગ સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. 2022માં નવ દેશોના રેસરો સાથે એશિયા કેન્દ્રિત ચેમ્પિયનશિપ તરીકે શરૂ થયેલી આ સ્પર્ધા હવે 16 દેશોના રેસરો સાથે સાચા અર્થમાં વૈશ્વિક મંચ બની ગઈ છે. ભારતીય મૂળની ચેમ્પિયનશિપને યુરોપ સુધી લઈ જવી એ અમારી રેસિંગ પરંપરા, એન્જિનિયરિંગ

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ અમાસ

# વિશાખાપટ્ટનમ : ISIના જાસુસીનો અડ્ડો બની રહેલું નેવલ બેઝ

ભારતની દરિયાઈ સીમાઓનું રક્ષણ કરતી સુરક્ષા વ્યવસ્થાને કોરી ખાવાની પાકિસ્તાનની ઝેરી પ્રવૃત્તિ ફરી એક વખત ઉજાગર થઈ છે. તાજેતરમાં દેશના પૂર્વ કિનારાની સૌથી મજબૂત ઢાલ સમાન ગણાતા ઈસ્ટર્ન નેવલ કમાન્ડને નિશાન બનાવી જાસુસી કરનારા આઈએસઆઈના નેટવર્કને ઝડપી પાડવામાં આવ્યું છે. ભારતની નૌસેનાની અંદર ઘૂસીને વિદેશી દળો ભારતની પરમાણુ સબમરીન અને ગુપ્ત લશ્કરી અસ્ક્યામતોના રહસ્યો ચોરી રહ્યા હતા. આ ધૃણાસ્પદ ગુના સામે આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલિજન્સ સેલ, નેવલ ઈન્ટેલિજન્સ અને દેશના ૧૦ રાજ્યોની સુરક્ષા એજન્સીઓએ એક સંયુક્ત અને આક્રમક મહા-ઓપરેશન પાર પાડીને પાકિસ્તાની જાસૂસી સંસ્થાના મનસૂબાને ઉથલાવી દીધા છે. તેમાં કુલ ૧૮ લોકોની અટકાયત કરવામાં આવી છે. ચિંતાજનક બાબત એ છે કે, આ ઘટનામાં ૧૨ શંકાસ્પદ નેવીના જ જવાનો છે. ઓપરેશન ફાયરવોલ નામના આ ઓપરેશને સ્પષ્ટ કરી દીધું છે કે ભારતની સુરક્ષા સામે આંખ ઉંચી કરનાર કોઈપણ શત્રુ કે દેશની અંદર છુપાયેલો દેશદ્રોહી કાયદાની ભયાનક પકડમાંથી બચી શકશે નહીં.આ જાસૂસીનો વ્યાપ આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, ગોવા, દિલ્હી, ગુજરાત, તમિલનાડુ, બિહાર અને છત્તીસગઢ જેવા ૧૦ મોટા રાજ્યો સુધી ફેલાયેલો હતો. તપાસ એજન્સીઓએ આ સમગ્ર પ્રકરણમાં કુલ ૧૮ મુખ્ય શંકાસ્પદોની ઓળખ કરી છે, જેમાં ચોંકાવનારી બાબત એ છે કે ૧૨ જેટલા નૌસેનાના જવાનો આ શંકા હેઠળ આવી ગયા છે. સરહદ પર દેશનું રક્ષણ કરવાની પવિત્ર સોગંદ લેનારા કેટલાક જવાનો લાલચ, હનીટ્રેપ અને થોડા રૂપિયાના કાળા કારોબારમાં ફસાઈને દેશની અત્યંત સંવેદનશીલ વિગતો શત્રુ દેશના એજન્ટોને વેચી રહ્યા હતા. આ કેસમાં સુરક્ષા દળોએ ત્વરિત કાર્યવાહી કરીને બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે, જ્યારે અન્ય શંકાસ્પદો પર બાજ નજર રાખીને તેમના દેશવિરોધી કાવતરાંના તમામ તાર ખોલી નાખવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલા દેશદ્રોહીઓમાં નૌસેનાનો સૈનિક પ્રદીપ મુખર્જી અને વિશાખાપટ્ટનમમાં નૌસેના સ્ટાફ સાથે સંકળાયેલો નાગરિક કોન્ટ્રાક્ટ ડ્રાઈવર અન્નમ સાઈ વરપ્રસાદ સંડોવાયેલો છે. પ્રદીપ મુખર્જીની ધરપકડ તમિલનાડુના કોઈમ્બતુર સ્થિત પ્રશિક્ષણ સંસ્થાન આઈએનએસ અગ્રણીમાંથી કરવામાં આવી હતી. આ શખ્સે દેશની ગુપ્ત લશ્કરી વિગતો લીક કરવા ઉપરાંત પાકિસ્તાની ઓપરેટિવ્સને ભારતીય નંબરો પરથી એન્ક્રિપ્ટેડ વોટ્સએપ ચેનલો સક્રિય કરવા માટે વન ટાઈમ પાસવર્ડ આપીને મદદ કરી હતી. બીજી તરફ, વરપ્રસાદ વિશાખાપટ્ટનમ ખાતેથી પૈસાની લાલચમાં લશ્કરી ગતિવિધિઓ અને સંવેદનશીલ દસ્તાવેજો શત્રુ દેશના ઓપરેટિવ્સ સુધી પહોંચાડતો હતો. વિજયવાડાના કાઉન્ટર ઈન્ટેલિજન્સ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ કાયદો અને ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ હેઠળ કડક ગુનાઓ દાખલ કરીને બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

ચિંતાજનક વાત એ છે કે, દાયકાઓથી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ ભારતના સૈનિકોને લલચાવવા માટે હનીટ્રેપના સૌથી જૂના કાવતરાનો ઉપયોગ કરતી આવી છે. સોશિયલ મીડિયા પર બનાવટી મહિલા પ્રોફાઈલ બનાવીને દેશના રક્ષકોને પોતાની જાળમાં ફસાવવાનો આ કુટિલ પ્રયાસ હતો. ઉલ્લેખનીય છે કે, જોશિતા પલ નામની નકલી પ્રોફાઈલ બનાવવામાં આવી હતી, જેણે મુંબઈની જાણીતી શિપબિલ્ડિંગ કંપનીમાં કામ કરતી હોવાનો ઢોંગ કર્યો હતો. આવી જ બીજી ઓળખ અન્વી મહેતા નામથી ઊભી કરવામાં આવી હતી, જે દિલ્હી સ્થિત મનોવૈજ્ઞાનિક હોવાનો દાવો કરતી હતી. ફેસબુક પર મૈત્રીપૂર્ણ વાતચીતથી શરૂ થયેલો આ ક્રમ ધીમે ધીમે એન્ક્રિપ્ટેડ વોટ્સએપ મેસેજ, વૉઈસ કૉલ અને વિડીયો કૉલ સુધી પહોંચાડવામાં આવતો હતો.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ૮માં યુવક મહોત્સવ "કલા ઉત્સવ ૨૦૨૬"નાં પ્રારંભ પ્રસંગે ૭૬૦૦ લાખનાં વિકાસ કામો નું ભુમિ પૂજન થયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા આયોજિત અષ્ટમ યુવક મહોત્સવ-કલા ઉત્સવ ૨૦૨૬ જૂનાગઢનાં સાંસદશ્રી રાજશેભાઇ ચુડાસમા તથા રાજ્યસભાનાં સદસ્યશ્રી માનસિંહભાઇ પરમાર, ધારાસભ્ય સંજયભાઇ કોરડીયા, ગૌરવભાઇ રૂપારેલયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતીમાં પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ઉદઘાટન કાર્યક્રમ પૂર્વે વિવિધ કોલેજ અને વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા ભારતિય સંસ્કાર અને સંસ્કૃતિને અનુરૂપ કલા યાત્રા યોજી વિવિધ ટેબ્લો દ્વારા જ્ઞાન-સંસ્કાર અને સંસ્કૃતિનાં પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ મહાનુભાવોનાં હસ્તે યુનિ. ભવન કેમ્પસમાં ૭૬૦૦ લાખનાં સંભવિત ખર્ચે નિર્માણાધિન માળખાકીય સવલતોમાં વધારો થાય તેવા રેકોર્ડીંગ સ્ટુડીયોઝ, ગેસ્ટ હાઉસ , કમ્પ્યુટર સેન્ટર, વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ બિલ્ડીંગ, આર્કયોલોજી એન્ડ હીસ્ટ્રી લેગ્વેજીસ બિલ્ડીંગ, વાઈસ ચાન્સેલર બંગ્લોનું ભુમી પુજન કર્યુ હતુ. કલા મહોત્સવમાં યુનિ.નાં કાર્યક્ષેત્રીય દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાની ૪૯ કોલેજો નાં ૧૦૧૦ જેટલા કલામર્મી વિદ્યાર્થીઓ સંગીત, નાટક, લલીત કલા, નૃત્ય, અને સાહિત્ય વિભાગની કૂલ ૩૧ જેટલી વિવિધ સ્પર્ધાઓમાં સહભાગી બન્યા છે તેમને સંબોધતા જૂનાગઢનાં સાંસદ સદસ્યશ્રી રાજેશભાઇ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે યુનિવર્સિટી દ્વારા આયોજિત આ ૮મા યુવા મહોત્સવ એટલે કે 'કલા ઉત્સવ' ના શુભારંભ પ્રસંગે તમારી સામે ઊભા રહીને વાત કરવી એ મારા માટે ગૌરવની ક્ષણ છે. યુવા અવસ્થા એ માત્ર ઉંમરનો એક તબક્કો નથી, પણ એ ઉત્સાહ, ઊર્જા, કલ્પનાશીલતા અને સપનાઓનો સમુદ્ર છે. જ્યારે આ ઊર્જાને કલા અને સંસ્કૃતિનું માધ્યમ મળે છે, ત્યારે 'કલા ઉત્સવ' જેવા અદ્‌ભુત પર્વનું સર્જન થાય છે. શિક્ષણ આપણને માત્ર પુસ્તકીય જ્ઞાન આપે છે, પરંતુ કલા અને સંસ્કૃતિ આપણને જીવન જીવવાની જડીબુટ્ટી આપે છે. આ યુવા મહોત્સવ એ આપણી સાંસ્કૃતિક ધરોહરને જીવંત રાખવાનું અને તમારામાં છુપાયેલી અદ્વિતીય પ્રતિભાને બહાર લાવવાનું એક સશક્ત માધ્યમ છે. રાજેશભાઇ ચુડાસમાએ જૂનાગઢ જિલ્લાનાં શૈક્ષણીક પ્રકલ્પોનાં માળખાકીય વિકાસ માટે સરકારની કટીબધ્ધતા વ્યક્ત કરી આવનાર દિવસોમાં યુનિ.નાં સર્વાંગી વિકાસમાં જરૂરી ઈન્ફ્રાસ્ટક્ચર પૂર્ણ થાય તે દિશામાં સહયોગી બનવા હૈયાધારણા વ્યક્ત કરી હતી. ધારાસભ્ય સંજયભાઇ કોરડીયાએ પ્રાસંગિક વાત કરી જણાવ્યુ હતુ કે યુવા અવસ્થા એ માત્ર ઉંમરનો એક તબક્કો નથી, પણ એ ઉત્સાહ, ઊર્જા, કલ્પનાશીલતા અને સપનાઓનો સમુદ્ર છે. જ્યારે આ ઊર્જાને કલા અને સંસ્કૃતિનું માધ્યમ મળે છે, ત્યારે 'કલા ઉત્સવ' જેવા અદ્‌ભુત પર્વનું સર્જન થાય છે. શિક્ષણ આપણને માત્ર પુસ્તકીય જ્ઞાન આપે છે, પરંતુ કલા અને સંસ્કૃતિ આપણને જીવન જીવવાની જડીબુટ્ટી આપે છે. આ યુવા મહોત્સવ એ આપણી સાંસ્કૃતિક ધરોહરને જીવંત રાખવાનું અને તમારામાં છુપાયેલી અદ્વિતીય પ્રતિભાને બહાર લાવવાનું એક સશક્ત માધ્યમ છે. આવનાર દિવસોમાં યુનિ.નાં વિકાસમાં નાણાકીય ખર્ચને પહોંચી વળવા સરકાર કક્ષાએ જ્યાંથી નાણાકીય ફંડની ઉપલબધી કરવાની થશે ત્યાં સહાય કરવા અનુમોદન આપ્યુ હતુ. આ તકે જૂનાગઢ રેન્જનાં ડી.આઇ.જી. રાજેન્દ્રસિંહજી ચુડાસમાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યુ હતુ કે લક્ષ સિધ્ધી વેળાએ ક્યારેય નિરાશ ના થવુ, સ્પર્ધામાં જીત કે હાર એ ગૌણ બાબત છે, પણ તેમાં ભાગ લેવો અને મંચ પર આવીને પોતાની કલા રજૂ કરવી એ જ સૌથી મોટી સફળતા છે. કલા આપણને સંવેદનશીલ બનાવે છે, સહાનુભૂતિ શીખવે છે અને એકબીજા સાથે જોડે છે. આજે જ્યારે આપણો દેશ પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે, ત્યારે 'વિકસિત ભારત' ના નિર્માણમાં આપણા યુવાનોનું માનસિક અને સાંસ્કૃતિક રીતે મજબૂત હોવું ખૂબ જ અનિવાર્ય છે કાર્યક્રમનાં અધ્યક્ષ અને યુનિ.નાં કુલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણે પોતાનાં સંબોધનમાં યુનિ.ની સિધ્ધીઓ, આવનાર દિવસોમાં યુનિ. નાં વિકાસ ફલકની દિશાઓ અને શૈક્ષણિક લક્ષ્યાંકો ની વાત કરી જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતાની આ પવિત્ર, ઐતિહાસિક ભૂમિ પર, યુનિવર્સિટીના નૂતનભવન કેમ્પસ માં સૌનું હાર્દિક સ્વાગત કરી અત્યંત હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. યુનિવર્સિટીનું નામ જેમના નામ પરથી રાખવામાં આવ્યું છે તે આદિકવિ ભક્તકવિ નરસિંહ મહેતા પોતે એક અદભુત સર્જક, કવિ અને સંગીતકાર હતા. તેમના પદોમાં જે આધ્યાત્મિકતાને કલાત્મકતા હતી, તે જ વારસો આજે આપણા સોરઠ અને આસપાસના વિસ્તારના યુવાનોમાં ધબકે છે. યુનિ. નાં ક્ષેત્રીય જિલ્લાઓમાંથી આવેલા સૌ વિદ્યાર્થીઓ આ મહોત્સવ દ્વારા આપણી સંસ્કૃતિના સાચા બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છો. પ્રો.ચૌહાણે અતિથીઓનાં યુનિ.નાં વિકાસ કાર્યોમાં સહયોગની પ્રસંશા કરી સૌને આવકાર્યા હતા અને સૌ પ્રત્યે ઋણાનુભાવ વ્યક્ત કરી યુવા મહોત્સવના કો-ઓર્ડીનેટર ડો. દિનાબેન લોઢીયા, સહ કો-ઓર્ડીનેટર ડો. ઓમ જોષી, ડો. ઋષીરાજ ઉપાધ્યાય તેમજ તમામ સમિતિના સભ્યો, અધ્યાપકો અને વહીવટી સ્ટાફને કે જેમણે રાત-દિવસ એક કરીને આ ભવ્ય કલા મહોત્સવને સફળ બનાવવા માટે સખત મહેનત કરનાર સૌને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તમામ સ્પર્ધકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તમારી કલાના રંગોથી આ આખા કેમ્પસને ગુંજાવી દો. ડર્યા વગર, પૂરા આત્મવિશ્વાસ સાથે તમારી પ્રસ્તુતિ કરો. યાદ રાખજો, આ મંચ તમારો છે અને તમારી અંદર રહેલી કલા અજોડ છે.તેમ આહવાન કર્યુ હતુ.કાર્યક્રમ વેળાએ પ્રો.દક્ષાબા ગોહિલ, ડો. કિર્તીબા વાઘેલા, પરીક્ષા નિયામક ડો. ડી.એચ.સુખડીયા, પ્રિન્સીપાલશ્રી ડો બલરામ ચાવડા, ડો.દિનેશ દઢાણિયા, ડો.રાજેશ ભટ્ટ, તેમજ ડો.મેરગસિંહ યાદવ, સહિત વિવિધ કોલેજોનાં આચાર્યો, અધ્યાપકગણ, જાણીતા સાહિત્યકાર માલદેભાઇ આહિર, અમુદાનભાઇ ગઢવી, જેઠાભાઇ પાનેરા, રાજુભાઇ વાડોદરીયા, અશ્વિનભાઇ, સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પ્રારંભે ચીફ કો-ઓર્ડીનેટર ડો.દિનાબેન લોઢીયાએ આમંત્રીત અતિથીઓ, કલાપ્રેમી વિદ્યાર્થીઓ, મહાનુભાવોને શબ્દસુમનથી આવકારી કાર્યક્રમની રૂપરેખા રજુ કરી હતી. કાર્યક્રમનાં અંતે રજીસ્ટ્રાર ડો.આર. જી.પરમારે આભાર દર્શન કર્યુ હતુ. કાર્યક્રમ ને સફળ બનાવવા યુનિ.નાં સ્ટાફે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો.હરેશ કાવાણીએ કર્યુ હતુ.

## રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં 'સાહિત્ય કુંજ'ની પાંચમી બેઠક યોજાઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે વર્ષ 2025થી શરૂ કરાયેલી ગુજરાતી ભાષા-સાહિત્ય સંસ્થા 'સાહિત્ય કુંજ'ની પાંચમી બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. 'નારી સ્વયંસિદ્ધ, સ્વયં રક્ષિકા' વિષયને કેન્દ્રમાં રાખીને ગુજરાતી સાહિત્યસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, સાહિત્યરસિક જગદીશભાઈ રાવલ, સૌરભ સાહિત્ય સંસ્થાના કવિ શશીભાઈ રાજ્યગુરુ, હે માળવી સાહેબ, સાહિત્યકાર ડાયાભાઈ, ગઝલકાર નસીમબેન પઠાણ, કવયિત્રી આસ્થાબેન ટાંક, ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલનાં આચાર્યા સીમાબેન બી. પંડ્યા, શિક્ષિકા નયનાબેન સોલંકી, નિવૃત્ત આચાર્યા દીનાબેન જાદવ તથા જાણીતા પત્રકાર યોગેશભાઈ કાનાબાર સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતામહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભાવસભર શૈલીમાં જગદંબા માતાજીની આરતી કરવામાં આવી હતી અને મહેમાનોનું સૂતરની આંટીથી પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું.કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે મહેમાનોનું સ્વાગત-અભિવાદન



કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તેમણે નારી અધિકાર અને નારી સ્વતંત્રતાના વિવિધ પાસાઓ સાથે ગુજરાતી ભાષા તથા સાહિત્યના સમૃદ્ધ વારસાની વાત કરી હતી. નારી સંવેદના અને આધુનિક નારીની સ્વતંત્રતાને રજૂ કરતી વિવિધ ગુજરાતી નાટ્યકૃતિઓનું મંચન કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત પ્રેક્ષકોએ ઉત્સાહપૂર્વક માણ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગુજરાતી સાહિત્યની મહિલા સર્જકોને યાદ કરવામાં આવ્યા હતા. તાજેતરમાં અવસાન પામેલ જાણીતા મહિલા લેખિકા ઈલાબેન આરબને શબ્દ શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમની સાહિત્યિક કૃતિઓ અને સર્જનાત્મક પ્રતિભાને યાદ કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.કવિ હે માળવી સાહેબે વિદ્યાર્થીનીઓની કલાકૃતિને બિરદાવી તેમને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી. જ્યારે કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ હતી. જ્યારે કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદીએ 'સંસ્કૃતા સ્ત્રી પરાશક્તિ' વિષય અંતર્ગત વૈદિક નારીશક્તિનાં વિવિધ ઉદાહરણો રજૂ કરી નારીશક્તિને બિરદાવી હતી.'સાહિત્ય કુંજ'ના પ્રમુખ તથા ગુજરાતી ભાષાના વિષય નિષ્ણાત ડો. મિત્તલબેન કે. નાયીએ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન કરી અંતે આભારવિધિ અદા કરી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે પ્રાધ્યાપક પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષમાં ગુજરાતી વિષયનો અભ્યાસ કરતી મીરાબેન બોરીસાગર અને સ્નેહાબેન કાતરિયાએ આગવી શૈલીમાં કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અંતે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત રાજુલા પોલીસે સાયબર ફ્રોડના ભોગ બનેલા અરજદારને રૂ. 99,900 પરત અપાવ્યા

### રાજુલા પોલીસે ઉત્તર પ્રદેશમાંથી આરોપીને ઝડપી સાયબર ફ્રોડની 100 ટકા રકમ રિકવર કરી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી આઇ.વી.અસારીનાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં સાયબર ફ્રોડના ભોગ બનેલા અરજદારોના ગુનાઓ દાખલ કરી આરોપીઓને પકડી પાડી અરજદારોની ગયેલ 100 ટકા રકમ પરત અપાવવા તેમજ મિલકત ગુમના બનાવોમાં સત્વરે મિલકત શોધી મૂળ માલિકને પરત કરવા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ સાર્થક કરવા જરૂરી સૂચના આપેલ હતી. જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત તેમજ રાજુલા ડિવીઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડીયા દ્વારા જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. શ્રી વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડના ભોગ બનેલા અરજદાર શ્રી દિનેશભાઇ નાનાભાઇ લોડુમર, ઉ.વ. ખેતી, રહે.ખાખબાઈ વાળાએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર 1930 ઉપર ફરિયાદ કરી હતી. જેમાં મોબાઇલ ફોન હેક કરી જાણ બહાર વિધાઉટ ઓ.ટી.પી. બેંક એકાઉન્ટમાંથી રૂ.99,900/- ઉપાડી લેવામાં આવ્યા હતા.આ બનાવની ગંભીરતા સમજી રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુ...11193050260335/2026, બી.એન.એસ. કલમ 318(02), આઇ.ટી. એક્ટ કલમ 66(સી) મુજબ તા.17/04/2026ના રોજ ગુનો નોંધવામાં આવ્યો હતો. આગળની તપાસ દરમિયાન ફ્રોડ કરનાર હેમંતકુમાર S/o અનિલસિંહ, ઉ.વ.30, રહે. પદલી જહલીપાર, તા. સલીમપુર, જી. દેવરિયા, રાજ્ય ઉત્તર પ્રદેશ હોવાનું જણાતા રાજુલા પોલીસ સ્ટેશનની એક ટીમ ઉત્તર પ્રદેશ રવાના કરવામાં આવી હતી. રાજુલા પોલીસની ટીમે ઉત્તર પ્રદેશ રાજ્યના પદલી જહલી ખાતેથી આરોપીને ઝડપી લાવી સાયબર ફ્રોડના રૂ.99,900/- રિકવર કર્યા હતા. જરૂરી કાર્યવાહી બાદ સાયબર ફ્રોડમાં ભોગ બનેલા અરજદાર દિનેશભાઈ નાનાભાઇ લોડુમર, રહે. ખાખબાઇ વાળાને ગયેલ રૂ.99,900/-ની 100 ટકા રકમ પરત અપાવી "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમને ખરા અર્થમાં સાર્થક કર્યો હતો.કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ: આ કામગીરી રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ.કોલાદરા તેમજ રાજુલા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

## સંખેડા બહાદરપુર માર્ગ પર તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રીપેરીંગ

રિપોર્ટર .કમલેશ પટેલ. | સંખેડા

સંખેડા-બહાદરપુરને જોડતું 2 કરોડના ખર્ચે બનેલું ડાયવર્ઝન ચોમાસામાં પાણીના વધુ પ્રવાહને કારણે ધોવાઈ ગયું. આનાથી આવતા-જતા લોકોને, વાહન ચાલકોને અને ભારે વાહનોને ઘણી મુશ્કેલી પડી રહી હતી.આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, તંત્ર હવે સક્રિય થયું છે. તૂટી ગયેલું ડાયવર્ઝન સમયસર ફરીથી ચાલુ થાય તે માટે



તાત્કાલિક રીપેરીંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, વધુ નુકસાન થયેલી જગ્યાઓ પર મોટા હ્યુમ પાઈપ નાખીને અને જરૂર મુજબ મટીરીયલ વાપરીને ડાયવર્ઝનને મજબૂત બનાવવાનું કામ ચાલી રહ્યું છે. જેથી ભારે વાહનો પણ આસાનીથી પસાર થઈ શકે.તંત્ર સંખેડા અને બહાદરપુરના લોકોની રોજની મુશ્કેલી ધ્યાનમાં રાખી ટૂંક સમયમાં જ આ ડાયવર્ઝન તૈયાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. કામગીરી શરૂ થતા સ્થાનિક લોકોને રાહત મળી છે અને તેઓ રસ્તો વહેલી તકે શરૂ થાય તેવી આશા રાખી રહ્યા છે.

## જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષ સ્થાને વાસ્મોસમિતિની બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢમાં કલેકટર કચેરી ખાતે જિલ્લાકલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ- વાસ્મોની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જે અન્વયે વંથલી તાલુકામાં સેંદરડા ખાતે ૧૦૦% કામગીરી પૂર્ણકરવામાં આવી છે. તેમજ પાણી વિતરણની કામગીરી સાથે જોડાયેલા ૫૦૬ જેટલા ઓપરેટરોને તાલીમઆપવામાં આવી છે. આ ઉપરાંત પાણી વેરા પ્રોત્સાહન યોજના અન્વયે વિવિધ ગ્રામ પંચાયતોમાંરૂ.૧૨,૮૪,૭૭૧ જેટલી પ્રોત્સાહન રકમ પૂરી પાડવામાં આવી છે. હર ઘર જલ સર્ટિફિકેશન માં ૪૯૭ ગામોમાં ૯૮.૨૨% કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ૧૯૧૬ હેલ્પલાઈન નંબર ઉપર કુલ ૧૯ ફરિયાદો મળી હતી. જેમનું હકારાત્મકનિવારણ કરવામાં આવ્યું છે. ૧૬૯ જેટલા જર્જરિત ઊંચી ટાંકી અને સિસ્ટર્ન આમ બંને સ્ટ્રક્ચરમાંથી૪૧ ઊંચી ટાંકીઓનું ડિમોલિશન કરી લેવામાં આવ્યું છે. સરપંચ તાલીમ સત્રમાં ૬૭ ગામોમાં પાણી વિતરણની તાલીમ પૂર્ણ કરવામાં આવી છે. માળીયા હાટીનામાં ગોતાણા ગામમાં જૂના સંપથી નવા સંપ સુધીની પાઈપલાઈન જોડવા માટેનું કામ, કેશોદ તાલુકામાં બડોદર ગામમાં હયાત કુવાનું રિપેરિંગ કામગીરી, કેશોદ તાલુકાના પ્રાસલી ગામમાં હયાત બોરથી સંપ સુધી પાઈપલાઈનનુંકામ, વિસાવદર તાલુકામાં નાની મોણપરી ગામમાં હયાત બોર માટે જરૂરી પંપીગ મશીનરી ફાળવવાનુંકામ તેને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં અંદાજિત રકમ ૩૨૬૧૮૮૮ રૂ. જેટલી મંજૂરી આપવામાંઆવી છે. જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૫- ૨૦૨૬ અન્વયે વ્યક્તિગત ગોબરધન પ્લાન્ટમાં ૧૦૦% સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપતા જણાવ્યું હતું કે,જિલ્લાની તમામ આંગણવાડીઓ અને શાળાઓમાં પાણીની તપાસણી હાથ ધરવામાં આવશે. ૧૦૦% પીવાનાપાણીનું પ્યોર ક્લોરીનેશન કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે અને તમામ સોસાયટીમાંજો કોઈપણ જગ્યાએ કચરાના ઢગલા હોવા ઉપર કડક કાર્યવાહી સહિત ભારે દંડ કરવામાં આવશે. ઉક્ત સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંતસિંહ રાઠૌર સહિત સંબંધિત તમામ વિભાગોના અધિકારીગણ હાજર રહ્યા હતા.

## હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરો ની માહિતી 'પથિક' સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી, સુરક્ષાના કારણોસર અને કાયદો, વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લાની તમામ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથિગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડી, બોર્ડિંગ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુઓ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસ, ફાર્મ હાઉસ, રિસોર્ટ ખાતે આવતા પ્રાંત, રાજ્ય, દેશ- વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો ઑનલાઇન 'પથિક' સોફ્ટવેરમાં નોંધણી કરવી ફરજિયાત રહેશે. ઉપરોક્ત તમામ સ્થળોએ રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી 'પથિક' સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ. બારડ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર આઈ.વી.એફ.આર.ટી. એટલે કે ઈમિગ્રેશન, વિઝા, ફોરેનર્સ રજીસ્ટ્રેશન એન્ડ ટ્રેકિંગ નામની ઓનલાઈન સર્વિસ શરૂ કરવામાં આવી છે. જેમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ હોટલના માલિક અને સંચાલકોએ યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મેળવી લેવાના રહેશે. તેનો રેકર્ડ પણ નિભાવવાનો રહેશે અને આ તમામ જાણકારી એસ.ઓ.જી. ઓફિસ,જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. તેમજ www.indianfrro.gov.in/frro/ Form C આ લિંક પર જઈને ફોર્મ સી માં દરરોજ આવતા મુસાફરોની માહિતી અપલોડ કરીને સેવ કરવાની રહેશે. આ માહિતીની પ્રિન્ટ આઉટ જે તે સંસ્થા કે હોટલના માલિક કે સંચાલકે સહી સિક્કા કરીને એક નકલ પોતાના રેકર્ડમાં રાખવી. બીજી આવી જ નકલ એસ.ઓ.જી. કચેરી, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. દરેક મુસાફર, યાત્રાળુ કે વિદેશી નાગરિકોના નકકર પુરાવા મેળવવાના રહેશે. લોકલ રેફરન્સ સિવાયના વિદેશી મુસાફરો કે અજાણ્યા લોકોના પ્રવાસ માટેનો શું ઉદ્દેશ્ય છે તે માહિતી ખાસ રીતે મેળવવાની રહેશે. આ ઉપરાંત આ તમામ માહિતી https://pathik.guru/ આમાં પણ નોંધણી કરાવવી જરૂરી રહેશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લાની તમામ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથી ગૃહ, વિશ્રામગૃહ, સમાજ વાડી, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસ, ફાર્મ હાઉસ, રિસોર્ટ ખાતે આવતા પ્રાંત, રાજ્ય, દેશ-વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો પથિક સોફ્ટવેરમાં હોટેલના માલિક અથવા સંચાલકે અવશ્ય કરવાની રહેશે. આ અંગેના નિયમો અનુસરવાના રહેશે.હોટેલમાં રોકાણ કરવા આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાય તો તેની તાત્કાલિક જાણ એસ.ઓ.જી. શાખા, સ્થાનિક પોલીસ અથવા પોલીસ કંટ્રોલ રૂમ, જૂનાગઢને કરવાની રહેશે. તેમજ CCTV રેકોર્ડિંગનો ઓછામાં ઓછા ત્રણ માસનો બેકઅપ સુરક્ષિત રીતે જાળવવાનો રહેશે.મુસાફરો જે વાહનમાં આવ્યા હોય તે વાહનની જરૂરી વિગતો મેન્યુઅલ ગેટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન 'પથિક' વેબ પોર્ટલ પર પણ નોંધવાની રહેશે. આકસ્મિક આગની ઘટનામાં તાત્કાલિક આગ ઓલવવા માટે જરૂરી સંખ્યામાં તથા યોગ્ય ક્ષમતાના Fire Extinguisher ઉપલબ્ધ રાખવાના રહેશે. 'પથિક' વેબ પોર્ટલ સંબંધિત રજીસ્ટરો તથા રેકોર્ડ, પોલીસ ઓફિસર વિઝીટ બુક, ઈમરજન્સી કોલ બુક વગેરે રિસેપ્શન કાઉન્ટર પર રાખવાના રહેશે. પોલીસ અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે સંબંધિત રેકોર્ડ તાત્કાલિક રજૂ કરવાનો રહેશે.આ જાહેરનામુ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલીક અસરથી તા.૦૭/૧૨/૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ BNS-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (૧૦ ઓક્ટોબર) નિમિત્તે જી.એમ.ઈ.આર. એસ. જનરલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

દર વર્ષે ૧૦ ઓક્ટોબરના રોજ વિશ્વભરમાં 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ' (World Mental Health Day) ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) તથા વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થ (WFMH) દ્વારા આ દિવસની થીમ 'Lived Experiences Heard: Real Voices, Real Change' (વાસ્તવિક અનુભવોનું શ્રવણ: સાચા અવાજ, સાચું પરિવર્તન) નક્કી કરવામાં આવી છે. આ વિષયને આધાર બનાવી સામાન્ય જનતા તેમજ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુથી જી.એમ. ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જુનાગઢ ના મનોરોગ વિભાગ દ્વારા 'માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ માસ' અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજિત જનજાગૃતિ પ્રવૃત્તિઓ:શાળા- કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોમાં માનસિક રોગો પ્રત્યે રહેલી ગેરમાન્યતાઓ દૂર થાય તે માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે:જાગૃતિ વ્યાખ્યાનો (Awareness Lectures): માનસિક તણાવ, ચિંતા, ડિપ્રેશન અને તેના નિવારણ અંગે વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન. મુવી ક્લબ અને વિડીયો સ્ક્રીનીંગ (Movie Club & Videos): વિદ્યાર્થીઓ અને જનતા માટે માનસિક આરોગ્ય આધારિત પ્રેરણાદાયી ફિલ્મો અને ટૂંકી વિડીયોનું સ્ક્રીનીંગ. પોસ્ટર પ્રદર્શન (Poster Exhibition):માનસિક સ્વાસ્થ્યનું મહત્વ અને સામાજિક સ્ટીગ્મા (દૂષણ) દૂર કરવા માટે હોસ્પિટલ પરિસર માં પોસ્ટર પ્રદર્શન.વાસ્તવિક અનુભવો અને સફળ સારવારના ઉદાહરણો (Lived Experiences of Recovery): આ વર્ષની થીમ અનુસાર, યોગ્ય સમયે તબીબી સારવાર અને કાઉન્સેલીંગ મેળવવાથી ગંભીર માનસિક પરિસ્થિતિમાંથી પણ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ શકે છે તેના જીવંત ઉદાહરણો જી.એમ.ઈ.આર. એસ. જનરલ હોસ્પિટલમાં જોવા મળ્યા છે: પોસ્ટપાર્ટમ સાયકોસિસ: ૨૬ વર્ષની માતા ડિલિવરી બાદ ભ્રમ અને હિંસક વર્તનના કારણે પોતાના બાળકના નુકસાનના વિચારોથી પીડાતી હતી, જેને ECT સારવાર અને કાઉન્સિલિંગ દ્વારા ૨૦ દિવસમાં સાજી કરી પરિવાર તૂટતો બચાવવામાં આવ્યો.ગંભીર સ્કીઝોફ્રેનિયા: ૭ વર્ષથી ગંભીર સ્કીઝોફ્રેનિયા (ભ્રમ) સામે ઝઝૂમતા અને લાખોનો ખર્ચ કરી ચૂકેલા ૨૭ વર્ષના યુવાનને સાયકોથેરાપી અને ચોક્કસ દવાઓ દ્વારા હોસ્પિટલમાં માત્ર એક જ સપ્તાહમાં જ નોંધપાત્ર રાહત મળી.ડિપ્રેશન અને TDCS સારવાર: સતત ૨ વર્ષથી ઉદાસી અને આપઘાતના વિચારોથી પીડાતી ૪૨ વર્ષની મહિલાને આધુનિક tDCS પદ્ધતિ (નરમ વીજ પ્રવાહ) અને કાઉન્સિલિંગ દ્વારા સફળ સારવાર આપી નવું જીવન આપવામાં આવ્યું. જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જુનાગઢની વર્ષ ૨૦૨૬ દરમિયાનની કામગીરી (Year to Date): સામાન્ય મનોરોગ વિભાગ (General OPD & Ward): OPD સારવાર: કુલ ૧૮,૩૩૦ દર્દીઓની વિનામૂલ્યે તપાસ અને સારવાર કરવામાં આવી (પુરુષ: ૯,૮૧૮, મહિલા: ૮,૫૧૨). ઈન્ડોર વોર્ડ (Inpatients): ગંભીર માનસિક તકલીફ ધરાવતા કુલ ૨૮૬ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી. વ્યસનમુક્તિ કેન્દ્ર (ATF - Addiction Treatment Facility):ATF OPD: વ્યસનમુક્તિ માટે કુલ ૧,૪૭૫ દર્દીઓએ સેવા લીધી (પુરુષ: ૧,૩૩૦, મહિલા: ૧૪૫).ATF વોર્ડ: ગંભીર વ્યસન ધરાવતા ૫૬ દર્દીઓને દાખલ કરી વ્યસનમુક્ત કરવામાં આવ્યા. આઉટરીચ કેમ્પ અને જનજાગૃતિ (Camps & Outreach): OPD કેમ્પ: ૩૮ કેમ્પ યોજી ૬૭૯ દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી. જાગૃતિ કેમ્પ: ૪૭ અવેરનેસ કેમ્પ દ્વારા ૬,૭૭૮ નાગરિકો સુધી માનસિક સ્વાસ્થ્યનો સંદેશ પહોંચાડવામાં આવ્યો.

## આઈટીઆઈ જૂનાગઢ ખાતે "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત ITI તથા જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધા યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ | "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત તાલીમાર્થીઓમાં સર્જનાત્મકતા, ટીમવર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિક ભાગીદારીની ભાવનાને પ્રોત્સાહિત કરવાના હેતુથી "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત વિવિધ સંસ્થાઓમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જે અંતર્ગત આચાર્ય વર્ગ-૧ શ્રી ભગીરથસિંહ જાળીયા અને આચાર્ય શ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ તા. ૭ ઓકટોબરના આઈટીઆઈ જૂનાગઢ ખાતે ITI કક્ષાની રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આઈટીઆઈ જૂનાગઢના તાલીમાર્થી ઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ "વિકસિત ભારત @ ૨૦૪૭", "વિકસિત ભારતનું સ્વપ્ન", "મેક ઈન ઈન્ડિયા", "સેવા સંકલ્પ અભિયાન", 'રાષ્ટ્રીય પ્રતિકો' અને "આત્મનિર્ભર ભારત" સહિતની વિવિધ થીમ આધારિત આકર્ષક રંગોળીઓ તૈયાર કરી હતી. સ્પર્ધામાં તાલીમાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા, કલાત્મક કૌશલ્ય, ટીમવર્ક તથા રાષ્ટ્ર ભાવનાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.ITI કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તાલીમાર્થીઓની પસંદગી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.ત્યારબાદ તા. ૦૮ ઓકટબરના રોજ જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધાનું આયોજન આઈ. ટી.આઈ. જુનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાની વિવિધ આઈ.ટી.આઈ.માંથી પસંદ થયેલા તાલીમાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આઈટીઆઈ જૂનાગઢ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતાઓ નીચે મુજબ રહ્યા હતા.જેમા પ્રથમ નંબર:- આઈ.ટી.આઈ માળીયા હાટીના COPA ટ્રેડ:- જન કલ્યાણકારી યોજનાઓ,દ્વિતીય નંબર:- આઈ.ટી.આઈ જુનાગઢ HSI ટ્રેડ:- વિષય:-જન કલ્યાણકારી યોજનાઓ,તૃતીય નંબર:- આઈટીઆઈ માંગરોળ COPA ટ્રેડ: વિષય:- રાષ્ટ્રીય પ્રતીકો. રંગોળી સ્પર્ધા દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરી સુંદર અને આકર્ષક કૃતિઓ તૈયાર કરવામાં આવી હતી.આઈ.ટી.આઈ. કક્ષા તથા જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં તાલીમાર્થીઓના ઉત્સાહપૂર્ણ વાતાવરણ અને સહભાગિતા થી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

## વિસાવદરના પ્રેમપરા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો : ૨૩૬ અરજીઓનો સ્થળ પર જ નિકાલ

નરેન્દ્ર દવે જૂનાગઢ | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરની ગુજરાત સરકાર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેનો બહોળી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો અને કુલ ૨૩૬ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ ગ્રામજનોને ઘરઆંગણે મળી રહે તે માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આવક અને જાતિના પ્રમાણપત્રો, EWS પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, ડોમિસાઈલ પ્રમાણપત્ર, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ, નવા રેશનકાર્ડમાં નામ ઉમેરવું, નામ કમી કરવું તથા જરૂરી સુધારા કરાવવા, નવું આધારકાર્ડ કઢાવવું અથવા તેમાં જરૂરી સુધારા કરાવવા, આયુષ્માન ભારત કાર્ડ, જન્મ, મરણ અને લગ્ન નોંધણીના પ્રમાણપત્રો, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના ઉપરાંત ખેતીવાડી, પશુપાલન સહિતના વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ લેવા માટે જરૂરી સેવાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

## ૧૮ થી ૪૦ વર્ષના યુવાનો માટે જૂનાગઢ રોજગાર કચેરી ખાતે તા.૧૨ ઓક્ટોબરના યોજાશે જોબફેર: ઈન્સ્યોરન્સ, હોટેલ અને શો-રૂમમાં થશે ભરતી

નરેન્દ્ર દવે જૂનાગઢ | જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ ખાતે સવારે ૧૦-૩૦ કલાકે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે એક ભરતી મેળાનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લી., લેમન ટ્રી હોટેલ, ટાઇટન શો-રૂમ, તથા જોકિ શો-રૂમ - જૂનાગઢ, વિગેરે નોકરી દાતાઓ હાજર રહેવાના છે. જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે એચ.એસ.સી, સ્નાતક કે અનુસ્નાતક ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ( ૧૮ વર્ષ થી ૪૦ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવનાર છે.

## જૂનાગઢ જિલ્લામાં આગામી નવરાત્રી મહોત્સવ અન્વયે પોલીસ હેલ્પલાઇન નંબરો જાહેર કરવામાં આવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ |જૂનાગઢ જિલ્લામાં આગામી તારીખ ૧૧/૧૦/૨૦૨૬ થી શ્રી નવરાત્રી મહોત્સવનો શુભારંભ થવા જઈ રહ્યો છે. તા.૧૯/૧૦/૨૦૨૬ સુધી ચાલનારા આ મહોત્સવ દરમ્યાન સમગ્ર જિલ્લામાં શાંતિપુર્ણ વાતાવરણમાં નવરાત્રી સંપન્ન થાય તે માટે ચુસ્ત અને સઘન પોલીસ બંદોબસ્ત રાખવા આવનાર છે. પ્રાચીન કે અર્વાચીન કોઈપણ ગરબીઓના આયોજકો દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ આપવામાં આવેલ માઈકની પરમીટમાં દર્શાવેલ સમય મર્યાદા મુજબ નિયત કલાક પછી માઈક ચાલુ ન રાખવામાં આવે તે સંબંધિત આ તહેવાર દરમ્યાન રાત્રીના કલાક ૨૪:૦૦ (બાર વાગ્યા) બાદ લાઉડ સ્પીકરના ઉપયોગ સબંધે આવતી ફરિયાદ નિવારણ માટે નિયુક્ત કરવામાં આવેલ પોલીસ અધિકારીશ્રીઓના નામ, હોદ્દો તથા ટેલિફોન નંબર સહિતની વિગતવાર યાદીથી જાહેર જનતા અવગત થાય તે હેતુસર આ સમાચાર પ્રકાશિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમનો ટેલિફોન નંબર ૦૨૮૫-૨૬૩૦૬૦૩, ૨૬૩૨૩૭૩, ૧૧૨ રહેશે. તેમ સુબોધ ઓડેદરા, પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ જિલ્લાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આંદોલનનો સુખદ અંત: રાજ્ય સરકાર સાથેની સફળ બેઠક બાદ આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચાયું

ગાંધીનગર | નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી અને મહેસૂલી ક્લાર્ક સંવર્ગના વિવિધ પડતર પ્રશ્નો અંગે 'ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ' દ્વારા ચલાવવામાં આવી રહેલા આંદોલનનો પણ અંતે સુખદ ઉકેલ આવ્યો છે. રાજ્ય સરકાર સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ મહામંડળ દ્વારા આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચવાની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. જેમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ, અન્ય ઉચ્ચ અધિકારીઓ અને 'ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ'ના પ્રમુખ શ્રી જામસંગભાઈ પરમાર સહિત પ્રતિનિધિમંડળ વચ્ચે સાનુકૂળ વાતાવરણમાં દ્વિપક્ષીય ચર્ચા થઈ હતી. આ સફળ બેઠક બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યની સામાન્ય જનતાને કોઈ પણ પ્રકારની મુશ્કેલી કે અગવડ ન પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે કર્મચારીઓના પ્રશ્નો પ્રત્યે અત્યંત ઉદાર અને સહાનુભૂતિપૂર્વકનો અભિગમ દાખવ્યો છે. સરકારે તમામ વ્યાજબી માંગણીઓ પ્રત્યે હકારાત્મક વલણ અપનાવી તેના ઝડપી નિરાકરણ માટે મહામંડળને ખાતરી આપી છે.

# ચોખા અને એલોવેરાનો આ રીતે કરો ઉપયોગ, ચમકવા લાગશે તમારો ચહેરો

**વધતી ઉંમર સાથે ચહેરા પર નિશાન, ડાઘ અને કરચલીઓ વધવા લાગે છે. જો યોગ્ય કાળજી લેવામાં ન આવે તો ઉંમર પહેલા વૃદ્ધત્વ દેખાવા લાગે છે. એટલા માટે ત્વચા નિષ્ણાતો 30-35 વર્ષ પછી ચહેરાની ખાસ કાળજી લેવાની ભલામણ કરે છે. આ માટે ચહેરા પર કેટલીક ખાસ વસ્તુઓનો ઉપયોગ શરૂ કરો**



**સુંદરતા વધશે અને વૃદ્ધત્વ ઘટાડશે** | ચોખા અને એલોવેરામાંથી બનાવેલ જેલને રોજ તમારા ચહેરા પર લગાવવાથી તમારી સુંદરતા તો વધશે જ સાથે સાથે વૃદ્ધત્વ પણ ઘટાડી શકાય છે. જાણો ચોખામાંથી બનેલી આ જેલ કેવી રીતે બનાવવી અને તેને લગાવવાથી તમને શું ફાયદો થશે?

**ચોખા અને એલોવેરામાંથી ફેસ જેલ બનાવો** | વૃદ્ધત્વ ઘટાડવા માટે, દરરોજ ચહેરા પર જેલ લગાવો. આ ખાસ જેલને તમે કેટલીક વસ્તુઓની મદદથી ઘરે સરળતાથી તૈયાર કરી શકો છો. આ માટે તમારે મુખ્યત્વે ચોખા અને એલોવેરા જેલની જરૂર પડશે. લગભગ 1 કપ ચોખાને પાણીમાં સારી રીતે ધોઈ લો અને પછી તેને પલાળી દો. હવે એક કડાઈમાં 2 કપ પાણી નાંખો, તેમાં ચોખા નાખીને ઉકાળો. જ્યારે ચોખા રાંધવા માટે તૈયાર હોય, ત્યારે બાકીના પાણી સાથે ચોખાને પીસી લો. હવે તેમાં 1 ચમચી એલોવેરા જેલ અને 1 ચમચી ગ્લિસરીન ઉમેરો. હવે તેમાં 1 ચમચી મધ, 1 ચમચી વિટામિન ઈ તેલ અને 1 ચમચી ગુલાબજળ ઉમેરો. તૈયાર જેલને એર ટાઈટ કન્ટેનરમાં સ્ટોર કરો.

**ત્વચા અરીસાની જેમ ચમકવા લાગશે** | આ રાઈસ જેલને ચહેરા પર લગાવો અને લગભગ 15 મિનિટ પછી ચહેરાને સાદા પાણીથી ધોઈ લો. ચોખામાંથી બનેલી આ જેલ કોરિયન સુંદરતા માટે વપરાય છે. આ જેલને ચહેરા પર લગાવવાથી ભેજ જળવાઈ રહે છે. ઝીણી રેખાઓ ઓછી થાય છે અને ત્વચા ચમકવા લાગે છે. આ જેલને ચહેરા પર લગાવ્યા બાદ ત્વચા અરીસાની જેમ ચમકવા લાગે છે.

**કોરિયન સુંદરતાનું રહસ્ય** | જેલમાં વપરાતું ગ્લિસરીન ચહેરામાં ભેજ જાળવી રાખે છે. મધ અને વિટામિન ઈ વૃદ્ધત્વ વિરોધી તરીકે કામ કરે છે. એલોવેરા ચહેરા પર દેખાતા ફોલ્લીઓ અને ડાઘ-ધબ્બા દૂર કરે છે. એલોવેરા લગાવવાથી ત્વચા ચમકવા લાગે છે અને ફ્રીકલ પણ ઓછા થાય છે. તમે આ જેલનો સતત 30 દિવસ સુધી ઉપયોગ કરો. તમારા ચહેરા પર ચમક આવશે અને વૃદ્ધત્વ પણ ઘટવા લાગશે.

# ચિયા સીડ્સનું પાણી પીવાના છે આ ફાયદા, તમારું સ્વાસ્થ્ય રહેશે ફિટ



ચિયા સીડ્સના ઘણા ફાયદા છે જેના કારણે લોકો તેને તેમના આહારમાં સામેલ કરે છે. ચિયા બીજ, પોષક તત્વોથી ભરપૂર, વજન ઘટાડવાનો પ્રયાસ કરનારાઓ માટે વરદાન છે. ચિયા બીજ એક પૌષ્ટિક બીજ છે જે મેક્સિકો અને ગ્વાટેમાલામાં ઉગે છે આ બીજ તેમના ઉત્તમ પોષક મૂલ્યો અને તેમને પીવાના ઘણા સ્વાસ્થ્ય લાભો માટે જાણીતા છે. ચિયાના બીજમાં ઓમેગા-3 ફેટી એસિડ હોય છે, જે હૃદયના સ્વાસ્થ્યમાં ફાળો આપે છે, તમે દહીં સાથે ચિયાના બીજ પણ ખાઈ શકો છો. ચિયાના બીજમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે, જે વજન ઘટાડવામાં, હૃદયના સ્વાસ્થ્યને સુધારવામાં અને કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરી શકે છે. ફાઈબરને પચવામાં વધુ સમય લાગે છે, જે તમને લાંબા સમય સુધી ભરપૂર અનુભવવામાં મદદ કરી શકે છે, તમે લીંબુના રસ સાથે ચિયા સીડનું પાણી પી શકો છો. ચિયાના બીજમાં એન્ટીઑક્સિડન્ટ હોય છે જે તમારા શરીરમાં મુક્ત રેડિકલ સામે લડવામાં મદદ કરી શકે છે, હૃદય રોગ, કેન્સર અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ ઘટાડે છે. તમે ફળની સાથે ચિયા સીડ્સ પણ ખાઈ શકો છો. ચિયાના બીજમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને ALA હોય છે, જે હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરે છે તમે દૂધ સાથે પણ ચિયાના બીજ ખાઈ શકો છો. ચિયા બીજ પાચન સ્વાસ્થ્ય જાળવવામાં મદદ કરી શકે છે ચિયા બીજ રક્ત ખાંડના સ્તરને સંતુલિત કરવામાં મદદ કરી શકે છે.

# રાત્રે 7-8 કલાકની ઊંઘ પછી પણ આખો દિવસ થાક લાગતો હોય તો કારણ હશે આ વિટામિનની ઊણપ

**આજની દોડધામ ભરેલી જીવનશૈલીમાં થાક લાગવો સામાન્ય સમસ્યા છે. કારણ કે દરેક વ્યક્તિ તેની કેપેસિટી કરતાં વધારે કામ કરે છે. આ સિવાય સ્ટ્રેસના કારણે ઊંઘ પણ પુરી ન થતી હોય તો પણ બીજા દિવસે શરીરમાં સતત થાક અનુભવાય છે. પરંતુ આ કારણ સિવાય જો શરીર સતત થાકેલું લાગે તો તેની પાછળ આ 5 તત્વોની ખામી જવાબદાર હોય શકે છે. આજે તમને 5 એવા પોષકતત્વો વિશે જણાવીએ જેની ઊણપ હોય તો શરીર હંમેશા થાકેલું લાગે છે. રાત્રે પુરતી ઊંઘ થઈ હોય, દિવસ દરમિયાન પણ દોડધામ ન હોય તેમ છતાં લાગતો થાક આ કારણે હોય શકે છે.**



**આયરનની ખામી** | આયરન શરીરમાં હિમોગ્લોબિન બનાવવામાં મદદ કરે છે. સાથે જ તે રક્તમાં ઓક્સિજન લઈ જવાનું કામ પણ કરે છે. જો શરીરમાં આયરનની ઉણપ હોય તો શરીરમાં સતત થાક અને નબળાઈ જણાય છે.

**વિટામીન b12** | વિટામીન b12 શરીરની નસો અને બ્લડ સેલ્સને બુસ્ટ રાખે છે.. વિટામીન b12 ની ખામી હોય તો થાક નબળાઈ અને કોઈ કામ પર ફોકસ કરવામાં સમસ્યાનો સામનો કરવો પડે છે.

**વિટામીન ડી** | શરીરમાં વિટામિન ડી કેલ્શિયમના અવશોષણમાં મદદ કરે છે અને ઊર્જાનું સ્તર જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો આ પોષક તત્વોની ખામી હોય તો સ્નાયુમાં નબળાઈ અને થાકનો અનુભવ થાય છે.

**મેગ્નેશિયમ** | મેગ્નેશિયમ સ્નાયુ અને નર્વસ સિસ્ટમને યોગ્ય રીતે કામ કરવામાં મદદ કરે છે. શરીરમાં મેગ્નેશિયમની ઉણપ હોય તો સ્નાયુમાં ખેંચાણ, થાક અને સ્ટ્રેસ વધારે અનુભવાય છે.

**ફોલેટ** | ફોલેટ જેને વિટામીન b9 પણ કહેવાય છે તે શરીરમાં નવી કોષિકાઓના નિર્માણમાં મદદ કરે છે. શરીરમાં ફોલેટની ઉણપ હોય તો પણ થાક, ડિપ્રેશન અને ફોકસ કરવામાં પૂર્ણ રહે છે.

# મસૂરની દાળનો ફેસ પેક તમારા ચહેરાની ખોવાયેલી ચમક પાછી લાવશે

**કઠોળ ખાવી સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. પ્રોટીન સહિત ઘણા પોષક તત્વો દરેક પ્રકારની કઠોળમાં જોવા મળે છે જે શરીર માટે ફાયદાકારક માનવામાં આવે છે. મસૂર દાળ સ્વાસ્થ્યની સાથે દોષરહિત અને ચમકદાર ત્વચાને નિખારવામાં મદદ કરે છે. દાળના ફેસ પેકનો ઉપયોગ કરીને ત્વચા સંબંધિત ઘણી સમસ્યાઓ દૂર કરી શકાય છે. આ પેક તમે ઘરે જ સરળતાથી તૈયાર કરી શકો છો.**



**મસૂર અને એલોવેરા લેમન ફેસ પેક** | મસૂર અને એલોવેરા લેમન ફેસ પેકનો ઉપયોગ ત્વચાની સંભાળમાં કરી શકાય છે. તેના માટે ચાર ચમચી લાલ દાળ લો અને તેને આખી રાત પલાળી રાખો. ત્યાર બાદ બીજા દિવસે સવારે તેને પીસી લો. હવે તેમાં એલોવેરા જેલ અને એક ચમચી લીંબુનો રસ નાખીને બરાબર મિક્ષ કરી લો. હવે આ પેકને ચહેરા અને ગરદન પર લગાવો અને 15 મિનિટ માટે રહેવા દો. ત્યાર બાદ 15 મિનિટ પછી ચહેરાને પાણીથી ધોઈ લો અને સાફ કરી લો.

**મસૂર દાળ અને મધનો ફેસ પેક** | તમારા ચહેરા પર ચમક લાવવા માટે તમે મસૂરની દાળ અને મધથી બનેલા ફેસ પેકનો ઉપયોગ કરી શકો છો. આ માટે અડધો કપ દાળને રાતભર પલાળી રાખો. પછી બીજા દિવસે સવારે ઉઠીને તેને પીસી લો. હવે તેમાં 1 ચમચી મધ ઉમેરો. આ પછી, તેને ચહેરા અને ગરદન પર લગાવો અને 20 થી 25 મિનિટ માટે છોડી દો. પછી હળવા હાથે માલિશ કરો અને પછી પાણીથી ધોઈ લો.

## મસૂર, દૂધ અને બદામનો ફેસ પેક

જો તમે પિમ્પલ્સ અને ડાઘ-ધબ્બાથી પરેશાન છો, તો તમે દાળ, દૂધ અને બદામથી બનેલો ફેસ પેક લગાવી શકો છો. આ માટે સૌથી પહેલા દાળમાં ચાર બદામ અને અડધો કપ દૂધ ઉમેરો. ત્યાર બાદ આ બધાને પીસીને પેસ્ટ તૈયાર કરો. હવે આ પેસ્ટને ગરદન અને ચહેરા પર લગાવો અને 5 મિનિટ સુધી મસાજ કરો અને પછી 20 થી 25 મિનિટ સુધી ચહેરા પર રહેવા દો. તેનાથી થોડા જ દિવસોમાં ચહેરા પર ગ્લો આવી જશે.





# સંખેડામાં ગરબાના આયોજનોને લઈ જોરશોરથી તૈયારીઓ શરૂ

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

નવરાત્રીના પવિત્ર તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. સંખેડામાં ગરબાના આયોજનોને લઈ જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સંખેડાની ટી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં માં આદ્યશક્તિ યુવક ગરબા મંડળ દ્વારા ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરાયું છે.આ માટે ગ્રાઉન્ડમાં માંડવો બાંધવા, લાઈટિંગ, સાઉન્ડ સિસ્ટમ અને ચાચર ચોકને શણગારવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.ગામના સરપંચ નીતિનભાઈ શાહ, આગેવાન સંજયભાઈ દેસાઈ અને આદ્યશક્તિ યુવક ગરબા મંડળના સંચાલકોએ તમામ ખેલૈયાઓને ગરબે રમવા આમંત્રણ આપ્યું છે.ખેલૈયાઓની સુવિધા માટે ગ્રાઉન્ડમાં નાસ્તાના સ્ટોલ પણ ઉભા કરાયા છે. સુરક્ષા અને સ્વચ્છતાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મંડળ દ્વારા ભક્તોને માં આદ્યશક્તિના દર્શન કરી ગરબાનો લાભ લેવા અપીલ કરાઈ છે.

# આર્ટ્સ કોલેજ, લીમખેડા ખાતે વિકસિત ભારત અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ કોલેજ, લીમખેડાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા સંસ્થાના આચાર્યશ્રી પ્રા. અશ્વિનભાઈ આર. પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને વક્તૃત્વ સ્પર્ધાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિકસિત ભારત અંતર્ગત 'આત્મનિર્ભર ભારત' અને



'નશામુક્ત યુવા ભારત' જેવા વિષયો પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુલ આઠ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ સ્પર્ધામાં પ્રા. ડૉ. રેણુકાબેન ચૌહાણ તથા પ્રા. રંજનબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રા. ડૉ. કેતનભાઈ પારેખ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમગ્ર આયોજન સાંસ્કૃતિક વિભાગનાં પ્રા. વૈશાલીબેન બારિયા તેમજ પ્રા. ડૉ. કેતનભાઈ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સમગ્ર કોલેજ પરિવાર તેમજ એન. એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ખરતો તારો.....



- રુપાલી દવે

પ્રણવ,આપણે નાના હતા ત્યારે આપણા બન્ને ના કેવા સુંદર વેકેશન ના દિવસો હતા? ઉનાળા નું વેકેશન પડતા જ સામાન પેક કરીને મમ્મીનું મનગમતું સ્થળ એનું પિયર માં એની સાથે જવાનું .વર્ષ દરમિયાન મમ્મી ની લાઈફ ઘર કિચન ની સતત વ્યસ્તતા માં વીતતી હતી.ઉનાળા નું વેક્શન પડતા જ મમ્મી નું મારી સાથે વેકેશન પડતું એમાં પપ્પાની બેચલર લાઈફ શરૂ થઈ જતી હતી. વેકેશન પડતાં ની સાથે જ મામા ના ઘેર કેટલે દીવો બળે એટલે.મારી મમ્મી પોતે એક બેન અને મામા એક ભાઈ એટલે બન્ને વચ્ચે ભારે લગાવ હતો. આ કારણોસર એક ની એક ભાણી ની દાદાગીરી એવી હતી ને કે ભૂલથી આંખ માંથી આંસુઓ પડતાં તો નાની પ્રેમ થી માથે હાથ ફેરવી ને છાની રાખતી ને મનગમતી ચીજ વસ્તુઓ મળી જતી હતી.નાની ના ઘેરે રાત પડતાં જ ધાબા પર હું મારા નાના,નાની અને મમ્મી સાથે સૂતી ત્યારે રોજ રાત્રે જીદ પકડી ને નાની પાસેથી ચકલા ચકલી ની વાર્તા જ સાંભળતી હતી.હજુ ચકલા ચકલી ની વાર્તા અડધે પહોંચી ન હોય ત્યાં તો ગાઢ નિંદ્રા માં પોઢી જતી હતી..

પ્રણવ એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે શાલિની,મને પણ વેકેશન માં મારા દાદા દાદી ને ત્યાં ભરૂચ જવું ખૂબ ગમતું હતું.ચાર બહેનો નો એક નો એક ભાઈ એટલે મારી દાદી નું ગળા નું હાડકું હતો મતલબ દિલ નો કટકો સમજ.દાદી નો બાળ ગોપાલ ને દાદા નું રમકડું, મમ્મી નો લાડુ અને પાપા નો ટાઈગર હતો.સંધ્યા દીદી નો બટુક ને રાધા દીદી નું માંકડું,અનુપ દીદી નો ભૂરો અને કાવ્યાદીદી નો ડોન હતો. આપણા ને પરિવાર માં ટ્રીટમેન્ટ રાજા જેવી મળતી હતી.દાદા દાદી ને ત્યાં ઉનાળા ના વેકેશન માં જતા ત્યારે અમે બધા ધાબા પર સુતા હતા. દાદી ને વળગી ને સૂતા સૂતા કલાકો ને કલાકો તારા મંડળ જોતા જોતા દાદી ને તારા ઓ વિશે પૂછ્યા કરતો હતો.મારી દાદી ખાસ ભણી નહતી પણ એની પાસે તારા મંડળ વિશે જાણકારી સારી હતી.એક રાતે અચાનક નજર સમક્ષ ચાર તારા વચ્ચે ફસાયેલા ત્રણ તારા જોતાજ મેં દાદીને પૂછ્યું હતું કે દાદી,આ તો કેવું વિચિત્ર છે જે રીતે મારા ભાઈબંધો મને કબડી ની રમત માં ફસાવી દે છે એવું જ આકાશ માં દેખાય છે.ત્યારે દાદી એ મીઠું હસીને મારા ગાલ પર પ્રેમ થી ટપલી મારતા કહ્યું હતું કે બેટા,આ તારા ના જૂથ ને 'મૃગ શીર્ષ નક્ષત્ર' કહેવાય છે. ચાર શિકારીઓ એ ત્રણ હરણાં ને ઘેરી લીધા છે જે આપણા ને સમજાવે છે કે જીવન અનેક સંઘર્ષ થી ઘેરાઈ જવા છતાંય હિંમત હારવી જોઈએ નહી.ત્યાર થી લઈને આજ સુધી મારા માટે મૃગશીર્ષ નક્ષત્ર એ અજાયબી સમાન બન્યું હોવા છતાંય મને એને નિહાળવું ખૂબ ગમે છે.

પ્રણવ એ શાલિની નો હાથ પોતાના હાથમાં લેતાં ઊંડો નિસાસો નાખતા કહ્યું કે જાન,એ બાળપણ ના દિવસો ખૂબ જ ખાસ હતા,ત્યારે આકાશી તારા મંડળ ને કલાકો ના કલાકો નિહાળવા નો દાદી સાથે સમય હતો.અત્યારે બધી જ સગવડતા ભર્યું જીવન હોવા છતાંય એ દિવસો જેવી ખુશી નથી. લાખો રૂપિયા ખર્ચી ને વર્લ્ડ ટૂર કરવા છતાંય એ શાંતિ અને પ્રેમ નો આનંદ મન અનુભવતું નથી.ખુશી માં પણ દેખાડા ની કૃત્રિમતા ની ગંધ વધારે આવે છે.પ્રણવ ની હથેળી માં કિસ કરતા શાલિની બોલી કે પતિદેવ, વાત તો તમારી એકદમ સાચી છે સગવડતા વધ્યા બાદ 'પ્રેમ,લાગણી' પણ ઉધાર માં ખરીદવા પડે એવું અનુભવાય છે.કામ ની વ્યસ્તતા ને લીધે ઓફિસ પહોંચતા જ કામ એટલું બધું હોય છે ને કે સવારે તને કરેલ વાદો ભૂલી જવાઈ છે.

પ્રણવ એ શાલિની ના ગુલાબી ગોરા કાલ પર પ્રેમથી હળવી ટપલી મારતા કહ્યું કે ઓહો!! માય બ્યુટિફૂલ વાઈફ તું શું કામ પોતાના માથે દોષ નો ટોપલો મૂકે છે હું પણ ક્યાં તને પૂરતો સમય આપી શકું છું લગ્ન ના પાંચ વર્ષ પૂરા થયા બાદ પણ હજું સુધી મેરીડ લાઈફ ની ખુશી નોકરી ના ચક્કર માં મનભરી ને માણી શકતા નથી.કાલે જ મમ્મી નો ફોન આવ્યો હતો એ કહેતી હતી કે તું અને શાલિની અમને ખુશી ખબર ક્યારે આપો છો? અરે!!અમારા મન માં પણ દાદા દાદી બની ને પૌત્ર ને તારા મંડળ દેખાડવા ના અભરખા હોય છે. લગ્ન ના પાંચ વર્ષ વીત્યા બાદ તો તમારે બન્ને એ બાળક માટે વિચારવું જોઈએ. તારી ચારેય બહેનો બે બે બાળકો ની મમ્મી બની ગઈ છે તો તું કમ સે કમ એક બાળક નો પિતા તો જલ્દી જલ્દી બની જા.

શાલિની એ સહેજ સ્માઈલ કરતા પૂછ્યું કે મમ્મી ને તે શું જવાબ આપ્યો ? પ્રણવ એ માથું ખંજવાળતા ધીમેથી કહ્યું યાર,તું પણ શું? છોડ બધી મમ્મી ની પંચાત એને આપણા બન્ને ના ટાઈટ શિડયુઅલ ની ખબર નથી હોતી એટલે એ પૂછ્યા કરે છે. કેટલાય દિવસો બાદ માંડ રજા ના નિરાંત ની રાત માં છત પર સૂતા સૂતા આકાશી તારા મંડળ નિરખવા નો સમય મળ્યો છે. પ્રણવ ની વાત સાંભળી ને શાલિની બોલી કે પતિદેવ, ઘણીવાર મને આપણા બન્ને નું જીવન બાળપણ માં મારી નાની એ કીધેલી વાર્તા 'એક હતો ચકો અને એક હતી ચકી , ચકી લાવી ચોખાનો દાણો અને ચકો લાવ્યો મગ નો દાણો, એની બનાવી ખીચડી ....'ને એકદમ બંધબેસતી લાગે છે.લાઈફ ના દિવસો સવાર સાંજ માં સડસડાટ દોડી રહ્યા છે.મગ ના દાણા થી ઘર રૂપી સંસાર દોડે એટલે ચકલો દોડ્યા કરે છે ને ચોખા ના દાણા ભેળવી ને સ્વાદિષ્ટ ખીચડી નો સ્વાદ લઈ શકાય એટલે ચકલી પણ નોકરી ની ઝંઝટ માં ગૃહસ્થી નો આનંદ માણવા નું ભૂલી ચૂકી છે.સાચું કહું તો પ્રણવ આપણા લગ્ન જીવનમાં ખુશી ની બાદબાકી અને હરીફાઈ ના ગુણાકાર માં ભાગાકાર એ મસ્ત એન્ટ્રી લઈ લીધી છે. આ કારણોસર ગૃહિણીના રોલમાં નિભાવતી ઘરની રાણી ચકલી માટે ચોખાનો દાણો અત્યંત જરૂરી બની જતા 'કેરિયર' પર ફોક્સ કરી દીધું છે. પ્રણવ..પ્રણવ..મારે પણ મમ્મી બનવું છે દરેક સ્ત્રી ને લગ્ન બાદ નાનકડા બાળક ની ઝંખના હોય છે..શું હું જોબ પર થી વર્ષ નો બ્રેક લઈ ને...

પ્રણવ એ શાલિની તરફ પ્રેમ થી જોઈને કહ્યું કે હા!!મને પણ એવું અનુભવાય છે કે મારા જીવન માં શાલિની જેવી સુંદર મીઠુડી દીકરી ની પા પા પગલી થાય ને આપણા બન્ને નું શુષ્ક જીવન ખુશીઓ ના સુર માં ગુંજવા લાગે.. ખરેખર બોલી ને શરમાઈ ને શાલિની એ આકાશ તરફ જોયું ત્યારે તૂટતા તારા એ બાળક નું સપનું સાચું પડશે એવો સંકેત આપતા જ એ ખુશ ખુશાલ થઈને પ્રણવ ની સામે જોયું.. પ્રણવ એ શાલિની ને પોતાની નજીક ખેંચી ને રાત્રિ ના અંધારા માં ખરતા તારા તરફ ઈશારો કરતા કહ્યું કે ડાર્લિંગ,મને ખબર છે કે તે જે વિશ માંગી છે એ તારી અને મારી મનગમતી વિશ જ હશે..તને ખબર છે શાલુ ચકલા ચકલી ની વાર્તા માં એના બચ્ચા નો પણ ઉલ્લેખ આવે છે...તો..તો.. આપણા બન્ને ના જીવન ની વાર્તા માં પણ નાનકડી દીકરી નું આગમન તો થવું જોઈએ.. શાલિની એ પ્રણવ ને ધીમેથી ટોકતા કહ્યું કે મારે તો દીકરો જોઈએ છે એ પણ એકદમ મારા લાડુ જેવો..

બન્ને પતિ પત્નીની બાળક માટે પસંદ અલગ અલગ હતી પણ બાળક ની કિલકારી એમના ગુંજે એ ઈચ્છતા હતા. લગ્ન જીવન માં વર્ષો વિતતા પતિ પત્ની નું જીવન બાળક ની કિલકારી ન થાય તો કંટાળજન નિર્થક બનવા લાગતું હોય છે.



# 'આ સાલો મરતાં મરતાં પણ મને હેરાન કરતો ગયો'

## નાના પાટેકરના નિધન બાદ તનુશ્રી દત્તાનો બફાટ, કહ્યું- 'એવિલ મરી ગયો, હવે મારી જિંદગી પાટે ચડશે'

(એજન્સી) મુંબઈ | તા.09

બોલિવૂડના દિગ્ગજ એક્ટર નાના પાટેકરનું ગુરુવારે સવારે 75 વર્ષની ઉંમરે નિધન થયું. ગોવા સ્થિત તેમના ઘરમાં કાર્ડિયાક અરેસ્ટ આવ્યા બાદ તેમને લગભગ 45 મિનિટ સુધી CPR આપવામાં આવી, પરંતુ તેમને બચાવી શકાયા નહીં. એક તરફ તેમના નિધનથી બોલિવૂડ, સાઉથ સિનેમા અને ચાહકોમાં શોકનું મોજું ફરી વળ્યું છે, તો બીજી તરફ નાના વિરુદ્ધ જાતીય સતામણીનો આરોપ લગાવનાર એક્ટ્રેસ તનુશ્રી દત્તાએ તેમને 'એવિલ' ગણાવીને બફાટ કર્યો છે.

વાસ્તવમાં 2018માં તનુશ્રીએ ★MeToo ચળવળ હેઠળ નાના પાટેકર પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. હવે જ્યારે નાના પાટેકરનું નિધન થયું, ત્યારે તનુશ્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સ્ટોરી શેર કરીને દિવંગત એક્ટરને રાક્ષસ ગણાવ્યા છે. તનુશ્રી દત્તાએ લખ્યું, 'એવિલ (બૂરાઈ) મરી ગયો છે અને હવે મારું જીવન સારા દિવસો તરફ પાટે ચડી ગયું છે!'

તનુશ્રી દત્તા આટલેથી પણ ન અટકી. મોતનો મલાજો જાળવવાના બદલે તનુશ્રી ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવી. તેણે નાનાને એવિલ કહેતા થયેલી ટ્રોલિંગ પર પ્રશ્નો ઉઠાવ્યા. તેણે કહ્યું, 'દુનિયાનો એક્સપિરિયન્સ કોઈ વ્યક્તિ સાથે અલગ હોઈ શકે છે, પણ મારો એક્સપિરિયન્સ તો મને ખબર છે ને. હું તો ડાટેલા મડદાં ઉખાડવા પણ માગતી નહોતી. તેથી મેં રિએક્શન આપવાનું ટાળ્યું. પણ એનો અર્થ એ તો નથી ને જે મરી ગયો છે, તેણે જીવતેજીવતાં જે કાંડ કર્યા છે, તે દૂર થઈ જાય છે?'

તેણે આગળ કહ્યું, 'તેણે જેટલા લોકોને હેરાન કર્યા છે, જેટલા લોકોને વિક્ટમાઈઝ કર્યા છે, તે ખાતું બંધ થઈ જાય છે? અને લોકો માફ કરવાની વાત કરી રહ્યા છે. અરે ભાઈ, ભગવાન પણ માફી માગ્યા વિના માફ નથી કરતા. ભગવાન સામે પણ ભૂલ સ્વીકારવી પડે છે, પશ્ચાતાપ કરવો પડે છે.'

તનુશ્રીએ કહ્યું, 'તમને ખબર છે, મીટુ મુવમેન્ટ પછી મારી કેવી ખરાબ હાલત થઈ છે? જે છોકરી કોઈપણ ડર વિના આખી દુનિયામાં હરતી-ફરતી હતી. જ્યારે હું મિસ ઈન્ડિયા બની, જ્યારે હું ટોપની એક્ટ્રેસ હતી, ત્યારે પણ મને સિક્યોરિટીની જરૂર પડી નથી. મીટુ પછી મારી સાથે એટલી ખરાબ ખરાબ ઘટનાઓ ઘટી છેને, તમને સજ્જનોને કહીશને તો ચહેરો શરમથી પાણી-પાણી થઈ જશે.'

તેણે વાત આગળ વધારતા કહ્યું, 'તો જ્યારે હું કહું છું કે, એવિલ ઈઝ ડેડ, તો હું તે માનું છું. આ મારી રિયાલિટી છે. મતલબ આ સાલો મરતાં મરતાં પણ મને હેરાન કરી ગયો. મને કોઈ ખુલાસા આપવાની જરૂર નથી. પણ આ જે નેગેટિવિટી ચાલી રહી છે ને, કેટલાક યુટ્યુબર્સ અને સોશિયલ મીડિયા યુઝર્સ પોતાના વ્યુઝ અને લાઈક્સ વધારવા મારા નામનો ઉપયોગ કરી રહ્યા છે.'

### 'નાના અંડરવર્લ્ડ ડોન માન્યા સુર્વેનો કઝીન છે'

'2020 પછી મારા પર જીવલેણ હુમલા થયા છે. મારા જીવનનો એક-એક દિવસ મેં સ્ટ્રગલ કર્યું છે અને સફર કર્યું છે, માત્રને માત્ર આ માણસના લીધે. એ એકલો મને પરેશાન નહોતો કરી રહ્યો, ગ્રુપમાં મળીને હેરાન કરતો હતો. અને આ કેવો સજ્જન છે, અંડરવર્લ્ડ ડોન માન્યા સુર્વેનો કઝીન છે આ. નાના પાટેકર સાલો રાક્ષસની પૂંછડી. આજે રાક્ષસ મર્યો છે. મારા જીવનનો જે સૌથી મોટો અસૂર હતો ને, જેણે મારું જીવન હરામ કરી નાખ્યું હતું.'

તનુશ્રી દત્તાએ 2018માં MeToo ચળવળ હેઠળ નાના પાટેકર પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. એક્ટ્રેસના કહેવા પ્રમાણે, નાના પાટેકરે તેને 2009માં ફિલ્મ 'હોર્ન ઓકે પ્લીઝ'ના સેટ પર હેરાન કરી હતી. તનુશ્રીએ આરોપ લગાવતા કહ્યું હતું કે, 'નાના પાટેકર જબરદસ્તી મારી નજીક આવવા માંગતા હતા, તે શૂટિંગ દરમિયાન ગીતનો ભાગ નહતા, તેમ છતા મારી સાથે ઈન્ટીમેન્ટ થવાનો પ્રયાસ કર્યો હતો.' તેણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે તેણે આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે ફિલ્મમાં રાખી સાવંતને રિપ્લેસ કરવામાં આવી હતી.

### નાના પાટેકર સામેનો જાતીય સતામણીનો કેસ બંધ

તનુશ્રીએ મીટુ હેઠળ કરેલા કેસમાં નાના પાટેકરને મુંબઈની કોર્ટમાંથી રાહત મળી હતી. તેમની સામેનો જાતીય સતામણીનો કેસ બંધ કરી દેવામાં આવ્યો હતો. કોર્ટે તનુશ્રી દત્તાની અરજી ફગાવી દીધી હતી. અરજી ફગાવી દેતા કોર્ટે કહ્યું હતું કે, 'એક્ટર સામે જાતીય સતામણીના આરોપોને સાબિત કરવા માટે કોઈ પુરાવા નથી.' તનુશ્રી દત્તાએ સોશિયલ મીડિયા પર સ્ટોરી અપલોડ કરીને કહ્યું હતું કે, 'નાના પાટેકરની પીઆર ટીમ અમારા પક્ષમાં આવેલા કોર્ટના નિર્ણય પર ખોટા સમાચાર ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. હું અને મારી કાનૂની ટીમ કેસ જીતી ગયા છીએ. અને જે પણ મીડિયા હાઉસ આ તદ્દન ખોટી વાર્તા પ્રકાશિત કરી રહ્યું છે તેણે કોર્ટને જવાબ આપવો પડશે અને ઉત્પીડનના કેસમાં પક્ષકાર બનવું પડશે.'



# નાના પાટેકરના મોત મામલે ગોવા પોલીસે તપાસ હાથ ધરી

## અપ્રાકૃતિક મોતનો કેસ નોંધ્યો, મોડી રાત્રે અંતિમ સંસ્કાર કરવા અંગે દીકરાનો ખુલાસો

(એજન્સી) મુંબઈ | તા.09

ગોવા પોલીસે દિગ્ગજ એક્ટર નાના પાટેકરના નિધનના મામલે મેડિકો-લીગલ 'અકુદરતી મૃત્યુ' (UD)નો કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. હોસ્પિટલ પ્રશાસનના જણાવ્યા અનુસાર, તેમને મૃત હાલતમાં લાવવામાં આવ્યા હતા, જેના કારણે પોલીસ કેસ નોંધવો જરૂરી હતો.

બીજી તરફ, પુણેના ફાર્મહાઉસમાં મોડી રાત્રે થયેલા અંતિમ સંસ્કાર અંગે દીકરા મલ્હાર પાટેકરે સ્થિતિ સ્પષ્ટ કરી છે. તેમણે જણાવ્યું કે, ગોવાથી પાર્થિવ દેહ લાવવામાં વિલંબ થયો હતો અને સવારે જ નિધન થયું હોવાથી પરિવારે તે જ દિવસે અંતિમ સંસ્કાર કરવાનો નિર્ણય લીધો હતો.

સમાચાર એજન્સી IANS અનુસાર, ગોવા પોલીસે BNSની કલમ 194 હેઠળ કેસ નોંધ્યો છે અને PSI નિતિન નાઈક તેની તપાસ કરી રહ્યા છે. પણજીમાં નોંધાયેલા કેસના અહેવાલ મુજબ, નાના પાટેકરને ડોના પાઉલા સ્થિત ઓશન પાર્કમાંથી મણિપાલ હોસ્પિટલ, બાંબોલિમ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ મૃત્યુનું સાચું કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પરિવારજનોના નિવેદનોની તપાસ કરશે.

મણિપાલ હોસ્પિટલના ઓન્કોલોજી વિભાગના વડા ડૉક્ટર શેખર સાલકરે જણાવ્યું કે, 'નાના પાટેકરને હોસ્પિટલમાં મૃત હાલતમાં જ લાવવામાં આવ્યા હતા. આ કારણસર નિયમ મુજબ પોલીસ કેસ નોંધાવવો પડ્યો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોવા મેડિકલ કોલેજના શબઘરમાં મોકલવામાં આવ્યો.'

ડૉક્ટરના જણાવ્યા અનુસાર પ્રાથમિક રીતે આ કાર્ડિયાક અરેસ્ટનો મામલો લાગે છે. તેમણે જણાવ્યું કે, નાના પાટેકર પહેલેથી જ હૃદયરોગના દર્દી હતા અને તેમની સારવાર ચાલી રહી હતી.

### મોડી રાત્રે અંતિમ સંસ્કાર કરવાનું કારણ જણાવ્યું

સમાચાર એજન્સી ANI સાથેની વાતચીતમાં દીકરો મલ્હાર પાટેકરે મોડી રાત્રે અંતિમ સંસ્કાર કરવાનું કારણ જણાવ્યું. સામાન્ય રીતે સૂર્યાસ્ત પછી અંતિમ સંસ્કાર કરવામાં આવતા નથી, પરંતુ મલ્હારે કહ્યું કે, 'પરિવાર ગોવામાં હતો અને પાર્થિવ દેહને પુણે સ્થિત ગામના ફાર્મહાઉસમાં લાવવામાં સમય લાગી ગયો. કારણ કે નિધન વહેલી સવારે થયું હતું અને ઘણો સમય વીતી ગયો હતો, તેથી પરિવારે ગુરુવારે જ અંતિમ સંસ્કાર પૂર્ણ કરવાનો નિર્ણય લીધો.'

મલ્હાર પાટેકરે કહ્યું કે, 'નાના સાહેબ જેવા લોકો પોતાની સિદ્ધિઓ દ્વારા હંમેશાં અમર રહે છે. મરાઠવાડામાં 'નામ ફાઉન્ડેશન' દ્વારા ચાલી રહેલા સામાજિક કાર્યો બંધ નહીં થાય.' આ સંદર્ભમાં તેમની મહારાષ્ટ્રના મુખ્યમંત્રી સાથે વાત થઈ છે.



# રાની મુખર્જીએ બદ્રીનાથ-કેદારનાથના દર્શન કર્યા : શ્રાદ્ધ પક્ષમાં પૂર્વજો માટે વિશેષ પૂજા કરાવી; 16 દિવસ પહેલાં માતાનું અવસાન થયું હતું...

(એજન્સી) મુંબઈ | તા.09

બોલિવૂડ એક્ટ્રેસ રાની મુખર્જી ગુરુવારે ઉત્તરાખંડના પ્રસિદ્ધ કેદારનાથ અને બદ્રીનાથ ધામ પહોંચી. સૌપ્રથમ તેણે કેદારનાથ ધામ પહોંચીને બાબા કેદારનાં દર્શન કર્યા અને વિધિ-વિધાનપૂર્વક પૂજા-અર્ચના કરી. શ્રાદ્ધ પક્ષના અવસર પર તેણે પોતાના પૂર્વજોની સ્મૃતિમાં વિશેષ પૂજા પણ કરાવી અને બાબા કેદારના આશીર્વાદ લીધા.

તીર્થ પુરોહિત હિમાંશુ તિવારીએ રાની મુખર્જી પાસે વિધિ-વિધાનપૂર્વક પૂજા-અર્ચના કરાવી. આ દરમિયાન એક્ટ્રેસે કેદારનાથ ધામમાં ઘણો સમય વિતાવ્યો અને તીર્થ પુરોહિતો સાથે વાતચીત કરી. તેણે કેદારપુરીની કુદરતી સુંદરતા અને આધ્યાત્મિક વાતાવરણની પણ પ્રશંસા કરી. રાની મુખર્જીએ કહ્યું કે, 'બાબા કેદારની નગરી સ્વર્ગ સમાન છે અને અહીં પહોંચીને મનને શાંતિનો અનુભવ થાય છે.'

પૂજા દરમિયાન રાની મુખર્જીએ કેદારનાથ ધામમાં ચાલી રહેલા પુનર્નિર્માણ કાર્યો અને યાત્રા વ્યવસ્થાઓ વિશે પણ માહિતી મેળવી. તીર્થ પુરોહિતના જણાવ્યા અનુસાર, એક્ટ્રેસ ધામના આધ્યાત્મિક વાતાવરણ અને હિમાલયની સુંદરતા જોઈને ખૂબ પ્રસન્ન નજરે પડી હતી. કેદારનાથ પહોંચ્યાના સમાચાર બાદ તેના પ્રશંસકો અને સ્થાનિક લોકોમાં પણ ઉત્સુકતા જોવા મળી હતી.

કેદારનાથ બાદ રાની મુખર્જી બદરીનાથ ધામ પહોંચી. અહીં તેણે ભગવાન બદરીવિશાલનાં દર્શન કરી પૂજા-અર્ચના કરી અને દેશ-પ્રદેશની સુખ-સમૃદ્ધિ તથા શાંતિની કામના કરી. બદરીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી) તરફથી એક્ટ્રેસનું સ્વાગત કરવામાં આવ્યું. સમિતિના અધિકારીઓએ તેને બદરીવિશાલ અને બાબા કેદારનો પ્રસાદ અર્પણ કર્યો.

રાની મુખર્જીએ કેદારનાથ અને બદ્રીનાથ ધામના આધ્યાત્મિક અનુભવ અને પ્રાકૃતિક સૌંદર્યની પ્રશંસા કરી. તેણે કેદારનાથ અને બદ્રીનાથ ધામને ભવ્ય અને દિવ્ય સ્વરૂપ આપવા માટે કરવામાં આવી રહેલા કાર્યોની પણ પ્રશંસા કરી.



# 'રામાયણ'ના મેકર્સ પર ઈનકમ ટેક્સની રેડ...!

(એજન્સી) મુંબઈ | તા.09

ફિલ્મ 'રામાયણ'ના નિર્માતા નમિત મલ્હોત્રાની કંપની 'પ્રાઈમ ફોકસ લિમિટેડ'ની મુંબઈ સ્થિત ઓફિસો પર દરોડા પાડવામાં આવ્યા હોવાના સમાચાર છે. CNBC-TV18ના અહેવાલ મુજબ, આવકવેરા વિભાગે વિદેશી લેવડદેવડ (ફૉરેન રેમિટન્સ)માં થયેલી ગેરરીતિઓના સંદર્ભમાં આ કાર્યવાહી કરી છે.

નિતેશ તિવારીના ડિરેક્શનમાં બની રહેલી મોટા બજેટની ફિલ્મ 'રામાયણ'ની રિલીઝના થોડા અઠવાડિયા પહેલાં આ કાર્યવાહી સામે આવી છે.

આવકવેરા વિભાગની આ સર્ચ કાર્યવાહી વિદેશોમાં નાણાં મોકલવા સાથે જોડાયેલી નાણાકીય અનિયમિતતાઓને લઈને કરવામાં આવી છે. જોકે, કયા પ્રકારની લેવડદેવડની તપાસ કરવામાં આવી રહી છે અને આ કાર્યવાહીનો વ્યાપ કેટલો મોટો છે, તે અંગે અત્યાર સુધી કોઈ સત્તાવાર માહિતી કે ખુલાસો કરવામાં આવ્યો નથી.

આવકવેરા વિભાગની આ કાર્યવાહી મુંબઈ સ્થિત પ્રાઈમ ફોકસ સ્ટુડિયોઝમાં 'રામાયણ'ના સેટ પાસે આગ લાગવાની ઘટનાના થોડા દિવસો બાદ કરવામાં આવી છે. તે સમયે સ્ટુડિયોની નજીક નજીવી આગ લાગી હતી. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યા બાદ તરત જ શૂટિંગનું કામ ફરી શરૂ કરી દેવામાં આવ્યું હતું.

નિતેશ તિવારીના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. આ પૌરાણિક ફિલ્મને આશરે 4,000 કરોડ રૂપિયાના બજેટમાં તૈયાર કરવામાં આવી રહી છે. તેનું સંગીત ઓસ્કર વિજેતા સંગીતકાર હેન્સ ઝિમર અને એઆર રહેમાન મળીને તૈયાર કરી રહ્યા છે. ફિલ્મનો પહેલો ભાગ 5 નવેમ્બર 2026ના રોજ દિવાળીના અવસરે સિનેમાઘરોમાં રિલીઝ થશે, જ્યારે બીજો ભાગ દિવાળી 2027માં રિલીઝ કરવાની યોજના છે.

# 'ધ ફેમિલી મેન' અને 'પાતાલ લોક' ફેમ ગુલ પનાગે મહિલાઓ સામેના સૌથી મોટા ફિટનેસ પડકાર પર પ્રકાશ પાડ્યો

અમદાવાદ: ગુલ પનાગે 'ધ ફેમિલી મેન' અને 'પાતાલ લોક' સહિતના વિવિધ પ્રોજેક્ટ્સમાં પોતાના વૈવિધ્યસભર અભિનય માટે પ્રશંસા મેળવી છે. ફિલ્મો અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ પરના તેમના કામે તેમને એવી અભિનેત્રી તરીકે સ્થાપિત કરી છે, જે સહજતાથી વિવિધ અને પ્રભાવશાળી ભૂમિકાઓ ભજવે છે. અભિનય ઉપરાંત, ગુલ લાંબા સમયથી ફિટનેસ અને સક્રિય જીવનશૈલી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે જાણીતા છે. ફિટનેસ પ્રત્યે ઉત્સાહી અને સ્વસ્થ જીવનશૈલીના સમર્થક તરીકે, તેઓ લોકોને શારીરિક પ્રવૃત્તિ અને વેલનેસ (સ્વાસ્થ્ય)ને તેમના દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા માટે સતત પ્રેરિત કરતાં રહે છે. HDOR સાથેનું તેમનું જોડાણ ફિટનેસને સરળતાથી અપનાવી શકાય તેવી, નિયમિત અને લાંબા સમય સુધી જાળવી શકાય તેવી બનાવવાની તેમની માન્યતા દર્શાવે છે.મહિલાઓ માટેના સૌથી મોટા ફિટનેસ પડકાર વિશે ગુલ પનાગે શું કહ્યું...ફિટનેસના મામલે મહિલાઓ સામે આવતા સૌથી મોટા અવરોધ વિશે વાત કરતાં ગુલ પનાગે



કહ્યું, "મહિલાઓ માટે સૌથી મોટો ફિટનેસ પડકાર સમય કાઢવાનો છે. આપણે સતત અનેક જવાબદારીઓ સંભાળતા રહીએ છીએ અને ફિટનેસ ઘણીવાર આપણી પ્રાથમિકતાઓની યાદીમાં સૌથી છેલ્લે રહી જાય છે. HDOR જેવી પહેલ આ માનસિકતા બદલવાની દિશામાં એક નાનકડી શરૂઆત છે. તમે આખા વર્ષ દરમિયાન 100 દિવસ સુધી શારીરિક પ્રવૃત્તિ કરો છો, સાયકલ ચલાવો છો, દોડો છો અથવા ચાલો છો અને એક ટકાઉ આદત વિકસાવો છો."ગુલએ ભારપૂર્વક જણાવ્યું કે ફિટનેસ માટે જટિલ વર્કઆઉટ રૂટિન અથવા ખૂબ વધારે સમયની જરૂર હોતી નથી. નાના અને નિયમિત પ્રયાસો લોકોને તેમના દૈનિક જીવનમાં શારીરિક પ્રવૃત્તિનો સમાવેશ કરવામાં અને ફિટનેસને તેમની દિનચર્યાનો ટકાઉ હિસ્સો બનાવવામાં મદદ કરી શકે છે.HDOR વિશે વાત કરતાં પ્રોકેમ (Procam)ના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિવેક સિંહે કહ્યું, "100 ડેઝ ઑફ રનિંગ (HDOR) સાથે અમારું વિઝન દરેક વ્યક્તિ માટે, તેમની ઉંમર કે ફિટનેસનું સ્તર ગમે તે હોય, ફિટનેસને સરળતાથી અપનાવી શકાય તેવી, સર્વસમાવેશક અને હાંસલ કરી શકાય તેવી બનાવવાનું છે.

# વૃદ્ધ ડિરેક્ટરે કહ્યું 'મારી સાથે સૂવું પડશે', ડરી ગયેલી અભિનેત્રીએ માતાને કરી ફરિયાદ...

**(એજન્સી) મુંબઈ | તા.09** કાસ્ટિંગ કાઉચ (Casting Couch) એ ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગનું એક કડવું અને ગંભીર સત્ય રહ્યું છે. બોલિવૂડ, દક્ષિણ ભારતીય સિનેમા તેમજ હોલિવૂડમાં પણ ઘણી અભિનેત્રીઓએ પોતાના કરિયરના શરૂઆતી કે પછીના તબક્કામાં આ પ્રકારના શોષણનો સામનો કરવો પડ્યો હોવાના ખુલાસા કર્યા છે. હવે તેમાં ટીવીની જાણીતી એક્ટ્રેસ નીતિ ટેલર પણ સામેલ છે.ઈતિહાસ વાંચો



નીતિએ એક ઈન્ટરવ્યુમાં ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે, 'સાઉથના એક ડિરેક્ટરે મારી સામે ભદ્દી ડિમાન્ડ કરી હતી. જે બાદ મેં તે પ્રોજેક્ટ છોડી દીધો હતો. હું પહેલા સાઉથની ફિલ્મો કરતી હતી. મેં 2 જ સાઉથની ફિલ્મો કરી છે. તેના ડિરેક્ટરે મારી સાથે પહેલી ફિલ્મ કરી હતી. પછી મુવીનું શૂટિંગ પૂરું થયા પછી તેણે મને ફોન કર્યો અને બીજી ફિલ્મમાં કામ કરવાની ઓફર આપતા તે ડિરેક્ટરે મને કહ્યું કે, પણ આ વખતે તારે મારી સાથે સૂવું પડશે. હું આ વાત સાંભળીને એકદમ હેરાન રહી ગઈ હતી.'

અભિનેત્રીએ આગળ કહ્યું કે, 'મને સમજાયું નહીં કે કઈ રીતે રિએક્ટ કરવું. મેં તરત જ ફોન કાપી નાખ્યો. તેનો નંબર બ્લોક કર્યો અને મારી માતાને ફોન કર્યો. તે ડિરેક્ટર વૃદ્ધ હતો. મેં તેને બીજી છોકરીઓ સાથે પણ જોયો હતો. પરંતુ મને ખબર નહોતી કે આ વસ્તુ મારી સામે પણ આવશે. હું આ ઘટના બાદ ડરી ગઈ હતી. હું એક ક્ષણ માટે ફ્રીઝ થઈ ગઈ હતી. પછી મેં તે પ્રોજેક્ટમાં કામ ન કર્યું.

વર્કફ્રન્ટની વાત કરીએ તો નીતિએ 'કૈસી યે યારિયાં', 'ગુલામ', 'ઈશ્કબાઝ' જેવા શોઝમાં કામ કર્યું છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઇલાઇટ

## ક્રિકેટ અને શૂટિંગ સાથે હતો ગાઢ સંબંધ

# નાના પાટેકરનો રમતગમતમાં અદભુત લગાવ સામે આવ્યો



(એજન્સી) મુંબઈ । તા. 09

ભારતીય સિનેમા જગતના દિગ્ગજ અને અદભુત અભિનય માટે જાણીતા અભિનેતા નાના પાટેકરના જીવનનું એક એવું અજાણ્યું પાસું સામે આવ્યું છે, જેણે સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા છે. ફિલ્મી પડદા પર પોતાની ગંભીર અને વિસ્ફોટક અદાકારીથી લાખો દર્શકોના દિલ જીતનારા નાના પાટેકર માત્ર અભિનય પૂરતા સિમિત નહોતા, પરંતુ વાસ્તવિક જીવનમાં પણ તેમને રમતગમત પ્રત્યે અગાધ પ્રેમ અને ઊંડો લગાવ હતો. ક્રિકેટ પ્રત્યેની તેમની દીવાનગી અને શૂટિંગની રમત સાથેનો તેમનો નાતો આજે પણ રમતગમત જગતમાં સુવર્ણક્ષરે નોંધાયેલો છે, જેના વિશે ખુદ દિગ્ગજ ખેલાડીઓએ ખુલાસા કર્યા છે.

આ સફરની શરૂઆત વર્ષ ૧૯૯૫માં પુણે ખાતે યોજાયેલા નેશનલ ગેમ્સ દરમિયાન થઈ હતી, જ્યાં શૂટિંગ સ્પર્ધાનું આયોજન મુંબઈના વરલી ખાતે આવેલા રેન્જ પર કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં તમામ ગોલ્ડ મેડલ જીતનાર અંજલિ ભાગવતને ઈનામ વિતરણ કરવા માટે ખાસ મહેમાન તરીકે નાના પાટેકર ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે તેમણે અંજલિને તમામ મેડલ જીતતા જોઈ ત્યારે મજાકમાં કહ્યું હતું કે શું મારે આ બધા મેડલ ઘર લઈ જવા માટે એક ટ્રક મોકલવી પડશે? આ મજાક બાદ તેમણે જે ઉદારતા દાખવી તે અંજલિ ક્યારેય ભૂલી શક્યા નથી. કાર્યક્રમ પૂરો થયા પછી નાના પાટેકરે તેમના ગુરુ ભીષ્મરાજ બામનો સંપર્ક કરીને પૂછ્યું કે આપણી પાસે પ્રતિભાશાળી શૂટર્સ છે અને હું તેમને કેવી રીતે મદદ કરી શકું? આ સવાલ પછી તેમણે અંજલિ ભાગવતની પ્રથમ પ્રોફેશનલ શૂટિંગ કિટ પ્રાયોજિત કરી હતી, જેણે તેમના ભવિષ્યને આકાર આપવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

## પીબીકેએસ કોચિંગ સ્ટાફ બદલાવ, રિકી પોન્ટિંગની ટીમને મોટો ઝટકો લાગ્યો

# બ્રેડ હેડિન અને જેમ્સ હોપ્સે પંજાબ કિંગ્સ છોડ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

આઈપીએલની આગામી સિઝન પહેલા ફ્રેન્ચાઈઝી ક્રિકેટ જગતમાં હલચલ મચી ગઈ છે, જ્યાં પ્રીતિ ઝિન્ટાની માલિકીની પંજાબ કિંગ્સ ટીમમાં એક પછી એક મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેના રાજીનામા બાદ હવે ફીલ્ડિંગ કોચ બ્રેડ હેડિન અને ફાસ્ટ બોલિંગ કોચ જેમ્સ હોપ્સે પણ ફ્રેન્ચાઈઝી સાથેનો પોતાનો નાતો તોડી નાખ્યો છે. આ ત્રણેય દિગ્ગજ કોચના અચાનક વિદાય લેવાથી મેનેજમેન્ટની ચિંતાઓમાં વધારો થયો છે અને હવે મુખ્ય કોચ રિકી પોન્ટિંગ સમક્ષ પોતાની નવી સપોર્ટ ટીમ તૈયાર કરવાનો મોટો પડકાર ઊભો થયો છે.

ફ્રેન્ચાઈઝી સૂત્રોના જણાવ્યા અનુસાર, બ્રેડ હેડિન અને જેમ્સ હોપ્સે તાજેતરમાં જ મેનેજમેન્ટને પોતાના આ નિર્ણય વિશે સ્પષ્ટ જાણકારી આપી હતી. બંને દિગ્ગજ કોચ આગામી સમયમાં બિગ બેશ લીગ સાથે નવી ભૂમિકામાં જોડાઈ શકે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. સાઈરાજ બહુતુલે અગાઉ જ પોતાની જવાબદારી પૂર્ણ કરીને ભારતીય રાષ્ટ્રીય ટીમ સાથે જોડાઈ ચૂક્યા છે, જેના કારણે પંજાબ કિંગ્સના ડગઆઉટમાં એકસાથે ત્રણ મહત્વપૂર્ણ પદો ખાલી થઈ ગયા છે. આ અચાનક થયેલા ફેરફારોને કારણે ટીમના માળખા પર સીધી અસર પડી છે અને મેનેજમેન્ટ દ્વારા ઝડપથી નવા અને અનુભવી ચહેરાઓની તલાશ શરૂ કરી દેવામાં આવી છે.

બ્રેડ હેડિન અને જેમ્સ હોપ્સ બંને ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ જગતમાં મોટું નામ ધરાવે છે અને હેડ કોચ રિકી પોન્ટિંગ સાથે તેમનો જૂનો અને ગાઢ સંબંધ રહ્યો છે. જેમ્સ હોપ્સ અગાઉ દિલ્હી કેપિટલ્સની ટીમમાં પણ પોન્ટિંગ સાથે કામ કરી ચૂક્યા છે અને ત્યાંથી જ તેઓ પોન્ટિંગ સાથે પંજાબ કિંગ્સમાં આવ્યા હતા. બીજી તરફ, બ્રેડ હેડિન અગાઉના પ્રશાસન અને ટ્રેવર બેલિસના કાર્યકાળથી સપોર્ટ સ્ટાફનો અભિન્ન હિસ્સો રહ્યા હતા. પોન્ટિંગ સાથે ખેલાડી તરીકે રમી ચૂકેલા આ બંને અનુભવી કોચોનું જવું ટીમની રણનીતિ માટે એક મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે આગામી ખેલાડીઓની હરાજી પહેલા સપોર્ટ સ્ટાફનું હોવું અત્યંત આવશ્યક છે.

આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે ખેલાડીઓની હરાજીનું આયોજન થાય તે પહેલા પંજાબ કિંગ્સ મેનેજમેન્ટ તમામ ખાલી જગ્યાઓ ભરવા માટે ગંભીરતાથી કામ કરી રહ્યું છે. જોકે, ફ્રેન્ચાઈઝી દ્વારા કેટલાક સંભવિત ઉમેદવારોના નામ સૂચવવામાં આવી શકે છે, પરંતુ અંતિમ મહોર માત્ર અને માત્ર હેડ કોચ રિકી પોન્ટિંગની સંમતિ બાદ જ વાગશે. પોન્ટિંગ જાતે જ નવા ઉમેદવારોના ઈન્ટરવ્યુ લઈને સપોર્ટ ટીમની રચના કરશે જેથી આગામી સિઝન માટેની યોજનાઓ યોગ્ય દિશામાં આગળ વધી શકે. ચાહકો પણ આશા રાખી રહ્યા છે કે આ તમામ ઉતાર-ચઢાવ છતાં ટીમ ટૂંક સમયમાં જ મજબૂત કોચિંગ સ્ટાફ સાથે મેદાનમાં કમાલ કરવા માટે તૈયાર થઈ જશે.

# યુઝવેન્દ્ર ચહલની માન્ચેસ્ટર યુનાઈટેડ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને સમર્થન



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

આજે નવી દિલ્હી ખાતેથી મળતા અહેવાલો મુજબ, ભારતના પ્રસિદ્ધ લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલે પ્રીમિયર લીગની લોકપ્રિય ફૂટબોલ ક્લબ માન્ચેસ્ટર યુનાઈટેડની વર્તમાન સ્થિતિ અને આગામી પ્રદર્શનને લઈને મોટું નિવેદન આપ્યું છે. એક મીડિયા અહેવાલ અનુસાર, ચહલે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમની બાળપણની પ્રિય ટીમ હજી પણ વિપક્ષીઓને ચોંકાવવાની ક્ષમતા ધરાવે છે અને આંતરરાષ્ટ્રીય બ્રેક બાદ ટીમ ફરીથી મેદાન પર મજબૂત વાપસી કરશે. ક્લબ પ્રત્યેનો તેમનો પ્રેમ માત્ર એક પ્રશંસક પૂરતો મરમિત નથી, પરંતુ તેઓ પોતાના મિત્રો સાથે મળીને દરેક મોટી મેચનો રોમાંચ અને ઉત્સાહ અગાઉની જેમ જ માણે છે.

ચહલે તાજેતરમાં જ ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે માન્ચેસ્ટર ડર્બીની મેચ પ્રત્યક્ષ નિહાળી હતી, જેનો અનુભવ તેમના માટે અત્યંત ભાવનાત્મક રહ્યો હતો. જ્યારે મેચ દરમિયાન વિરોધી ટીમ માન્ચેસ્ટર સિટીના દસ ખેલાડીઓ જ મેદાન પર રહી ગયા હતા, ત્યારે ચહલને પૂરી આશા હતી કે તેમની પ્રિય ટીમ આ તડનો પૂરેપૂરો લાભ ઉઠાવીને મેચ જીતી લેશે. જોકે, આખી મેચ દરમિયાન અંતિમ ક્ષણોમાં આવેલા પલટા અને નાટકીય વળાંકોને કારણે પરિણામ થોડું નિરાશાજનક રહ્યું હતું. ખાસ કરીને જ્યારે હલાંડે ગોળ ફટકાર્યો અને ત્યારબાદ વી.એ.આર. ટેકનોલોજીને લઈને લાંબી ચાલતી સમીક્ષા જોઈ, ત્યારે એક સમર્પિત પ્રશંસક તરીકે તેમને ભારે દુ:ખ અનુભવાયું હતું, પરંતુ આ જ ફૂટબોલની રમતનું સાચું સૌંદર્ય અને અચાનક બદલાતા સમીકરણો છે.

વર્તમાન સ્ક્વોડની ખૂબીઓ વિશે વાત કરતા ચહલે યુવા ખેલાડી માથેઉસ કુન્હાની ભરપૂર પ્રશંસા કરી છે. કુન્હાની મેદાન પરની બેફામ ઊર્જા, આક્રમક રમત શૈલી અને વિરોધી ખેલાડીઓને પાછળ રાખીને સતત આગળ વધવાની જીદ ચહલને ખૂબ જ ગમે છે. તેમનું માનવું છે કે આખી ટીમમાં લડાયક મિજાજ અને અણધારી રમત બતાવવાની અદ્ભુત ક્ષમતા મોજૂદ છે, જે કોઈપણ મોટી ટીમને હરાવવા માટે પૂરતી છે.

## એશિયન ગેમ્સમાં ભારતીય સેનાના ખેલાડીઓનો ઈતિહાસ

### છ સુવર્ણ સહિત અદ્ભુત સફળતા મળી



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

રમતગમત જગતમાં ભારતનું ગૌરવ વધારતા, એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય સેનાના સ્પોર્ટ્સ કન્ટીજન્ટે અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે અને કુલ વીસ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે.

પંદર અલગ-અલગ રમતોમાં ભાગ લેનાર બાસઠ સૈન્ય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા છ સુવર્ણ, આઠ રજત અને છ કાંસ્ય પદકો પોતાના નામે કર્યા છે. આ શાનદાર ઉપલબ્ધિના કારણે ભારતે સ્પર્ધામાં ચોથું સ્થાન મેળવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. અગાઉની એશિયન ગેમ્સની સરખામણીમાં આ વખતે સેનાના ખેલાડીઓએ સુવર્ણ પદકોની સંખ્યામાં બમણો વધારો નોંધાવ્યો છે, જે દર્શાવે છે કે સૈન્ય સંસ્થાઓમાં ખેલાડીઓને તાલીમ આપવાની પદ્ધતિ કેટલી મજબૂત અને પ્રભાવશાળી છે.

આ મહાસંપૂર્ણ સ્પર્ધામાં સૈન્યના ખેલાડીઓએ માત્ર મેડલ જ જીત્યા નથી પરંતુ અનેક રાષ્ટ્રીય અને એશિયન ગેમ્સના રેકોર્ડ પણ તોડ્યા છે. મેરેથોન દોડમાં સાવન બરવાલે રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે, જ્યારે તીરંદાજીમાં ધીરજ બોમ્માદેવરાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ ઉપરાંત, શૂટિંગ અને બોક્સિંગ જેવી રમતોમાં પણ સૈન્યના ખેલાડીઓએ અદભુત કુશળતા દાખવીને દેશ માટે ગૌરવપૂર્ણ પદકો જીતી લીધા છે. મહિલા ખેલાડીઓએ પણ ઉત્સાહજનક પ્રદર્શન કરતા બે સુવર્ણ અને એક રજત પદક પોતાના નામે કર્યો છે. ભારતીય સેનાની આ સફળતા માત્ર આંકડાઓ પૂરતી સીમિત નથી, પરંતુ તે વર્ષોથી ચાલી આવતી કઠિન તાલીમ, શિસ્ત અને રમત પ્રત્યેના સમર્પણનું પરિણામ છે.

## ફૂટબોલ જગતમાં મેસીની નિવૃત્તિ પર રોનાલ્ડોનો પ્રેમ

# લિયોનલ મેસી નિવૃત્તિ ભાવુક સંદેશ રોનાલ્ડો ટ્રિબ્યુટ



(એજન્સી) બ્યુનસ આઈર્સ । તા. 09

આજે આર્જેન્ટિનાની રાજધાની બ્યુનસ આઈર્સ ખાતેથી મળતા અહેવાલો મુજબ, ફૂટબોલ જગતના સૌથી મહાન ખેલાડીઓમાં સ્થાન પામનાર આર્જેન્ટિનાના સ્ટાર લિયોનલ મેસીએ પોતાની રાષ્ટ્રીય ટીમની જર્સીને અલવિદા કહી દીધી છે. મોન્યુમેન્ટલ સ્ટેડિયમ ખાતે બેનિન સામે રમાયેલી પોતાની આખરી આંતરરાષ્ટ્રીય મેચમાં મેસીએ એક શાનદાર ગોલ ફટકારવાની સાથેસાથે સાથી ખેલાડીઓને બે ગોલ કરવામાં મદદ કરીને પોતાના પ્રશંસકોને યાદગાર ક્ષમો આપી હતી. આ ભવ્ય વિદાય બાદ સમગ્ર વિશ્વમાંથી અનેક દિગ્ગજોએ તેમને શુભકામનાઓ પાઠવી હતી, જેમાં તેમના સૌથી મોટા પ્રતિસ્પર્ધી ગણાતા ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો ભાવુક સંદેશ સૌથી વધુ ચર્ચાનો વિષય બન્યો છે. પોતાની ફેરવેલ મેચ પૂરી થતાં જ લિયોનલ મેસીએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી હતી. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે તેમને અત્યારથી જ અર્જેન્ટિનાની રાષ્ટ્રીય જર્સીની યાદ આવવા લાગી છે અને હવે રાષ્ટ્રીય ટીમથી આગળ વધવાનો આ બિલકુલ યોગ્ય સમય છે. આ અવસરે તેમણે પોતાના પરિવારજનો, સાથી ખેલાડીઓ અને અર્જેન્ટિનાના મહાન ફૂટબોલર ડિએગો મારાડોનાને વિશેષરૂપે યાદ કર્યા હતા. મેસીએ કહ્યું કે મારાડોનાની પ્રેરણાના કારણે જ અર્જેન્ટિના ફૂટબોલની દુનિયામાં એક મહાશક્તિ તરીકે ઉભરી શક્યું છે. મેદાન પર વર્ષો સુધી કાંટાની ટક્કર આપનાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાના કટ્ટર પ્રતિસ્પર્ધીની આ વિદાય પોસ્ટ પર ખૂબ જ સુંદર અને દિલને સ્પર્શી જાય તેવી પ્રતિક્રિયા આપી છે. પોર્ટુગલના આ સુપરસ્ટારે લખ્યું હતું કે લિયો, આટલાં વર્ષો સુધી પોતાના દેશ માટે રમીને તમે એવો ઈતિહાસ રચી દીધો છે જે હંમેશા કાયમ રહેશે.

**આસામ મંત્રીમંડળની મોટી જાહેરાત**

માત્ર એક રૂપિયામાં જમીન ફાળવાઈ

# લવલીના બોક્સિંગ અકાદમીને આપી મોટી ભેટ



(એજન્સી) ગુવાહાટી । તા. 09

ભારતમાં રમતગમત ક્ષેત્રને વધુ વેગ આપવા અને યુવા પ્રતિભાને પ્રોત્સાહન પૂરું પાડવાના ઉદ્દેશ્યથી આસામ સરકારે એક અત્યંત પ્રશંસનીય અને મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની અધ્યક્ષતામાં મળેલી આસામ મંત્રીમંડળની બેઠકમાં દેશના પ્રખ્યાત ઓલિમ્પિક પદક વિજેતા બોક્સર લવલીનાની અકાદમી માટે ફાળવવામાં આવેલી જમીનનું સેટલમેન્ટ પ્રીમિયમ સંપૂર્ણપણે માફ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી રાજ્યના ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આસામના પલાશબારી રેવેન્યુ સર્કલ અંતર્ગત આવતા ચાયની ઝાના હુદુમપુર ગામમાં ત્રણ બીઘાથી વધુ જમીન લવલીના બોક્સિંગ અકાદમી માટે ફાળવવામાં આવી હતી. અગાઉ આ જમીન માટે મોટું પ્રીમિયમ ચૂકવવાનું હતું, પરંતુ સરકાર દ્વારા આ પ્રીમિયમ માફ કરીને માત્ર એક રૂપિયાના નામાંકિત દરે જમીન મંજૂર કરવામાં આવી છે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ રાજ્યમાં બોક્સિંગ અને અન્ય રમતોના વિકાસ માટે ઉત્તમ રમતગમતનું માળખું ઊભું કરવાનો છે, જેથી વધુમાં વધુ યુવાનો આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરી શકે. આ નિર્ણય માત્ર રમતગમત પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દેશના વડાપ્રધાનના સતત જાહેર સેવાના પચ્ચીસ વર્ષ પૂર્ણ થવાના અવસર પર રાજ્ય સરકાર દ્વારા વ્યક્ત કરાયેલી કૃતજ્ઞતાનો એક ભાગ છે.

## ડિફેન્ડિંગ ચેમ્પિયન રાજપૂતાના રોયલ્સે વિજય સાથે કરી શરૂઆત

# આર્ચરી પ્રીમિયર લીગ (APL) સીઝન ૨ નો ધમાકેદાર પ્રારંભ

(એજન્સી) હૈદરાબાદ । તા. 09

દેશની સૌથી રોમાંચક ફ્રેન્ચાઈઝી લીગ પૈકીની એક એવી આર્ચરી પ્રીમિયર લીગની બીજી સિઝનનો ભવ્ય અને રોમાંચક આગાઝ હૈદરાબાદના નેકલેસ રોડ પર આવેલા પીપલ્સ પ્લાઝા ખાતે થયો છે. લીગના પહેલા જ દિવસે ગત સિઝનની ફાઈનલનું પુનરાવર્તક જોવા મળ્યું હતું, જ્યાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ‘રાજપૂતાના રોયલ્સ’ એ પોતાના ખિતાબ બચાવવાની અભિયાનની શાનદાર શરૂઆત કરતા ‘પૃથ્વીરાજ યોધ્ધા’ સામે ૫-૩થી વિજય મેળવ્યો હતો. ઓપનિંગ મેચમાં કમ્પાઉન્ડ આર્ચર્સ ઓજાસ દેઓતલે અને એલા ગિબ્સને રાજપૂતાના રોયલ્સ માટે મોરચો સંભાળ્યો હતો, જેમાં Mete ગઝોઝે પણ ઉત્તમ સાથ આપ્યો હતો. શરુઆતમાં ધીમી શરૂઆત કર્યા બાદ અભિષેક વર્માના નેતૃત્વવાળા પૃથ્વીરાજ યોધ્ધાએ જોરદાર વાપસી કરી હતી અને મેચને લગભગ શૂટઆઉટ સુધી ખેંચી લીધી હતી. જો કે, અંતિમ તરણમાં મથિયાસ ગ્રાન્ડેનો છેલ્લો શર અંક ‘આઠ’ પર જ અટકી જતાં યોધ્ધા વિજયથી થોડે દૂર રહી ગયા હતા.

પ્રથમ દિવસના અન્ય મુકાબલાઓમાં પણ ભારે રોમાંચ જોવા મળ્યો હતો. બીજા મુકાબલામાં ‘માઈટી મરાઠાસ’ અને ‘કાકતિયા નાઈટ્સ’ વચ્ચે રમાયેલી મેચમાં નાટકીય વળાંક આવ્યો હતો. મરાઠાસની ટીમ શરૂઆતના બે સેટ જીતીને ૪-૦ની મજબૂત સરસાઈ પર હતી, પરંતુ છેલ્લા બે સેટમાં તેમણે ધીરજ બોમ્માદેવરાને સબસ્ટીટ્યુટ તરીકે બહાર રાખવાની ભુલ કરી અને તેનો ખામી ભોગવવો પડ્યો.

હોકી

## હોકી ઈન્ડિયા ટૂર્નામેન્ટમાં 29 ટીમો વચ્ચે જંગ, ડિફેન્ડિંગ ચેમ્પિયન પંજાબ સામે ખિતાબ જાળવવાનો પડકાર

# હોકી ઈન્ડિયા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ 2026 શરૂ

(એજન્સી) મુંબઈ । તા. 09

ઉત્તર પ્રદેશના ઐતિહાસિક અને પ્રખ્યાત શહેરમાં દેશભરના ખેલાડીઓનો જમાવડો થયો છે, જ્યાં દસમી ઓક્ટોબરથી સોળમી હોકી ઈન્ડિયા સિનિયર મેન્સ નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૬નો ભવ્ય અને રંગારંગ પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ રાષ્ટ્રીય સ્તરની મહાસર્ધામાં દેશભરમાંથી કુલ ઓગણત્રીસ શક્તિશાળી ટીમો ભાગ લઈ રહી છે, જેઓ ત્રણ અલગ-અલગ ડિવીઝનમાં પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરશે અને આગામી એકવીસ ઓક્ટોબર સુધી ચાલનારા આ રોમાંચક મુકાબલામાં ખિતાબ જીતવા માટે એડીચોટીનું જોર લગાવશે.




ગયા વર્ષની વિજેતા હોકી પંજાબની ટીમ આ વખતે પણ પોતાના શાનદાર પ્રદર્શનને પુનરાવર્તિત કરવા અને ટ્રોફી પોતાની પાસે જ રાખવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. ગત વર્ષે ફાઈનલ મુકાબલામાં પંજાબે મધ્ય પ્રદેશની ટીમને ચાર-એકથી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું, જ્યારે ઉત્તર પ્રદેશની સ્થાનીય ટીમ ત્રીજા સ્થાને રહી હતી. આ વર્ષે પણ તમામ ડિવીઝનમાં કડાકે કી ટક્કર જોવા મળશે તેવી પૂરી સંભાવના છે, કારણ કે તમામ રાજ્યોના ખેલાડીઓએ આ ટૂર્નામેન્ટ માટે સખત પરિશ્રમ કર્યો છે અને મેદાન પર પોતાની સર્વશ્રેષ્ઠ રમત બતાવવા માટે ઉત્સાહિત છે.

આ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં સ્પર્ધાને રોમાંચક બનાવવા માટે ટીમોને ત્રણ અલગ-અલગ શ્રેણીઓમાં વહેંચવામાં આવી છે. ડિવિઝન એ માં બાર ટીમો ભાગ લઈ રહી છે, જેને ચાર અલગ-અલગ પુલમાં વિભાજિત કરવામાં આવી છે. દરેક પુલમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટોચની બે ટીમો સીધી ક્વાર્ટર ફાઈનલ માટે ક્વોલિફાઈ થશે, જે અઢિયાર ઓક્ટોબરે રમાશે. ત્યારબાદ ઓગણીસ ઓક્ટોબરે સેમિફાઈનલ મુકાબલા યોજાશે અને એકવીસ ઓક્ટોબરે ત્રીજા સ્થાન માટેની મેચ તથા ભવ્ય ફાઈનલ રમાશે. આ ઉપરાંત, ડિવિઝન બી માં દસ ટીમો અને ડિવિઝન સી માં સાત ટીમો પોતાના પૂલ મેચો રમશે.

રમતગમત પ્રેમીઓમાં ભારે ઉત્સાહ અને સુરક્ષા વ્યવસ્થા

ઝાંસીમાં યોજાઈ રહેલી આ રાષ્ટ્રીય સ્પર્ધાને લઈને સ્થાનિક રમતગમત પ્રેમીઓમાં અદભુત ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થિત રહે તેવી આશા છે. આ વિડીયોઝ દ્વારા તમે આ મહાસંપૂર્ણ ટૂર્નામેન્ટના રોમાંચક દ્રશ્યો અને પાછલા મુકાબલાઓની ઝલક જોઈ શકો છો, જે આ રમતની ભવ્યતાને ઉજાગર કરે છે. સ્થાનિક પ્રશાસન દ્વારા પણ ખેલાડીઓની સુરક્ષા અને અવરજવર માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે, જેથી આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ શકે.

## ચંદીગઢ સામે મુંબઈની પ્રથમ મેચનો રોમાંચક પ્રારંભ

# મુંબઈ રણજી ટ્રોફી ચેમ્પિયનશિપમાં મુંબઈની ટીમ મેદાનમાં

(એજન્સી) મુંબઈ । તા. 09

ભારતીય ઘરેલુ ક્રિકેટ જગતની સૌથી સફળ અને પ્રતિષ્ઠિત ટીમ માનેલી મુંબઈની ક્રિકેટ ટીમ આગામી રેકોર્ડ-બ્રેક 43મા રણજી ટ્રોફી ખિતાબને જીતવાના લક્ષ્યાંક સાથે સજ્જ થઈ ગઈ છે. રવિવારથી વાનખેડે સ્ટેડિયમ ખાતે ચંદીગઢ સામે રમાનારી મેચ સાથે યુવા અને ઊર્જાવાન મુંબઈની ટીમ પોતાની આગામી લાંબી રમત યાત્રાનો પ્રારંભ કરવા જઈ રહી છે, જ્યાં સમગ્ર દેશના ક્રિકેટ રસિયાઓની નજર આ શાનદાર મુકાબલા પર રહેશે.

મુંબઈના નવનિયુક્ત કેપ્ટન સિદ્દેશ લાડે પ્રી-સીઝન પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વાતચીત કરતાં જણાવ્યું હતું કે મુંબઈની ટીમનો ભવ્ય ઇતિહાસ અને અગાઉ જીતેલા 42 રણજી ટ્રોફી ખિતાબ ખેલાડીઓ પર એક સકારાત્મક દબાણ ચોક્કસપણે લાવે છે. પરંતુ આ દબાણથી ભાગી જવાના બદલે તેને સ્વીકારીને મેદાન પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવું એ જ ટીમની ખરી સંસ્કૃતિ છે. લાડના વ્યાપક ફર્સ્ટ-ક્લાસ અનુભવ અને 5,600થી વધુ રનનો ફાળો મિડલ ઓર્ડરમાં ટીમ માટે મજબૂત પાયો પૂરો પાડશે.

વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત થયેલા 19 વર્ષીય યુવા




ઓપનિંગ બેટર આયુષ મ્હાત્રેએ પોતાની જવાબદારી અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વરિષ્ઠ ખેલાડીઓ અને કેપ્ટન તરફથી મળેલા સહયોગને કારણે ટીમમાં ક્યારેય જુદા હોવાની ભાવના અનુભવાઈ નથી. મહાસચિવ અને દિગ્ગજ ખેલાડીઓની જેમ મેદાન પર શાંતિ જાળવવાનું મહત્વ સમજાવતા મ્હાત્રેએ કહ્યું કે ગુસ્સો થોડીવાર માટે હોય છે પરંતુ તેનાથી લીધેલા નિર્ણયો ખોટા સાબિત થઈ શકે છે, તેથી શાંત રહીને યોગ્ય નિર્ણયો લેવા ખૂબ જરૂરી છે.

### આર્મી ચીફના પ્રસ્તાવથી રાજકીય સંતુલન ડગમગવાનો ભય અને ભારે વિરોધ

# પાકિસ્તાનને 15 ટુકડામાં વહેંચવાની તૈયારીઓ



(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 09

પાકિસ્તાનમાં હાલ દેશના રાજકીય અને ભૌગોલિક નકશાને સંપૂર્ણપણે બદલી નાખવાની એક મોટી ચર્ચાએ જોર પકડ્યું છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાનના સેના પ્રમુખ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર દેશના વર્તમાન ૪ મોટા પ્રાંતોને વિભાજીત કરીને ૧૨ થી ૧૫ નવા નાના પ્રાંતો બનાવવાની યોજના પર વિચાર કરી રહ્યા છે. આ પ્રસ્તાવ અંતર્ગત દેશમાં આશરે ૧૬૦ જેટલા નાના પ્રશાસનિક વિસ્તારો ઊભા કરવાની વાત છે, જેના કારણે પાકિસ્તાનની શાસન વ્યવસ્થામાં ધરખમ ફેરફાર થઈ શકે છે.

પાકિસ્તાનના હાલના ચારેય પ્રાંતો (પંજાબ, સિંધ, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન) વસ્તી અને ભૌગોલિક વિસ્તારની દૃષ્ટિએ અત્યંત અસંતુલિત છે. ઉદાહરણ તરીકે, એકલા પંજાબ પ્રાંતમાં જ દેશની કુલ વસ્તીના અડધાથી વધુ એટલે કે આશરે ૧૨.૮ કરોડ લોકો વસે છે, જ્યારે ક્ષેત્રફળમાં સૌથી મોટા ગણાતા બલુચિસ્તાનની વસ્તી માત્ર ૧.૫ કરોડની આસપાસ છે. આર્થિક મોંઘવારી, દેવાના ભારે બોજ અને વહીવટી મુશ્કેલીઓને આગળ ધરીને સેના આ વિભાજનને યોગ્ય ઠેરવી રહી છે, જેથી ટેક્સ કલેક્શન અને સરકારી યોજનાઓ સરળ બની શકે.

પરંપરાગત રીતે પંજાબ એ પીએમએલ-એન (PML-N) અને સિંધ એ પીપીપી (PPP) પક્ષનો મજબૂત રાજકીય ગઢ ગણાય છે. આ મોટા પ્રાંતોની ચૂંટણીકીય તાકાત કેન્દ્ર સરકાર સામે મજબૂત સ્થિતિ પૂરી પાડે છે. જો આ પ્રાંતોને નાના ટુકડાઓમાં વહેંચવામાં આવે, તો તેમની રાજકીય તાકાત અને પ્રભાવ નબળો પડી જશે. આનાથી કેન્દ્ર સરકાર અને ખાસ કરીને સેનાના વડામથક (રાવલપિંડી) માટે દેશભર પર સીધો પ્રભાવ અને નિયંત્રણ જાળવવું વધુ સરળ બનશે તેવી પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ પ્રસ્તાવ એવા સમયે સામે આવ્યો છે જ્યારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન જેવા વિસ્તારોમાં પહેલેથી જ ઉગ્ર અશાંતિ અને તણાવ પ્રવર્તી રહ્યો છે. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની જેલવાસ અને તેમના સમર્થકોના સતત વિરોધ પ્રદર્શનો વચ્ચે જો સરહદો અને પ્રાંતીય માળખાને બદલવાનો પ્રયાસ કરવામાં આવશે, તો તે દેશ માટે વધુ ઘાતક સાબિત થઈ શકે છે. પ્રાદેશિક અસ્મિતા સાથે જોડાયેલા આ મુદ્દે સ્થાનિક સ્તરે તીવ્ર વિરોધ ફાટી નીકળવાની પૂરી સંભાવના છે.

આંતરિક અસ્થિરતા અને આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા દેશમાં આવા મોટા પ્રશાસનિક ફેરફારો કરવાથી ત્યાંની સ્થિતિ પર શી અસરો પડી શકે છે તે વિશે આપનું શું માનવું છે?

### ઈઝરાયલ દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન જાહેર

# ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરને મોટું સન્માન



(એજન્સી)યરૂશલેમ । તા. 09

આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન ક્ષેત્રે ભારતનું નામ રોશન કરનાર એક અત્યંત ગર્વભર્યો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ફ્લાયદુબઈની ફ્લાઈટમાં અચાનક થયેલા પ્રાણઘાતક હુમલા વચ્ચે અસાધારણ સાહસ અને સૂઝબૂઝ દાખવીને ૧૭૪ મુસાફરોના અમૂલ્ય પ્રાણ બચાવનાર ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરને ઈઝરાયલ સરકારે દેશના સર્વોચ્ચ નાગરિક વીરતા પુરસ્કાર 'પ્રેસિડેન્શિયલ એવોર્ડ ફોર સિવિલ હિરોઈઝમ'થી સન્માનિત કરવાની સત્તાવાર જાહેરાત કરી છે, જેણે વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે.

આ ગંભીર ઘટનાની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, ગત સપ્તાહે તેલ અવીવ તરફ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં એક ઓમાની નાગરિક કો-પાયલટ હમામ અલ-હમ્મામીએ અચાનક જ કેપ્ટન સ્મિત મચ્છર પર કુહાડીથી પ્રાણઘાતક હુમલો કરી દીધો હતો અને વિમાનનો કાબૂ બળજબરીથી પોતાના હાથમાં લેવાનો કુટિલ પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં કેપ્ટન સ્મિત મચ્છર ગંભીર રીતે ઘાયલ થયા હોવા છતાં, તેમણે જરાયે ડર્યા વગર અદ્ભુત ધૈર્ય, માનસિક સ્થિરતા અને પ્રોફેશનલિઝમ દાખવીને હુમલાખોરને કાબૂમાં લીધો હતો અને તમામ મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિમાનનું સાઉદી અરેબિયામાં સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું.

યરૂશલેમ ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગે પોતાના દેશના વીરોની સાથે ખાસ ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કેપ્ટન મચ્છર સાચા હીરો છે અને તેમની સમયસૂચકતાથી જ એક મોટી હોનારત નિવારી શકાઈ છે. રાષ્ટ્રપતિએ તેમના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના કરતા ઉમેર્યું હતું કે કેપ્ટન સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે ત્યારે તેમને ઈઝરાયલની જનતા વતી આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અર્પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ એવોર્ડ સાતમી ઓક્ટોબર 2023ના આતંકી હુમલા બાદ રાષ્ટ્રપતિ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે, જે અન્યના જીવ બચાવવા માટે અસાધારણ બહાદુરી દાખવનાર નાગરિકોને આપવામાં આવે છે.

યરૂશલેમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં છ ઈઝરાયલી નાગરિકોને વીરતા પુરસ્કાર આપતી વખતે રાષ્ટ્રપતિ હર્ઝોગે ખાસ ભારતીય પાયલટ સ્મિત મચ્છરનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'આજે જે ઈઝરાયલી વીરોને આપણે સન્માનિત કરી રહ્યા છીએ, તેમની સાથે આપણે ભારતના કેપ્ટન સ્મિત મચ્છરના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના કરીએ છીએ.

તેમની બહાદુરી અને સૂઝબૂઝથી જ એક મોટી હોનારત ટળી શકી છે. તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે ત્યારે મને ઈઝરાયલની જનતા વતી તેમને આ પુરસ્કાર આપવાનું સન્માન મળશે.'

#### વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનું ટેલિફોનિક નિમંત્રણ

આ ભયાનક દુર્ઘટના ટળી ગયા બાદ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા કેપ્ટન સ્મિત મચ્છર સાથે ટેલિફોન પર સીધી વાતચીત કરી હતી. વડાપ્રધાને તેમને ઈઝરાયલ, ભારત અને સમગ્ર વિશ્વના સાચા હીરો ગણાવ્યા હતા અને તેમને ઈઝરાયલના આગામી સ્વતંત્રતા દિવસ સમારોહમાં ખાસ અતિથિ તરીકે ઉપસ્થિત રહેવા માટે સત્તાવાર નિમંત્રણ પાઠવ્યું હતું. મીડિયા અહેવાલો મુજબ, આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ભારતીય પાયલટોની તાલીમ અને કટોકટીના સમયની નિર્ણાયક શક્તિ વિશ્વભરમાં સર્વોત્તમ છે, જેને વૈશ્વિક સ્તરે માન્યતા મળી રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકામાં આતંકી હુમલો એફબીઆઈએ નિષ્ફળ બનાવ્યો



રીચફિલ્ડ | વૈશ્વિક સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય સ્તરેથી એક અત્યંત ચોંકાવનારા અને ગંભીર સમાચાર સામે આવ્યા છે, જેમાં અમેરિકાના મેનેસોટા રાજ્યના રીચફિલ્ડ શહેરમાં એક ખૂબ જ મોટો અને વિનાશક આતંકી હુમલો થતાં સહેજ રહી ગયો છે. ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન એટલે કે ગુપ્તચર એજન્સીની અદ્ભુત સતર્કતા અને સમયસૂચકતાના કારણે એક ધર્માંધ યુવાનનું ખતરનાક કાવતરું સમયસર નિષ્ફળ બનાવી દેવામાં આવ્યું છે, જેનાથી એક મોટો માનવ સંહાર અટકી ગયો છે અને હજારો પરિવારના જીવ તાળવે ચોંટી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગંભીર કાવતરા પાછળ અઢાર વર્ષીય શેખાદ્મ અબ્દુલ્લાહી મોહમ્મદ નામના એક યુવાનનો હાથ હોવાનું સામે આવ્યું છે. આ યુવાને ગત બીજી ઓક્ટોબરે મિનેસોટાના રીચફિલ્ડ વિસ્તારમાં આવેલા એક યહુદીઓની માલિકીના મોલને ખાસ નિશાન બનાવવાની યોજના ઘડી હતી. તેની યોજના એવી હતી કે તે અતિઆધુનિક એકે-૪૭ રાઈફલ સાથે મોલની અંદર ઘૂસીને ઓછામાં ઓછા સાઠ જેટલા નિર્દોષ નાગરિકોને ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી દે. આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટથી પ્રેરિત થઈને તેણે આ ઘાતક કૃત્ય કરવાનું નક્કી કર્યું હતું અને તે બિન-મુસ્લિમોને ટાર્ગેટ કરવા માગતો હતો.

### અમીરિકાના વિઝા કૌભાંડમાં ભારતીય આઈટી કંપનીઓની થઈ ભારે કતલ





વોશિંગ્ટન | વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી અને આર્થિક ક્ષેત્રમાંથી એક અત્યંત ચોંકાવનારા અને મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં અમેરિકાના વહીવટી તંત્ર દ્વારા વિઝા કૌભાંડના ગંભીર આરોપોસર ભારતની દિગ્ગજ સોફ્ટવેર કંપનીઓ તેમજ અન્ય વૈશ્વિક ટૅક જાયન્ટ્સ સામે અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકી સરકારે એચ-૧બી વિઝા અને પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામના નિયમોના કથિત ભંગ બદલ ટાટા કન્સલટન્સી સર્વિસીસ, ઈન્ફોસિસ, વિપ્રો, એચસીએલ, કોગ્નિઝન્ટ અને કેપજેમિની સહિતની આઠ અગ્રણી આઈટી કંપનીઓને ગ્રીન કાર્ડ પ્રોગ્રામમાંથી સત્તાવાર રીતે સસ્પેન્ડ કરી દીધી છે. આ ગંભીર કાર્યવાહીની વિગતો આપતા અમેરિકી પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ તમામ કંપનીઓએ વિઝા નિયમોનો દુરુપયોગ કરીને અમેરિકામાં વિદેશી કામદારોની પ્રમાણમાં ભરતી કરી છે અને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ રોજગારીની તકોને નુકસાન પહોંચાડ્યું છે. આ યાદીમાં માત્ર ભારતીય કંપનીઓ જ નહીં પરંતુ માઈક્રોસોફ્ટ અને એડોબ જેવી દિગ્ગજ અમેરિકન કંપનીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### મિડ-ટર્મ ચૂંટણી પહેલા અમેરિકી પ્રમુખ દબાણમાં

# ઈરાન યુદ્ધમાં અમેરિકાની મોટી હારથી ટ્રમ્પ ચિંતિત, કાંગ્રેસનલ રિસર્ચ સર્વિસનો મોટો ઘટસ્ફોટ

(એજન્સી) વાશિંગ્ટન । તા. 09

વૈશ્વિક રાજકારણ અને યુદ્ધના મોરચેથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક સૈન્ય સંઘર્ષમાં મહાસત્તા યુનાઈટેડ સ્ટેટ્સને અકલ્પનીય આર્થિક અને લશ્કરી ફટકો પડ્યો હોવાનું બહાર આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈરાનની સચોટ સંરક્ષણ પ્રણાલી અને જવાબી કાર્યવાહીના કારણે અમેરિકી સૈન્યના અત્યાધુનિક ઉપકરણો અને વિમાનો ધૂળધાણી થઈ ગયા છે, જેનાથી અમેરિકી વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

અમેરિકી સંસદની સ્વાયત્ત સંસ્થાના તાજેતરના અપડેટેડ અહેવાલ મુજબ, ઈરાન સાથેના આ ઘાતક સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૮૧ અમેરિકન સૈન્ય વિમાનો અને ડ્રોન કાં તો સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગયા છે અથવા તો ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયા છે. અગાઉ અમેરિકી સૈન્ય દ્વારા આ નુકસાનની વિગતો ગુપ્ત રાખવામાં આવી હતી, પરંતુ સંસદીય અહેવાલે તમામ સત્યો બહાર લાવ્યા છે. તબાહ થયેલા કુલ ૮૧ સૈન્ય સાધનોમાં ૪૫ અત્યાધુનિક કિલર ડ્રોન, ૧૨ આક્રમક લડાયક જેટ, ૭ હવાઈ રિફ્યુઅલિંગ જહાજો અને ૧ અત્યાધુનિક પાંચમી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર જેટ સામેલ છે. ખાસ કરીને, કટોકટીના સમયે અમેરિકી પાયલટોને બચાવવા માટે મોકલવામાં આવેલા ખાસ બચાવ મિશન દરમિયાન પણ મોટા પાયે સૈન્ય સાધનોનો નાશ થયો હતો, જેની ગંભીર નોંધ લેવામાં આવી છે.

સૈન્ય સ્તરે થયેલા આ અણધાર્યા નુકસાન અને દેશભરમાં વધી રહેલા રાજકીય દબાણ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો અને વ્યૂહાત્મક રાજકીય નિર્ણય લીધો છે. મળતી માહિતી મુજબ, આગામી ૩ નવેમ્બરે યોજાનારી મિડ-ટર્મ (મધ્યાવધિ) ચૂંટણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રમ્પે ઈરાન સામે નવા સૈન્ય હુમલાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધા છે. રિપબ્લિકન પાર્ટીના પ્રચાર અભિયાન દરમિયાન અગાઉ આક્રમક પગલાં લેવાના સંકેતો આપનાર ટ્રમ્પે, સતત તબાહ થઈ રહેલા પોતાના એરફોર્સના પ્લેનો અને ડ્રોનની વાસ્તવિકતા



સ્વીકારીને હાલ પૂરતી નરમાઈ અપનાવવી પડી છે.

આ યુદ્ધે માત્ર અમેરિકી સૈન્યની ક્ષમતા પર સવાલો ઊભા કર્યા નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાની રણનીતિને પણ મોટો ઝટકો આપ્યો છે. અબજો ડોલરના શસ્ત્રોના નુકસાન અને રાજકીય સમીકરણો બદલાવાથી આગામી ચૂંટણીઓ પર તેની ઊંડી અસર જોવા મળી રહી છે. વિશ્લેષકોના મતે, આ સંઘર્ષે સાબિત કરી દીધું છે કે લાંબા સમય સુધી ચાલનારા યુદ્ધો કોઈપણ મહાસત્તા માટે આર્થિક અને સૈન્ય બંને રીતે ભારે સાબિત થઈ શકે છે. આગામી દિવસોમાં આ પરિસ્થિતિ વૈશ્વિક અર્થવ્યવસ્થા અને તેજ બનતી રાજનીતિને કઈ દિશામાં લઈ જાય છે, તે જોવું રસપ્રદ રહેશે.

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધમાં યુનાઈટેડ સ્ટેટ્સ (US) ને અકલ્પનીય સૈન્ય અને નાણાકીય ફટકો પડ્યો છે. યુએસ સૈન્યના અત્યાધુનિક પ્લેન અને ડ્રોન ઈરાની સંરક્ષણ પ્રણાલી અને જવાબી કાર્યવાહીનો ભોગ બન્યા છે. યુએસ સંસદની સ્વાયત્ત સંસ્થા 'કાંગ્રેસનલ રિસર્ચ સર્વિસ' (CRS) ના તાજેતરના અપડેટેડ રિપોર્ટ અનુસાર, ઈરાન સાથેના સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 81 અમેરિકન સૈન્ય વિમાનો અને ડ્રોન કાં તો સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગયા છે અથવા તો ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયા છે.

અમેરિકન સૈન્ય દ્વારા યુદ્ધમાં થયેલા નુકસાનની સત્તાવાર માહિતી છુપાવવામાં આવી રહી હતી, પરંતુ કાંગ્રેસનલ રિપોર્ટમાં તબાહ થયેલા હથિયારોનું સંપૂર્ણ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. 81 વિમાનોના આંકડામાં નીચે મુજબના સૈન્ય સાધનોનો સમાવેશ થાય છે:

ઉલ્લેખનીય છે કે, ઈરાનમાં કટોકટી વખતે બે અમેરિકન પાયલટોને રેસ્ક્યૂ કરવા માટે મોકલવામાં આવેલા ખાસ મિશન દરમિયાન પણ કેટલાક વિમાનો નષ્ટ થયા હતા, જે બાબત સેનાએ સ્વીકારવી પડી હતી.

# અમેરિકી ઈતિહાસમાં સૌથી મોટો સૈન્ય નરસંહાર, ત્રીજી ડિસેમ્બરે લાઈવ પ્રસારણ સાથે ફાંસી

(એજન્સી) વાશિંગ્ટન । તા. 09

આધુનિક યુગના વૈશ્વિક રાજકારણ અને લશ્કરી ઈતિહાસમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ પોતાના ઈતિહાસમાં ક્યારેય ન જોયેલી સ્થિતિનો સાક્ષી બનવા જઈ રહ્યો છે અને ત્યાંની સરકારે નવ દાયકા પછી ફરી એકવાર જાહેરમાં મૃત્યુદંડ આપવાનો મોટો નિર્ણય લીધો છે. મળતી માહિતી અનુસાર, વર્ષ ૨૦૦૯માં ટેક્સાસના ફોર્ટ હૂડ લશ્કરી બેઝ પર અંધાધૂંધ ગોળીબાર કરીને તે સમયના તેરમાં સૈનિકોની હત્યા કરનાર પૂર્વ આર્મી ઓફિસર મેજર નિદાલ મલિક હસનને આગામી ત્રીજી ડિસેમ્બરના રોજ જાહેરમાં ગોળી મારીને મૃત્યુદંડ આપવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયાનું લાઈવ સ્ટ્રીમિંગ પણ કરવામાં આવશે, જેને લઈને સમગ્ર દેશમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે.

આ બનાવની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૦૯માં ટેક્સાસ સ્થિત ફોર્ટ હૂડ લશ્કરી મથક પર થયેલો અંધાધૂંધ ગોળીબાર યુએસ લશ્કરી બેઝના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી ઘાતક અને ભયાનક હુમલો માનવામાં આવે છે. આ લોહીયાળ કાંડમાં બાર સક્રિય આર્મી સૈનિકો સહિત કુલ તેર નિર્દોષ લોકોની નૃશંસ હત્યા કરવામાં આવી હતી અને બત્રીસ જેટલા સૈનિકો તથા નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ હુમલાએ સમગ્ર અમેરિકન આર્મી અને વહીવટી તંત્રને હચમચાવી મૂક્યું હતું, જેના દોષિત તરીકે નિદાલ મલિક હસનને લાંબી કાનૂની લડાઈ બાદ હવે આ આકરી સજા ફટકારવામાં આવી છે.

અમેરિકાના ઈતિહાસમાં સરકારી મંજૂરીથી જાહેર ફાંસી કે મૃત્યુદંડ આપવાની આ પદ્ધતિ લગભગ એક સદી પહેલાં બંધ કરી દેવામાં આવી હતી.

# સાઉદી એરપોર્ટ પર હુથીઓનો ખતરનાક મિસાઈલ હુમલો, જીએસટી કલેક્શન બે લાખ કરોડને પાર પહોંચ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

મધ્ય પૂર્વના દેશોમાંથી એક અત્યંત ચોંકાવનારા અને ગંભીર સમાચાર સામે આવ્યા છે, જેમાં સાઉદી અરેબિયાના બે મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હુથી બળવાખોરો દ્વારા અચાનક કરવામાં આવેલા ભીષણ મિસાઈલ અને ડ્રોન હુમલાથી ભારે ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ આકસ્મિક હુમલાના કારણે એરપોર્ટ પર મોટી તારાજી સર્જાઈ છે અને ત્યાં હાજર પ્રવાસીઓ પોતાનો સામાન છોડીને જીવ બચાવવા માટે અબઘડીએ ભાગી છૂટ્યા હતા, જેના કારણે સમગ્ર ક્ષેત્રમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

મળતી વિગતો મુજબ, હુથી બળવાખોરો દ્વારા એડન અને કિંગ ખાલેદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને નિશાન બનાવીને બેલિસ્ટિક મિસાઈલો અને વિસ્ફોટક ડ્રોનથી હુમલા કરવામાં આવ્યા હતા. આ બેફામ હુમલાઓમાં અત્યાર સુધીમાં ત્રણ



નિર્દોષ લોકોના મોત થયા છે જ્યારે છત્રીસ જેટલા પ્રવાસીઓ અને નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કિંગ ખાલેદ એરપોર્ટ પર થયેલા હુમલામાં એક સુદાની નાગરિકનું મૃત્યુ થયું હતું અને આઠ લોકો ઘાયલ થયા હતા, જ્યારે અન્ય એરપોર્ટ પર મોરોક્કો અને અલ્જીરિયાના નાગરિકોના મોત નીપજ્યા છે. આ અણધાર્યા હુમલાને પગલે એરપોર્ટ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ઉડાન વ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી.

સાઉદી અરેબિયા વિશ્વનું સૌથી મોટું ઓઈલ એક્સપોર્ટર હોવાને કારણે આ હુમલાઓની સીધી અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ઉર્જા બજાર પર જોવા મળી છે. મધ્ય પૂર્વના આ સૌથી મહત્વપૂર્ણ કેન્દ્રો પર હુમલો થવાથી આંતરરાષ્ટ્રીય વિમાન વ્યવહારને મોટો ફટકો પડ્યો છે અને ક્રૂડ ઓઈલના ભાવોમાં ભારે ઉછાળો નોંધાયો છે. વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ વધીને લગભગ ૧૦૪ થી ૧૦૬ ડોલરની આસપાસ પહોંચી ગયું છે. બીજી બાજુ, ભારત સરકાર દ્વારા સાઉદી અરેબિયામાં રહેતા તમામ ભારતીય નાગરિકો માટે તાકીદની એડવાઈઝરી જારી કરીને અત્યંત સાવચેતી રાખવા અને ઘર કે ઓફિસની બહાર ન નીકળવાની કડક સૂચના આપવામાં આવી છે. એક તરફ વૈશ્વિક સ્તરે યુદ્ધ અને તણાવની સ્થિતિ છે, ત્યારે બીજી તરફ દેશના આર્થિક મોરચે સારા સમાચાર સામે આવ્યા છે. તમામ મુશ્કેલીઓ અને આર્થિક પડકારો છતાં સરકારને સપ્ટેમ્બર મહિનામાં જીએસટી કલેક્શન રૂ. ૨.૦૩ લાખ કરોડ જેટલું મજબૂત પ્રાપ્ત થયું છે.

**સવાલ** મસ્કની પોસ્ટ પર રાહુલ ગાંધીનો કટાક્ષ, સ્ટારલિંક લાયસન્સ વિવાદે પકડ્યું જોર

# અંબાણી ભારતના અસલી બોસ છે કે કેમ મસ્કનો સવાલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી ક્ષેત્રના દિગ્ગજ અને અગ્રણી ઉદ્યોગપતિ એલોન મસ્ક દ્વારા ભારતમાં પોતાની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકના લાયસન્સ મેળવવાની પ્રક્રિયામાં થઈ રહેલા વિલંબને લઈને સીધા સવાલો ઉઠાવવામાં આવ્યા છે, જેના કારણે દેશના રાજકીય અને આર્થિક ગલિયારામાં ભારે ખળભળાટ મચી ગયો છે. મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેરમાં પોસ્ટ કરીને દેશના અગ્રણી ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અંગે એક મોટો અને વિવાદાસ્પદ સવાલ પૂછ્યો છે, જેના પર કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી તરફથી પણ ત્વરિત અને કટાક્ષભરી પ્રતિક્રિયા સામે આવતા આ મામલો વધુ ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ટેસ્લા અને સ્પેસએક્સના સર્વેસર્વા એલોન મસ્કે સોશિયલ મીડિયા પર એક યુઝરની પોસ્ટનો જવાબ આપતી વખતે આ ગંભીર મુદ્દો છેડ્યો હતો. તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે દુનિયાના ૧૬૫થી વધુ દેશોમાં તેમની કંપનીને



ઈન્ટરનેટ સેવાઓ માટે સત્તાવાર લાયસન્સ મળી ચૂક્યું છે અને છેલ્લા પાંચ વર્ષથી ભારત સરકારના તમામ કાયદા તથા નિયમોનું પાલન કરવા માટે પૂરતા પ્રયાસો કરવા છતાં ભારતમાં હજુ સુધી લાયસન્સ કેમ નથી આપવામાં આવ્યું? આ બાબતથી નારાજ થઈને મસ્કે સોશિયલ મીડિયા પર વધુ એક વિવાદાસ્પદ સવાલ ઉઠાવ્યો હતો કે શું અંબાણી ભારતના અસલી બોસ છે? આ અગાઉ પણ તેમણે નામ લીધા વગર કેટલાક ભારતીય ઉદ્યોગપતિઓ પર પોતાની બજાર પ્રભુત્વતા અને મોનોપોલી જાળવી રાખવા માટે સ્ટારલિંકની એન્ટ્રીમાં જાણી જોઈને અડચણો ઊભી કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

મસ્કના આ વિવાદાસ્પદ નિવેદન અને સવાલ બાદ ભારતીય રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિપક્ષી નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મસ્કની આ પોસ્ટ પર કટાક્ષ કરતા લખ્યું હતું કે ભારતમાં આપનું સ્વાગત છે, ઈલોન, અને ત્યાં સુધી રાહ જુઓ જ્યાં સુધી તમે બીજી કોઈ વ્યક્તિને નથી શોધી લેતા. રાહુલ ગાંધીના આ કટાક્ષ પર તરત જ પ્રતિક્રિયા આપતા એલોન મસ્કે તેને સમર્થન આપતા લખ્યું હતું કે આ ખરેખર ખૂબ જ પરેશાન કરનારું છે. દેશના વિપક્ષી દળો લાંબા સમયથી કેન્દ્ર સરકાર પર એવો આરોપ લગાવતા રહ્યા છે કે સરકાર સામાન્ય બજાર સ્પર્ધાને પ્રોત્સાહન આપવાના બદલે માત્ર પસંદગીના અને ગણતરીના જ કદાવર ઉદ્યોગપતિઓને જ વિશેષ છૂટછાટો અને પ્રોત્સાહન આપી રહી છે. મસ્કના આ તાજા નિવેદને આ પુરાણા અને સંવેદનશીલ રાજકીય મુદ્દાને ફરી એકવાર દેશભરમાં જોરશોરથી હવા આપી દીધી છે.

# ઈરાન ઓઈલ વેપાર મામલે મુંબઈની કંપનીઓ પર પ્રતિબંધ

(એજન્સી) વાશિંગ્ટન । તા. 09

વૈશ્વિક રાજકારણ અને આર્થિક મોરચેથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં ઈરાન સાથે પ્રતિબંધો છતાં ગેરકાયદેસર રીતે પેટ્રોલિયમ પેદાશોનો વેપાર કરવા બદલ અમેરિકા દ્વારા મુંબઈની બે જાણીતી કંપનીઓ અને પાંચ ભારતીય નાગરિકો પર કડક પ્રતિબંધો ઝીંકી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ભારતીય કંપનીઓએ ઈરાનથી પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાતમાં સીધી મદદ કરી ઈરાની તંત્ર સુધી લાખો ડૉલર પહોંચાડ્યા હતા, જેના કારણે આ મોટી આંતરરાષ્ટ્રીય કાર્યવાહી કરવામાં આવી છે.

અમેરિકી વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ, મુંબઈ સ્થિત એસ.એસ.પી.એલ. સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ અને સમુદ્ર મરીન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. એસ.એસ.પી.એલ. સોલ્યુશન્સ સાથે જોડાયેલા ધ્વનિ વોરા અને નિસર્ગ વોરા તેમજ સમુદ્ર મરીન સર્વિસીસ સાથે સંકળાયેલા કેતન કોચિકર, ભૂપેન્દ્રસિંહ સાહૂ અને હરિશ્યામ હરિહરન ચુંડાકટ્ટિલ પર યુએસ તંત્રે કડક કાર્યવાહી કરી છે. અમેરિકી સરકારે આ તમામ લોકો અને કંપનીઓના નાણાકીય વ્યવહારો પર તુરંત અસરથી રોક લગાવી દીધી છે, જોકે સમુદ્ર મરીન સર્વિસીસને અગાઉના ચાલુ વ્યવહારો આટોપી લેવા માટે ચોક્કસ મર્યાદિત સમય આપવામાં આવ્યો છે. ટ્રમ્પ પ્રશાસને આ સમગ્ર આક્રમક ઝુંબેશને 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' નામ આપ્યું છે. અમેરિકાનો મુખ્ય દાવો એવો છે કે ઈરાન પ્રતિબંધિત ઓઈલ વેચીને મળતા કરોડો ડૉલરનો ઉપયોગ પશ્ચિમ એશિયામાં પોતાના સૈન્ય ઓપરેશન્સ અને આતંકી સંગઠનોને ફંડિંગ આપવા માટે કરે છે.

# NFR GM એ અલીપુરદુઆર ડિવિઝનનું સલામતી નિરીક્ષણ કર્યું

## કેટલીક જાળવણી અને તાલીમ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું અને એક રમતગમત સંકુલ માટે શિલાન્યાસ કર્યો

(એજન્સી) માલીગાંવ । તા. 09

નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર, શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 7 ઓક્ટોબર, 2026 ના રોજ અલીપુરદુઆર ડિવિઝનનું સલામતી નિરીક્ષણ કર્યું. તેમની સાથે અલીપુરદુઆર ડિવિઝનલ રેલ્વે મેનેજર, શ્રી દેવેન્દ્ર સિંહ અને NFR ના વરિષ્ઠ અધિકારીઓ હતા. મુલાકાતનો હેતુ ઓપરેશનલ સલામતીની સમીક્ષા કરવાનો, જાળવણી માળખાને અપગ્રેડ કરવાનો અને સ્ટાફ તાલીમ સુવિધાઓમાં સુધારો કરવાનો હતો.આ મુલાકાત દરમિયાન, જનરલ મેનેજરે ન્યૂ બોંગાઈગાંવથી અલીપુરદુઆર જંક્શન સુધી વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ કર્યું. તેમણે આ વિભાગમાં ટ્રેક, પુલ, ઓવરહેડ ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશન અને અન્ય રેલ્વે સંપત્તિઓની સ્થિતિનું નજીકથી નિરીક્ષણ કર્યું જેથી તેમની જાળવણીનું મૂલ્યાંકન કરી શકાય





અને સમારકામની જરૂરિયાતો ઓળખી શકાય.અલીપુરદુઆર જંક્શન પર, જનરલ મેનેજરે સ્ટેશન યાર્ડ, કેરેજ અને વેગન ડેપો અને મલ્ટી-ડિસિપ્લિનરી ઝોનલ ટ્રેનિંગ સ્કૂલની મુલાકાત લીધી. તેમણે નવી બનેલી પીટ લાઈન, બાયો-ટોઈલેટ લેબોરેટરી અને કેરેજ અને વેગન મોડેલ કમ સ્ટાફ તાલીમ ખંડનું ઉદ્ઘાટન કર્યું. આ સુવિધાઓ કોચ નિરીક્ષણમાં સુધારો કરશે, બાયો-ટોઈલેટ સિસ્ટમ્સની યોગ્ય જાળવણીને સરળ બનાવશે અને સ્ટાફ માટે વ્યવહારુ તાલીમની સુવિધા આપશે તેવી અપેક્ષા છે. આ સુધારાઓ રોલિંગ સ્ટોકની વિશ્વસનીયતા વધારશે, સ્વચ્છતામાં સુધારો કરશે અને મુસાફરોને વધુ આરામ આપશે.જનરલ મેનેજરે ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ મોડેલ રૂમ, આઈપી એક્સચેન્જ અને એઆઈ-સક્ષમ સ્માર્ટ લર્નિંગ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કર્યું. આ સુવિધાઓ સિગ્નલિંગ સિસ્ટમ્સની સ્ટાફ સમજને વધારશે, સંદેશાવ્યવહાર માળખાને મજબૂત બનાવશે અને ટેકનોલોજી-આધારિત તાલીમને સરળ બનાવશે. તેમણે અલીપુરદુઆર જંક્શન ખાતે બહુ-શાખાકીય રમત સંકુલનો શિલાન્યાસ પણ કર્યો. આ સંકુલ શારીરિક તંદુરસ્તીને પ્રોત્સાહન આપશે, રમતગમતમાં ભાગીદારીને પ્રોત્સાહન આપશે અને રેલ્વે કર્મચારીઓમાં રમતગમતની પ્રતિભાને ઉછેરશે, સાથે સાથે ટીમવર્ક અને શિસ્તને પણ પ્રોત્સાહન આપશે.આ પહેલો સુરક્ષિત, વધુ કાર્યક્ષમ અને મુસાફરો-કેન્દ્રિત રેલ સેવાઓ પૂરી પાડવા માટે માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવા અને તેના કાર્યબળમાં રોકાણ કરવાના એનએફ રેલ્વેના સંકલ્પને દર્શાવે છે.

### વડોદરા ખાતેથી ખેલ મહાકુંભ-૨૦૨૬ના

# રાજ્યવ્યાપી રંગારંગ પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી




(એજન્સી) વડોદરા । તા. 09

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ખેલમહાકુંભ-૨૦૨૬નો વડોદરા થી રંગારંગ પ્રારંભ કરાવ્યો છે. રાજ્યના યુવાનોને રમતગમત પ્રવૃત્તિ તરફ પ્રેરિત કરવામાં ઉદ્દીપક બનેલા ખેલમહાકુંભ નો ભવ્ય પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ અને રમતગમતને પ્રોત્સાહન આપવાના પ્રયાસોથી રાજ્યમાં નવું સ્પોર્ટ્સ કલ્ચર ઉભુ થયું છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તેના ખેલ મહાકુંભ-૨૦૨૫માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શ્રેષ્ઠ શાળાઓમાં પ્રથમ ક્રમે નોલેજ હાઈસ્કુલ નડિયાદ,જિલ્લો ખેડાને રૂપિયા ૫ લાખનો ચેક તથા ટ્રોફી, દ્વિતીય ક્રમે વડોદરાની ઊર્મિ સ્કુલને રૂ. ૩.૦૦ લાખ અને દેવગઢ બારીયા જિલ્લો દાહોદની એસ.આર. હાઈસ્કુલ તૃતીય ક્રમે વિજેતા બનતા રૂ. ૨.૦૦ લાખનો પુરસ્કાર એનાયત કરાયો હતો. શ્રેષ્ઠ જિલ્લાઓમાં મહેસાણા ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન, ખેડા સ્ટેટ રનર્સઅપ અને અમદાવાદ સ્ટેટ સેકન્ડ રનર્સઅપ બન્યા છે. આ સાથે શ્રેષ્ઠ મહાનગરપાલિકાઓની શ્રેણીમાં સુરત મહાનગરપાલિકા ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન, અમદાવાદ મહાનગરપાલિકા સ્ટેટ રનર્સઅપ અને વડોદરા મહાનગરપાલિકા સ્ટેટ સેકન્ડ રનર્સઅપ તરીકે વિજેતા જાહેર થતા ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર જીવનમાં સેવા અને નેતૃત્વનાં ૨૫ ર્ષ પૂર્ણ કર્યા છે. તેમના દિશા દર્શનમાં રમત ગમત ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ, તાલીમ અને પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે અનેક પહેલ કરવામાં આવી છે.ખેલો ઈન્ડિયા અને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ જેવી યોજનાઓના માધ્યમથી ખેલાડીઓને પાયાના સ્તરેથી પ્રતિભા નિખારવાની અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવાની વધુ તકો મળી રહી છે.તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં રમતગમતને લોકચળવળનું સ્વરૂપ આપવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. 'ખેલે તે ખીલે'ના મંત્ર સાથે શરૂ થયેલા આ આયોજનથી રાજ્યના ખેલાડીઓને પોતાની પ્રતિભા દર્શાવવા માટે વિશાળ પ્લેટફોર્મ મળ્યું છે. 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'નો સંકલ્પ આજે રાજ્યના રમતવીરમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કરી રહ્યો છે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,

# ચંડીગઢના વિદ્યાર્થીઓ યુવા સંગમ ફેઝ VII હેઠળ ગુજરાતની સંસ્કૃતિ અને વિકાસ મોડેલ નિહાળશે

(એજન્સી) ચંડીગઢ । તા. 09

ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, વિરાસત, ટેકનોલોજીકલ નવીનતાઓ અને વિકાસ મોડેલનો અનુભવ કરવા માટે ચંડીગઢથી ૪૦ સભ્યોનું પ્રતિનિધિમંડળ ૧૦ થી ૧૬ ઓક્ટોબર દરમિયાન ગુજરાતની




મુલાકાતે આવનાર છે. આ મુલાકાત શિક્ષણ મંત્રાલયના 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ હેઠળની એક ફ્લેગશિપ યુવા આદાન-પ્રદાન પહેલ 'યુવા સંગમ ફેઝ VII' અંતર્ગત યોજાઈ રહી છે. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતને ગુજરાત માટે નોડલ સંસ્થા તરીકે નિયુક્ત કરવામાં આવી છે.વિગતો આપતા, CUG ના કાર્યકારી વાઈસ-ચાન્સેલર પ્રો. અતનુ ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી, લક્ષ્મી વિલાસ પેલેસ, ફતેહસિંઘ મ્યુઝિયમ, સાબરમતી આશ્રમ, અક્ષરધામ મંદિર અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિતના અગ્રણી સ્થળોની મુલાકાત લેશે. આ કાર્યક્રમ વિવિધ કળા સ્વરૂપો, કચરા વ્યવસ્થાપન, ફૂડ પ્રોસેસિંગ, ઓર્ગેનિક હાઉસિંગ અને રમતગમતની પહેલો વિશે પણ જાણકારી પૂરી પાડશે, તેમજ ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે વાર્તાલાપ કરશે. સહભાગીઓ ગુજરાતી પણ શીખશે, પરંપરાગત રમતોનો અનુભવ કરશે અને દૈનિક યોગ સત્રોમાં ભાગ લેશે.ત્યારબાદ પરસ્પર આદાન-પ્રદાનના ભાગરૂપે, ગુજરાતના ૫૦ વિદ્યાર્થીઓ ૨૨ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન પંજાબની મુલાકાતે જશે, જેમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, મોહાલી નોડલ સંસ્થા તરીકે કાર્ય કરશે. આ કાર્યક્રમ માટે આશરે ૫૦૦૦ રજીસ્ટ્રેશન થયા હતા. જેમાંથી નક્કી કરેલી પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પાંચ મુખ્ય થીમ્સ જેમાં પ્રવાસન, પરંપરાઓ, વિકાસ, ટેકનોલોજી અને પીપલ-ટુ-પીપલ કનેક્શન્સ પર આધારિત, યુવા સંગમનો ઉદ્દેશ્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના યુવાનો વચ્ચે રાષ્ટ્રીય એકીકરણ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને પરસ્પર સમજણને મજબૂત કરવાનો છે.આ જાહેરાત પ્રસંગે પ્રોફેસર એચ.બી. પટેલ પ્રભારી રજિસ્ટ્રાર, પ્રોફેસર અતનુ મોહાપાત્રા અધ્યક્ષ, EBSB, ડૉ. સુનિલ શર્મા પી.આર.ઓ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# CM વિજય પહેલી અગ્નિ પરીક્ષામાં પાસ! AIADMK-DMKને મોટો ઝટકો



(એજન્સી) તમિલનાડુ । તા. 09

તમિલનાડુમાં મુખ્યમંત્રીની ખુરશી સંભાળ્યા બાદ બે વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીને મુખ્યમંત્રી સી. જોસેફ વિજય માટે પહેલી કસોટી માનવામાં આવી રહી હતી. શુક્રવારે જ્યારે EVM ખુલ્યા ત્યારે ધારાસપુરમમાં થોડો સમય પાછળ રહ્યા બાદ TVK એ સરસાઈ મેળવી લીધી હતી. પાર્ટીએ ધારાસપુરમ અને મધુરાંતકમ બંને બેઠકો જીતી લીધી છે. આ જીત સાથે TVK એ રાજ્યની અન્ય પાંચ બેઠકોની આગામી ચૂંટણી માટે માનસિક રીતે મજબૂત સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણીઓ બાદ થલપતિ વિજયની આગેવાની હેઠળની TVK એ બંને બેઠકો પર જીત હાંસલ કરી છે. પેટાચૂંટણીમાં AIADMK પાસેથી બે બેઠકો છીનવી લીધા બાદ TVK ના કુલ ધારાસભ્યોની સંખ્યા વધીને 109 થઈ ગઈ છે. તમિલનાડુ વિધાનસભામાં બહુમતીનો આંકડો 118 બેઠકોનો છે. વિજય માટે આ પેટાચૂંટણી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવતી હતી. બંને બેઠકો પર ત્રિપાંખિયા જંગનો TVK ને ફાયદો મળ્યો છે. તમિલનાડુની આ પેટાચૂંટણીના પરિણામો બાદ હવે રાજ્યના રાજકારણમાં ભારે ઉથલપાથલ થવાની શક્યતાઓ વધી ગઈ છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, હવે બાકીની પાંચ ખાલી બેઠકોની પેટાચૂંટણીમાં TVK માનસિક રીતે વધુ મજબૂત બનીને ઉતરશે, તો બીજી તરફ વિપક્ષી દ્રવિડ પાર્ટીઓએ વિજયને ઘેરવા માટે નવા મુદ્દાઓ શોધવા પડશે. જો બાકીની પાંચ બેઠકો પર પણ TVK વિજયપરચમ લહેરાવશે તો, તેના ધારાસભ્યોની સંખ્યા 114 સુધી પહોંચી જશે. ત્યારબાદ તેમની સહયોગી પક્ષો પરની નિર્ભરતા ઘટી જશે, ખાસ કરીને ડાબેરી પક્ષો પર જેઓ સરકારમાં સામેલ નથી. રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે, બંને બેઠકો પર TVK ની જીત બાદ AIADMK માં પૂર્વ સીએમ એડપ્પાદી પલાનીસ્વામી માટે પડકારો વધશે અને તેમની સામે વિરોધના સુરો ફરી ઉઠી શકે છે. હાલમાં તમિલનાડુમાં ડો. અંબુમણિ રામદાસના નેતૃત્વ હેઠળની પટ્ટાળી મક્કલ કાચ્ચી (PMK) AIADMK અને ભાજપ વાળા NDA સાથે છે. ઓક્ટોબર 2026 માં પાર્ટીના ધારાસભ્ય સૌમ્યા અંબુમણિએ સ્પષ્ટ કર્યું છે કે, PMK NDA ગઠબંધનનો હિસ્સો છે, પરંતુ પાર્ટીએ મધુરાંતકમ અને ધારાસપુરમ વિધાનસભા પેટાચૂંટણીમાં તટસ્થ રહીને કોઈ પણ પક્ષને સમર્થન ન આપવાનો નિર્ણય કર્યો હતો.

# અમદાવાદમિલિટરીએન્ડરાઈફલટ્રેનિંગએસોસિએશન દ્વારા મહિલાઓ માટે ગરબા કાર્યક્રમનું આયોજન



અમદાવાદ | અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન (A.M. & R.T.A.), ખાનપુર, અમદાવાદને એ જણાવતા આનંદ થાય છે કે ૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ખાનપુર, અમદાવાદ સ્થિત રાઈફલ ક્લબ ખાતે મહિલાઓ માટે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને નવરાત્રિની પરંપરાગત ભાવનાની ઉજવણી કરવા માટે આ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમે મહિલાઓને એકત્રિત થવાની, પરંપરાગત ગરબા નૃત્યમાં ભાગ લેવાની અને સંગીત, આનંદ તથા પરસ્પર સ્નેહથી ભરેલી સાંજનો આનંદ માણવાની તક પૂરી પાડી હતી.જ્યારે સહભાગીઓએ ગરબા દ્વારા ગુજરાતની જીવંત પરંપરાઓની ઉજવણી કરી ત્યારે સમગ્ર સ્થળ ઉત્સવના માહોલથી ભરાઈ ગયું હતું. આ કાર્યક્રમ સામાજિક સંપર્ક, એકતા અને સામુદાયિક સહભાગિતાને પ્રોત્સાહન આપવાની સાથે સાથે આપણા સાંસ્કૃતિક મૂલ્યોને જાળવી રાખવાના મહત્વને પણ પ્રતિબિંબિત કરતો હતો.અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન માત્ર શૂટિંગની રમતને પ્રોત્સાહન આપવા માટે જ નહીં, પરંતુ લોકોને એકસાથે લાવતી અને સામુદાયિક બંધનોને મજબૂત કરતી સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે પણ પ્રતિબદ્ધ છે.આ કાર્યક્રમના સફળ આયોજનમાં યોગદાન આપનાર અને આ કાર્યક્રમને યાદગાર બનાવવામાં મદદ કરનાર તમામ લોકોનો એસોસિએશન હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# નંદીગ્રામમાં શુભેન્દુ અધિકારીનો 2016નો રેકોર્ડ તૂટ્યો

પશ્ચિમ બંગાળ | પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાની હાઈપ્રોફાઈલ નંદીગ્રામ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર હસીરાની રથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. તેમણે 1,22,753 મતોના જંગી અંતરથી જીત મેળવીને વર્ષ 2016નો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ચૂંટણી પરિણામો મુજબ, ભાજપના હસીરાની રથને કુલ 1,64,427 મત મળ્યા હતા, જે કુલ પડેલા મતોના 75.94% જેટલા છે. જ્યારે બીજા સ્થાને રહેલા કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને માત્ર 41,674 મત મળ્યા હતા. અન્ય પક્ષોમાં CPI ત્રીજા, AISF ચોથા અને ડેમોક્રેટિક ટીએમસી પાંચમા ક્રમે રહ્યા હતા. નંદીગ્રામ બેઠક પર 1967 પછી કોઈપણ ઉમેદવાર માટે જીતનું આ સૌથી મોટું અંતર છે. અગાઉ આ રેકોર્ડ શુભેન્દુ અધિકારીના નામે હતો, જેમણે વર્ષ 2016માં ટીએમસી તરફથી લડતાં 81,230 મતોથી જીત મેળવી હતી. આ વખતે ભાજપના ઉમેદવારે એ જૂનો રેકોર્ડ પણ પાર કરી લીધો છે. વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ ભવાનીપુર બેઠક પરથી મમતા બેનર્જીને 15,000થી વધુ મતોથી હરાવ્યા હતા. ત્યારબાદ તેમણે ભવાનીપુર બેઠક પોતાની પાસે રાખીને નંદીગ્રામ બેઠક છોડતાં અહીં પેટાચૂંટણી યોજાઈ હતી. ટીએમસીના ઉમેદવારે ફોર્મ પાછું ખેંચી લેતાં મમતા બેનર્જીએ આ ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપ્યું હતું.

## 'પોતાના રાજ્યોમાં ન થવા દો પ્રદર્શન...', કેન્દ્ર સરકારે રાજ્યોના DGPને લખ્યો પત્ર

દિલ્હી | દિલ્હીના જંતર-મંતર પર 10 ઑક્ટોબરે CJP તરફથી યોજાનારા પ્રસ્તાવિત પ્રદર્શનને મંજૂરી મળી નથી. દિલ્હી પોલીસે પ્રદર્શનની માંગ ફગાવી દીધી છે. બીજી તરફ, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને 9 ઑક્ટોબરે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ વડાઓને (DGP) પત્ર લખીને કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના નિર્દેશ આપ્યા છે. નવી દિલ્હી જિલ્લાના DCP તરફથી CJPના પદાધિકારીઓને મોકલવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સંગઠને 10 ઑક્ટોબરે સવારે 10 વાગ્યાથી દિવસ પૂરો થાય ત્યાં સુધી જંતર-મંતર પર પ્રદર્શનનો પ્રસ્તાવ મૂક્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, સંગઠન તરફથી મોકલવામાં આવેલો પત્ર નક્કી કરાયેલી પ્રક્રિયા હેઠળ મંજૂરી માટેની અરજી નહોતો. નિયમો મુજબ, જંતર-મંતર પર કોઈ કાર્યક્રમ યોજવા માટે ઓછામાં ઓછા 10 દિવસ પહેલા અરજી કરવી જરૂરી છે.



### ફરાર ઘરઘાટી છત્તીસગઢથી ઝડપાયો

અમદાવાદ | અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે સઘન તપાસ કરીને આ કેસમાં મોટો પર્દાફાશ કર્યો છે. પોલીસે મૂળ રાજસ્થાનના અને હાલ ફરાર ચાલી રહેલા આરોપી જ્યંતીલાલ ઓસ્વાલને છત્તીસગઢમાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે તેની પાસેથી ચોરીમાં ગયેલા રૂપિયા 33,50,000 ની કિંમતના સોના-ચાંદીના દાગીના, રૂપિયા 1,43,000 રોકડા અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 35 લાખનો મુદ્દામાલ સફળતાપૂર્વક કબ્જે કર્યો છે.

સિટી એક્સપ્રેસ
SATURDAY 10 OCTOBER-2026
AHMEDABAD

### ખિસ્સામાં સોનાની લગડીઓ છુપાવી લાવનાર મુસાફરની અટકાયત

અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) એ સોનાની દાણચોરીનો એક મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. દુબઈથી ફ્લાય દુબઈ (Flydubai) ની ફ્લાઈટ નંબર FZ-437 મારફતે અમદાવાદ એરપોર્ટ પર ઉતરેલા એક શંકાસ્પદ મુસાફરને અટકાવીને તપાસ કરવામાં આવી હતી. કસ્ટમ્સ ટીમે સઘન ચેકિંગ હાથ ધરતા મુસાફર પાસેથી ગેરકાયદેસર રીતે લવાતું સોનું જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# SP-SG હાઈવે પર 3 વાગ્યા સુધી પોલીસ તૈનાત રહેશે:નવરાત્રિમાં YMCથી કર્ણાવતીનો રોડ શરૂ થઈ જશે

(એજન્સી) અમદાવાદ | તા.09

નવરાત્રિમાં મોડી રાત્રે પણ ટ્રાફિકની સમસ્યાનો સામનો નાગરિકોને કરવો ન પડે તેના માટે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આયોજન કરાયું છે. સરખેજ ગાંધીનગર હાઈવે અને સરદાર પટેલ રિંગ રોડ પરના તમામ જંકશન પર રાત્રે 3 વાગ્યા સુધી પોલીસ હાજર રહેશે. તમામ ટ્રાફિક પોલીસ કર્મચારીઓની શિફટના સમયમાં પણ બેથી ત્રણ કલાકનો વધારો કરવામાં આવશે, જેથી દિવસે અને રાત્રે શહેરમાં ટ્રાફિકની સમસ્યા રહેશે નહીં. એસ. જી. હાઈવે પર YMCથી કર્ણાવતી ક્લબ તરફના રોડનું કામ તેજ કરવામાં આવ્યું છે. પ્રથમ નવરાત્રિની રાત્રે આ રોડ વાહન-વ્યવહાર માટે શરૂ કરી દેવાશે.

અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ જેસીપી અશ્વિન ચૌહાણએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, નવરાત્રિમાં નાગરિકોને ટ્રાફિક સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે ટ્રાફિક પોલીસ રોડ ઉપર રહેશે. આ ઉપરાંત સ્થાનિક પોલીસની પણ મદદ લેવાશે. સરદાર પટેલ રિંગ રોડ અને એસજી હાઈવે પરના તમામ જંકશન ઉપર અને કેટલાક ટ્રાફિક જંકશન અમે આઈડેન્ટીફાય કરેલા છે, જ્યાં વધુ ટ્રાફિક થશે ત્યાં પોલીસના જવાનો હાજર રહેશે.

ખાસ કરીને રોડ ઉપર જ્યાં વાહન પાર્કિંગ કરવામાં આવશે ત્યાં કાર્યવાહી કરાશે. શહેરમાં રાત્રે 10 વાગ્યા સુધી ભારે વાહન ઉપર પ્રતિબંધ છે, પરંતુ 11 ઓક્ટોબરથી 20 ઓક્ટોબર સુધી અમદાવાદ શહેરમાં ભારે વાહનો ઉપર રાત્રે 10:00 વાગ્યાની જગ્યાએ બે વાગ્યા સુધી પ્રતિબંધ રાખવામાં આવશે, જેથી એસપી રિંગ રોડ અને એસ. જી. હાઈવે સહિતના રોડ ઉપર મોટા ભારે વાહનો જેમકે ડમ્પર, ટ્રકો, મોટી લક્ઝરી બસો વગેરે ઉપર રાત્રે 2 વાગ્યા સુધી પ્રતિબંધ રહેશે. બે વાગ્યા બાદ જ મોટા ભારે વાહનો શહેરમાં પ્રવેશ કરી શકશે.

જ્યાં મોટા કલાકારો અને વધારે પ્રમાણમાં લોકો ગરબા રમવા માટે આવનાર છે, એવા સ્થળો ઉપર પણ ટ્રાફિકજામ ન થાય તેના માટે થઈને પોલીસ રાખવામાં આવશે. ખાસ કરીને એસજી હાઈવે પર વધુ ટ્રાફિક થવાની સંભાવના હોવાના પગલે વાયએમસીએ, કર્ણાવતી ક્લબ, ઉજાલા સર્કલ, વાયએમસીએથી એસપી રિંગ રોડ તરફ જવાનો રોડ, એસપી રિંગ રોડ, ઓગણજ સર્કલ અને વૈષ્ણોદેવી સર્કલ આ તમામ જગ્યાઓ ઉપર મોટા પ્રમાણમાં ગરબા થવાના હોવાથી આ વિસ્તારોમાં મોડી રાત્રે ત્રણ વાગ્યા સુધી પોલીસ હાજર રહેશે.

ખાસ કરીને એસ. જી. હાઈવે ઉપર મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેશે અને ટ્રાફિક રહેશે. હાલમાં બ્રિજની કામગીરી ચાલી રહી છે, ત્યારે વાય. એમ. સી.એ ક્લબથી કર્ણાવતી ક્લબ તરફનો નીચેનો રોડ જે બંધ કરવામાં આવ્યો હતો, તે તાત્કાલિક ધોરણે કોન્ટ્રાક્ટર સાથે રહીને બે દિવસમાં પૂરો કરવા માટે જણાવવામાં આવ્યું છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે પણ પણ આ રૂટની વિઝિટ કરી હતી. બે દિવસમાં 1.5 કિલોમીટરનો રોડ બનીને તૈયાર થઈ જશે, ત્યારબાદ રોડ પ્રથમ નવરાત્રિએ શરૂ કરી દેવામાં આવશે.

### શહેરમાં રાત્રે 2 વાગ્યા સુધી ભારે વાહનો પર પ્રતિબંધ...



# સ્વસ્થ રેલવે કર્મચારીઓ, સ્વચ્છ રેલવે પરિસર અને બહેતર તબીબી સેવાઓની દિશામાં અમદાવાદ મંડળની અસરકારક પહેલ

## રાષ્ટ્રીય પોષણ માસ અને 'સ્વચ્છતા હી સેવા-2026' અંતર્ગત વ્યાપક પ્રવૃત્તિઓનું આયોજન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સપ્ટેમ્બર 2026 દરમિયાન રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો, મુસાફરો અને અન્ય લાભાર્થીઓના સ્વાસ્થ્ય, સ્વચ્છતા તથા જનજાગૃતિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના તબીબી વિભાગે આરોગ્ય તપાસ શિબિરો, જાગૃતિ કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાનો તેમજ મચ્છરજન્ય રોગોના નિવારણ માટે વિશેષ અભિયાન ચલાવીને સ્વાસ્થ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસો કર્યા હતા.



### સ્વાસ્થ્ય જાગૃતિ અને રોગોના નિવારણ પર વિશેષ ભાર

» સપ્ટેમ્બર માસ દરમિયાન રેલવે કોલોનીઓ, સ્ટેશનો, કચેરીઓ, હોસ્પિટલો, સ્વાસ્થ્ય એકમો, વર્કશોપ, રેસ્ટ રૂમ, લોબી અને બેરેકમાં મચ્છરોના પ્રજનન સ્થળોની ઓળખ કરવા તેમજ મેલેરિયા વિરોધી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત ફોગિંગ, લાર્વાનાશક પ્રવૃત્તિઓ તેમજ જાગૃતિ માટેનાં પોસ્ટરો અને પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પાણીની ગુણવત્તાની તપાસ અને સ્વચ્છતા પ્રવૃત્તિઓ માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યાં હતાં અને આ અંગેનો દૈનિક અહેવાલ મુખ્યાલયને મોકલવામાં આવ્યો હતો.

### 20 વેલનેસ શિબિરોમાં 800થી વધુ લાભાર્થીઓએ લીધો ભાગ

અમદાવાદ મંડળમાં સપ્ટેમ્બર માસ દરમિયાન 20થી વધુ વિવિધ હેલ્થ યુનિટમાં વેલનેસ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 800થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. આમાં રેલવે સુરક્ષા દળ (RPF)ના કર્મચારીઓ, લોકોપાયલટ અને સ્ટેશન માસ્ટર સહિતના કર્મચારીઓનો પણ સામેલ હતા. આ ઉપરાંત, વિવિધ સ્ટેશનો અને સ્વાસ્થ્ય એકમોમાં સ્વાસ્થ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સીપીઆર (CPR) તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોનો પણ સમાવેશ થતો હતો. સાબરમતી રેલવે સુરક્ષા દળની પોસ્ટ પર આયોજિત સ્વાસ્થ્ય તપાસ અને સીપીઆર તાલીમ કાર્યક્રમમાં પણ લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

### સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમોમાં 1,000થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો

અમદાવાદ મંડળમાં સપ્ટેમ્બર 2026 દરમિયાન વિવિધ સ્વાસ્થ્ય દિવસો અને જાગૃતિ અભિયાનો અંતર્ગત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. 08 સપ્ટેમ્બરના રોજ મેલેરિયા અને ડેન્ગ્યુ અંગે સ્વાસ્થ્ય શિક્ષણ કાર્યક્રમ, 21 સપ્ટેમ્બરના રોજ વિશ્વ અલ્ઝાઈમર દિવસ, 25 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ તથા 29 સપ્ટેમ્બરના રોજ વિશ્વ હૃદય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ ઉપરાંત, 17થી 30 સપ્ટેમ્બર સુધી 'સ્વચ્છતા હી સેવા-2026' અભિયાન તથા 01થી 30 સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય પોષણ માસ-2026 અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ સ્વાસ્થ્ય દિવસો અને જાગૃતિ અભિયાનોમાં કુલ 1,000થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

### રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત જાગૃતિ પ્રવૃત્તિઓ

સપ્ટેમ્બર માસ દરમિયાન મંડળની તમામ હોસ્પિટલો અને સ્વાસ્થ્ય એકમોમાં રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત સાબરમતી, મહેસાણા, ગાંધીધામ, વિરમગામ, વટવા સહિત વિવિધ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તબીબી અધિકારીઓ અને સ્વાસ્થ્ય કર્મચારીઓએ પોષણ, સંતુલિત આહાર અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ અભિયાન અંતર્ગત કુલ 372 લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

# 10 ઓક્ટોબરના રોજ સાબરમતી અને દિલ્હી વચ્ચે વન-વે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચાલશે

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી અને દિલ્હી વચ્ચે વિશેષ ભાડા સાથે વન-વે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો:* ટ્રેન સંખ્યા 04251 સાબરમતી-દિલ્હી જં. સ્પેશિયલ એક્સપ્રેસ (એક ટ્રીપ), ટ્રેન સંખ્યાર 04251 સાબરમતી-દિલ્હી જં. સ્પેશિયલ એક્સપ્રેસ 10 ઑક્ટોબર, 2026 (શનિવાર)ના રોજ સાબરમતીથી રાત્રે 22:55 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે 17:25 વાગ્યે દિલ્હી પહોંચશે.માર્ગમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, જયપુર, બાંદીકુઈ, અલવર, રેવાડી અને ગુરુગ્રામ સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એસી 2 ટાયર, એસી 3 ટાયર, એસી 3 ટાયર ઈકોનોમી, સ્લીપર શ્રેણી અને સામાન્ય શ્રેણીના કોચ હશે.ટ્રેન સંખ્યા 04251નું બુકિંગ તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સંચાલનના સમય, સ્ટોપેજ અને કોચ સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# શાહીબાગમાં વેપારીના ઘરે ચોરી કરનાર ઘરઘાટી 35 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શાહીબાગમાં 35 લાખથી વધુની ચોરી કરનાર જયંતીલાલ ઉર્ફે વિનોદ ખેતમલ જૈનને ઝડપી પાડ્યો છે. આ રીઢો ચોર કરોડપતિઓના ઘરે નોકર બની, વિશ્વાસ જીતી, ગણતરીના કલાકોમાં જ લાખોની ચોરી કરતો હતો. અગાઉ 7 મોટી ચોરીઓમાં સંડોવાયેલો આ શખ્સ ચોરીના પૈસા મંદિરમાં દાન પણ કરતો હતો. પોલીસે 35.06 લાખનો મુદ્દામાલ કબજે કર્યો. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે માત્ર કરોડપતિઓના ઘરમાં ઘરઘાટી તરીકે નોકરી મેળવીને લાખો રૂપિયાની ચોરી કરતા એક રીઢા ગુનેગારને ઝડપી પાડીને 35 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. શાહીબાગ વિસ્તારમાં રહેતા કાપડના એક વેપારીના ઘરે ગત 29મી ઓગસ્ટે કમલેશ નામનો નોકર ઘરમાં કોઈ ન હોવાની તકનો લાભ ઉઠાવીને તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ લઈને ફરાર થઈ ગયો હતો. જેની તપાસ કરતા આ શખસ અગાઉ સુરતમાં 50 લાખ રૂપિયાથી વધુની 7 જેટલી મોટી ચોરીઓમાં સંડોવાયેલો અને પોલીસથી બચવા છેક નેપાળ બોર્ડર સુધી ભાગી ગયેલો કુખ્યાત જયંતીલાલ ઉર્ફે વિનોદ ખેતમલ જૈન હોવાનું ખૂલ્યું છે. મીઠી અને નમ્ર વાતોથી શેઠિયાઓનો વિશ્વાસ જીતીને નોકરી મળ્યાના ગણતરીના કલાકોમાં જ લાખોનો હાથફેરો કરવામાં માહેર આ ચોર પોતાની ચોરીના રૂપિયામાંથી અમુક હિસ્સો મંદિરમાં દાન આપતો હોવાનું અને અગાઉ વર્ષ 2019માં પાસા હેઠળ જેલની હવા પણ ખાઈ ચૂક્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

### દિવાળી પહેલાં સુરતને મળશે વધુ એક બ્રિજની ભેટ : યોગીચોક-પુણા-મોટા વરાછા વચ્ચે કનેક્ટિવિટી બનશે સરળ

સુરત | સુરતમાં દિવાળી પહેલાં વધુ એક બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાની તૈયારી ચાલી રહી છે. કલાકુંજ મંદિરની ખાડી પર નિર્માણાધીન બ્રિજનું કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવા આરોગ્ય રાજ્ય મંત્રીએ અધિકારીઓને સૂચના આપી છે. ડૉ.કનુભાઈ માવાણી બ્રિજ સાથે આ બ્રિજનું જોડાણ થતાં યોગીચોક અને પુણાથી મોટા વરાછા તરફ અવરજવર વધુ સરળ બનશે. સાથે જ લક્ષ્મણ નગર અને મહાવીર ચોક રોડ પર ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં મદદ મળશે. સુરત શહેરમાં માર્ગ પરિવહનને વધુ સુગમ બનાવવા માટે માળખાગત સુવિધાઓના વિકાસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ દિશામાં કલાકુંજ મંદિરની ખાડી પર નિર્માણાધીન બ્રિજનું કામ દિવાળી પહેલાં પૂર્ણ કરી તેને નાગરિકો માટે ખુલ્લો મૂકવાનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સંબંધિત અધિકારીઓ સાથે સ્થળ પર જઈ બ્રિજની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને બાકી રહેલું કામ ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. આ બ્રિજ ડૉ. કનુભાઈ માવાણી બ્રિજ સાથે જોડાશે. આ જોડાણથી કનેક્ટિવિટી પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનું બાકી રહેલું કામ પૂર્ણ થવાની દિશામાં આગળ વધશે. બ્રિજ શરૂ થતાં યોગીચોક અને પુણા વિસ્તારથી મોટા વરાછા તરફ જતાં વાહનચાલકોને વધુ સરળ અને અનુકૂળ માર્ગ ઉપલબ્ધ થશે. પરિણામે આ વિસ્તારો વચ્ચેની અવરજવરમાં લાગતો સમય ઘટવાની સાથે વાહનવ્યવહાર પણ વધુ સુગમ બનશે.

# શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી:2 વર્ષમાં ત્રણ ગણાં પૈસા કરી આપવાનું કહી 100 જેટલા રોકાણકારો સાથે 1.27 કરોડ પડાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદના નિકોલ વિસ્તારમાં શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્શનમાં ટ્રેડિંગ કરી માસિક 2થી 2.5 ટકાના ઊંચા વળતર તેમજ માત્ર 2 વર્ષમાં રૂપિયા 2થી 3 ગણા કરી આપવાની લાલચ આપીને ઠગે આશરે 100 જેટલા લોકો સાથે કુલ 1.27 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાઈ છે. ડીસીપ્લીન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સંચાલકોએ મોટા રોકાણો કરાવ્યા બાદ આ રકમ પોતાના અન્ય મળતિયાઓના બેંક ખાતામાં સગેવગે કરી લીધી હતી. બાદમાં ટ્રેડિંગમાં રૂપિયા ડૂબી ગયાનું બહાનું ધરીને રાતોરાત હાથ અધ્ધર કરી દેતા ભોગ બનનાર રોકાણકારોએ પોલીસ ફરિયાદ કરી છે.નિકોલમાં રહેતા અને પ્રોપ્રાઈટરશિપમાં પેટા કોન્ટ્રાક્ટર તરીકે કન્સ્ટ્રક્શનનો બિઝનેસ કરતા રજનીકાંત રામાણી અને અન્ય રોકાણકારોને વિરાટ હસમુખ પરમાર અને તેના ભાગીદાર અલ્કેશપુરી ગોસ્વામીએ નિકોલ ખાતે આવેલી તેમની ડીસીપ્લીન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં રોકાણ કરવા લાલચ આપી હતી. આરોપીઓએ રોકાણકારોને શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્શનમાં ટ્રેડિંગ કરી માસિક 2થી 2.5 ટકા જેટલું ઊંચું વળતર આપવાની અને 2 વર્ષમાં રૂપિયા બેથી ત્રણ ગણા કરી આપવાની લાલચ આપી હતી. તેઓના વિશ્વાસમાં આવીને ડિસેમ્બર 2025માં પોતાના અને પોતાની ફર્મના બેંક એકાઉન્ટમાંથી કંપનીના બેંકના એકાઉન્ટમાં કુલ 10 લાખ જમા કરાવ્યા હતા. ફરિયાદી ઉપરાંત તેમના સગા-સંબંધીઓ અને અન્ય આશરે 100 જેટલા લોકોએ પાસેથી કુલ 1.27 કરોડનું રોકાણ કરાવી શરૂઆતમાં આરોપીઓએ રોકાણકારોને થોડું વળતર ચૂકવ્યું હતું, પરંતુ ત્યારબાદ અચાનક વળતર આપવાનું બંધ કરી દીધું હતું.માર્ચ 2026માં જ્યારે ફરિયાદી અને અન્ય રોકાણકારોએ વિરાટ પરમાર અને અલ્કેશપુરીને તેમના નાણાં પરત કરવા દબાણ કર્યું હતું. આ તમામ નાણાં તેઓએ પોતાના અન્ય મળતિયા આરોપીઓ ભાર્ગવ પંડ્યા અને ધર્મેશ ચૌહાણના અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રેડિંગ માટે ટ્રાન્સફર કર્યા હતા. ભાર્ગવ પંડ્યા અને ધર્મેશ ચૌહાણે પણ શરૂઆતમાં વળતર આપ્યા બાદ રોકાણકારોના તમામ રૂપિયા ટ્રેડિંગમાં ગુમાવી દીધા હોવાનું કહીને ફેબ્રુઆરી 2026થી ચૂકવણી બંધ કરી દીધી હતી.

# અમદાવાદમાં નવરાત્રિ-દશેરાને લઈ પોલીસનું જાહેરનામું

## 11થી 21 ઓક્ટોબર સુધી શહેરમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદમાં 11 થી 21 ઑક્ટોબર દરમિયાન નવરાત્રિ અને દશેરા પર્વને લઈ ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. આ સમયગાળામાં રોજ સવારે 8થી રાત્રે 2 વાગ્યા સુધી શહેરમાં ભારે અને 33થી વધુ પેસેન્જર ક્ષમતાવાળા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. નિયમભંગ કરનાર સામે કાર્યવાહી થશે. અમદાવાદ શહેરમાં આગામી 11 ઑક્ટોબરથી 20 ઑક્ટોબર સુધી યોજાનાર નવરાત્રિ મહોત્સવ અને દશેરા પર્વ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા તેમજ માર્ગ અકસ્માતો નિવારવા માટે પોલીસ કમિશનરે ભારે વાહનોના પ્રવેશ પર નિયંત્રણ લાદતું જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ 11/10/2026થી 21/10/2026 સુધી રોજેરોજ સવારે 8 વાગ્યાથી



મોડી રાત્રે 2 વાગ્યા સુધી શહેરમાં ભારે અને નિર્ધારિત ક્ષમતાથી વધુ પેસેન્જર વાહનોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. અગાઉના જાહેરનામા અનુસાર 7500 કિ. ગ્રા.થી વધુ વજન ધરાવતા ગુડ્ઝ વાહનો, પેસેન્જર વાહનો અને ટ્રેક્ટર-ટ્રોલી પર સવારે 8થી રાત્રે 11 વાગ્યા સુધી પ્રતિબંધ હતો, તેમજ 33થી વધુ પેસેન્જર ક્ષમતા ધરાવતી બસો પર સવારે 8થી રાત્રે 10 વાગ્યા સુધી પ્રતિબંધ હતો. જો કે, નવરાત્રિ અને દશેરાના તહેવારોને ધ્યાને રાખી આ પ્રતિબંધનો સમય લંબાવીને રોજેરોજ સવારે 8થી રાત્રે 2 વાગ્યા સુધી કરવામાં આવ્યો છે. જાહેરનામાનો અમલ 21/10/2026ના રોજ રાત્રે 02 વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ અગાઉના નિયમિત જાહેરનામાઓ આપોઆપ અમલમાં આવી જશે. પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા જોઈન્ટ/એડિશનલ સીપીથી લઈને પોલીસ કોન્સ્ટેબલ સુધીના તમામ કર્મચારીઓને જાહેરનામાનો ભંગ કરનારા ચાલકો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવશે.

# કુંજાળ પાસે રીક્ષા ભાડાના ₹30 બાબતે રિક્ષાચાલકને લાફા માર્યાં

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદ જિલ્લાના કણભાના કુંજાળ પાસે રીક્ષાના ભાડા 30 બાબતે ત્રણ શખસોએ ચાલકને લાફા ફટકારીને ભાડું આપવાની ના પાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે રીક્ષા ચાલકે કણભા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ત્રણ શખસ સામે ગુનો નોંધાવ્યો છે. વીડિયો વાયરલ થતા ઓઢવ પોલીસે લાફા મારનાર શખસની ધરપકડ કરી છે. કૂબડથલ ગામના ભાથીપુરામાં રહેતા રાજુભાઈ ચુનારા રિક્ષા ચલાવે છે. 6 ઓક્ટોમ્બરે રાત્રે પોતાની રિક્ષા લઈને સિંગરવાથી કૂબડથલ જઈ રહ્યા હતા. તે દરમિયાન કણભા ગુરુકુળ પાસે ત્રણ અજાણ્યા શખસે હાથ લાંબો કરી રિક્ષા રોકાવી હતી અને કુજાડ ગામ જવાનું કહ્યું હતું. જેથી રિક્ષાચાલકે ત્રણેય શખસને બેસાડી કુજાડ ગામ ગણેશકાટા પાસે પહોંચ્યા હતા. ત્રણેય શખસોએ રિક્ષા ઊભી રખાવી હતી. રિક્ષામાંથી નીચે ઉતર્યાં બાદ રાજુભાઈએ તેમનું ભાડું 30 માગતા ત્રણેય શખસોએ અમારી પાસે પૈસા નથી તેમ કહ્યું હતું. જ્યારે રિક્ષાચાલકે ભાડું તો આપવું પડશે જણાવતાં જ આ ત્રણેએ ઉશ્કેરાઈને ગાળો બોલી રાજુભાઈને 4થી 5 લાફા મારી દીધા હતા. હુમલો કર્યા બાદ જતા-જતા આરોપીઓએ ફરીવાર ભાડું માગીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપીને નાસી ગયા હતા. આ અંગે રિક્ષાચાલકે પોતાના પરિવારજનો સાથે ચર્ચા કર્યા બાદ કણભા પોલીસ સ્ટેશનમાં ત્રણેય અજાણ્યા શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જ્યારે સમગ્ર વીડિયો વાયરલ થતા ઓઢવ પોલીસે એક આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદમાં ઈન્ફ્લુએન્સર BFનો એક્સ GF પર દંડાથી હુમલો : પીડિતાએ કહ્યું-મોડેલિંગ એકેડેમીમાં યુવતીઓને ફસાવી શોષણ કરે છે, એક છોકરી પાસેથી 5 લાખ પડાવી જેગુઆર લીધી

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદ વસ્ત્રાલ વિસ્તારમાં સંબંધોની તકરાર અને પોલીસ અરજીની અદાવતમાં એક યુવતી પર લાકડાના દંડા વડે જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ઈન્ફ્લુએન્સર પૂર્વ બોયફ્રેન્ડે સાગરીત સાથે મળીને 1 ઓક્ટોબરે મોડી રાતે હુમલો કર્યો હતો. ગોતા ખાતે પ્રોડક્શન હાઉસ ધરાવતી 33 વર્ષીય યુવતીએ રામોલ પોલીસ સ્ટેશનમાં કિશુ ચાવલા અને સાગર નારાણીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પીડિતાએ કહ્યું હતું કે, કિશુ મોડેલિંગ એકેડેમીમાં યુવતીઓને ફસાવીને શોષણ કરે છે. તો એક છોકરી પાસેથી તેને 5 લાખ પડાવીને જેગુઆર પણ ખરીદી છે.

આરોપી કિશુ ચાવલા ઓઢવ તક્ષશિલા રોડ પર રહે છે અને CG રોડ અને વસ્ત્રાલ વેદ આર્કેડ મોલમાં મોડેલિંગ એકેડમી ચલાવે છે. કિશુ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે અને તેના 1 લાખથી વધુ ફોલોઅર્સ છે. તેમજ સોશિયલ મીડિયા પર વીઆઈપી એન્ટ્રી કરતા વીડિયો પણ છે.

યુવતી અને વસ્ત્રાલમાં મોડેલિંગની ઓફિસ ધરાવતો કિશુ ભવરલાલ ચાવલા અગાઉ પાંચેક વર્ષ સુધી રિલેશનશિપમાં સાથે રહેતા હતા અને દોઢ વર્ષ અગાઉ અલગ થઈ ગયા હતા. ત્યારબાદ કિશુ ચાવલા અન્ય યુવતીઓ સાથે પણ સંબંધમાં આવ્યો હતો. જેથી ગત 1 ઓક્ટોબરે કિશુ ચાવલાએ યુવતીને ફોન કરીને તેની અન્ય મહિલા મિત્રોને ન મળવા માટે દબાણ કર્યું હતું. જોકે, યુવતીએ મિત્રોને મળવાની ના પાડતાં બોલાચાલી થઈ હતી. કિશુની અવારનવાર અલગ-અલગ છોકરીઓ સાથેના સંબંધોની બાબતે ત્રણેય યુવતીઓએ ભેગા મળી રામોલ પોલીસ સ્ટેશન પહોંચી કિશુ ચાવલા, સાગર નારાણીયા અને તુષાર નંદગીરી વિરુદ્ધ પોલીસ અરજી આપી હતી. જેથી પોલીસ સ્ટેશનમાં અરજી આપીને ત્રણેય યુવતીઓ છૂટી પડી રહી હતી.

ત્યારે યુવતી પોતાની મિત્રને મોડી રાતે વસ્ત્રાલ ખાતે આવેલી નૈયા પેરેડાઈઝ સોસાયટીના ગેટ પાસે મૂકવા ગયા ત્યારે ત્યાં અગાઉથી જ હાજર સાગર નારાણીયા અને કિશુ ચાવલાએ તેમને ઘેરી લીધા હતા. સાગરે ઉશ્કેરાઈને તમે લોકો અમારા વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા કેમ ગયા હતા, તેમ કહી ગાળો આપી યુવતી પર ગડદાપાટુનો માર માર્યો હતો અને નજીકમાંથી લાકડાનો દંડો લાવી ડાબા હાથે ખભા પર તથા પગના ભાગે મારી દીધો હતો.

હુમલા દરમિયાન કિશુ ચાવલાએ પણ યુવતીને ધમકી આપી હતી કે હવે પછી આ લોકો સાથે મિત્રતા રાખીશ તો તને જાનથી મારી નાખીશ. યુવતીએ બૂમાબૂમ કરતાં આજુબાજુમાંથી લોકો ભેગા થઈ જતાં બંને આરોપીઓ ભાગી છૂટ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્ત યુવતીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ અંગે રામોલ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

યુવતીએ જણાવ્યું હતું કે, રાત્રે આશરે 1.30 વાગ્યે મારા પર તલવાર અને દંડાથી હુમલો થયો હતો, જેમાં હુમલો કરવા માટે બે વ્યક્તિ આવ્યા હતા. પરંતુ આ હુમલો કરાવનાર મુખ્ય કિશુ ચાવલા છે, જે 'CLM મોડેલિંગ એકેડેમી' ચલાવે છે. તે બહુ બધી છોકરીઓને ફસાવીને શોષણ કરે છે અને એમના પૈસા લઈને નવી નવી એકેડેમીઓ ચાલુ કરે છે. બીજી છોકરીઓ એટલા માટે આગળ નથી આવી શકતી કારણ કે તે પોતાની પ્રોફાઈલ બતાવીને કહે છે કે 'તમે મોદી સુધી પણ કોન્ટેક્ટ કરી લો છતાંય હું છૂટી જઈશ કારણ કે મારી પાસે બહુ પૈસા છે', જે તદ્દન ખોટી વાત છે.

'તે કહે છે કે તે મારા પર કેસ કર્યો છે તો હું જેલમાંથી બહાર આવીને તને મારી નાખીશ.' તે પોતે સામે નથી આવતો પણ જેઓ અગાઉથી મર્ડર, કેસ કે ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છોકરાઓ પાસે હુમલો કરાવે છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...